પડોશી દેશ અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન આવી ગયા બાદ તેમજ પાકિસ્તાન અને ચીનના ખતરનાક વલણને ધ્યાનમાં લઈઅને ભારત હવે સંપૂર્ણ એલર્ટ ૨૪ કલાક રહે તે જરૂરી છે. કારણ કે તાલિબાની લોકોએ એકબાજુ કાશ્મીરમાં મુસ્લિમનો અવાજ ઉઠાવવાની વાત કરવાની શરૂઆત કરી દીધી છે. સાથે સાથે તાલિબાનને પાકિસ્તાન અને ચીનનો ટેકો પણ મળી ગયો છે. આવી સ્થિતીમાં ભારત તેની લશ્કરી તાકાતને અનેક ગણી વધારી દુશ્મનોને જવાબ આપવાની સ્થિતીમાં હમેંશા રહે તે જરૂરી છે. આધુનિક સમયમાં ચીન સહિતના તમામ પડોશી દેશો અને વિશ્વના શક્તિશાળી દેશો પોતાની સેના તરફ વધારે ધ્યાન આપી રહ્યા છે. જવાનોને તમામ પ્રકારની નવી નવી ટેકનોલોજી અને હથિયારોથી વાકેફ કરી રહ્યા છે. આ ઉપરાંત સેનાના જવાનોને તમામ જરૂરી સંશાધનો અને હથિયારો યુદ્ધના ધોરણે આપવામાં આવી રહ્યા છે. આવી સ્થિતીમાં ભારતીય સેનાને પણ વર્તમાન સંજોગોને ધ્યાનમાં લઈને તમામ પ્રકારના હથિયારો અને જરૂરી સંશાધન સાથે સજ્જ કરવામાં આવે તે તાકીદની જરૂરીયાત છે. ભારત વૈશ્વિક શક્તિ તરીકે ઉભરી રહ્યુ છે. પરંતુ ત્રાસવાદ અને સુરક્ષાના મામલે અપેક્ષા કરતા ઓછા પગલા ભારત દ્વારા લેવામાં આવી રહ્યા છે. સર્જિકલ હુમલા બાદ ભારતીય જવાનોનો આત્મવિશ્વાસ ચરમસીમા પર છે. સાથે સાથે ભારતીય તાકાતની તમામે નોંધ પણ લીધી છે. આવી સ્થિતીમાં સાહસી ભારતીય જવાનોને તમામ રીતે સંશાધનોથી સજ્જ હમેંશા રાખવામાં આવે તે જરૂરી છે. હાલમાં ડોકલામ વિવાદ સપાટી પર આવ્યા બાદ ચીને વારંવાર યુદ્ધની ધમકી આપી હતી. જો કે અંતે ચીનની પીછેહટ થઇ હતી. પરંતુ ચીન અને પાકિસ્તાનના તમામ દાવપેચને ધ્યાનમાં લઇને ભારતને તેની ક્ષમતામાં સતત વધારો કરવાની જરૂર છે. મુંબઇ ત્રાસવાદી હુમલા, પઠાણકોટ ત્રાસવાદી હુમલા, ઉરી ત્રાસવાદી હુમલા, ગુરદાસપુર જિલ્લમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય પોલીસ અને અન્ય સુરક્ષા જવાનોને આધુનિક બનાવવા માટેનો મામલો ફરી એકવાર સપાટી પર આવ્યો છે. ત્રાસવાદી હુમલાની સાથે સાથે સહદ પર હમેંશા જટિલ સ્થિતી રહે છે. આવી સ્થિતીમાં વધારે પ્રાથમિકતાની સાથે સુરક્ષા પર આગળ વધવાની જરૂર છે. આજે જ્યારે વિશ્વભરમાં સક્રિય થયેલા ત્રાસવાદી સંગઠનો અને અપરાધીઓ જુદી જુદી અને અતિ આધુનિક ટેકનોલોજી અપનાવી રહ્યા છે ત્યારે ભારતીય સુરક્ષા જવાનો પાસે હજુ પણ આધુનિક હથિયારોનો સતત અભાવ નજરે પડે છે. વારંવાર પોલીસ અને સુરક્ષા જવાનો તેમજ સેનાને આધુનિક બનાવવા માટેની વાત કરવામાં આવે છે. સુરક્ષા સાથે કોઇ બાંધછોડ નહી કરવાની વાત પણ કરવામાં આવે છે પરંતુ આ દિશામાં નક્કર પગલા એક નિશ્ચિત સમયગાળામાં કેમ લેવાતા નથી તે પ્રશ્ન છે. ત્રાસવાદીઓ અને ગુનેગારો સામે જીવ સટોસટનો જંગ ખેલનાર ભારતીય સેનાના જવાનો અને પોલીસ જવાનોને તાત્કાલિક રીતે નવી ટેકનોલોજીના તમામ હથિયાર અને સાધનો આપવાની જરૂર છે. સુરક્ષા દેશના સન્માન સાથે જોડાયેલા મુખ્ય મામલા પૈકી એક છે જેથી તેની સાથે બાંધછોડ કરવી યોગ્ય નથી. સાથે સાથે આમાં વિલંબ કરવાની બાબત યોગ્ય નથી. ઓછા સંશાધનો હોવા છતાં ભારતીય જવાનો અને પોલીસ જવાનો દુશ્મના દાંત ખાટા કરવા સક્ષમ છે. આવી સ્થિતીમાં જો તેમની પાસે પોતાના રક્ષણના સાધનો વધારે રહેશે તો ત્રાસવાદીઓને વધારે ખુલ્લી રીતે પડકાર ફેંકી શકશે અને તેમને વધારે નુકસાન કરતા પહેલા જ મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાને સુરક્ષા અમે આપી રહ્યા છીએ પરંતુ પોતાની સુરક્ષાની જ અમને ચિંતા નથી. આજે વિદેશી જવાન મેડ ઈન ઈન્ડિયા બુલેટ પ્રુફ જેકેટ પહેરી રહ્યા છે ત્યારે અમારા જવાનો પાસે આની સંખ્યા અપુરતી છે. પંજાબમાં હુમલો કરવામાં આવ્યો ત્યારે તેનો અંત લાવવા માટે જે ટીમ મેદાનમાં ઉતારવામાં આવી હતી તે પંજાબ પોલીસની સ્પેશિયલ વેપન્સ એન્ડ ટેક્ટિક્સ યુનિટ (સ્વાત)ના જવાન બુલેટ પ્રુફમાં સજ્જ રહ્યા નથી. બલજીત સિંહ વગર હેલ્મેટ અને આર્મર જેકેટ પહેર્યા વગર ત્રાસવાદીઓ સામે જંગ લડી રહ્યા હતા અને અંતે ભારે સાહસ દર્શાવ્યા બાદ શહીદ થયા હતા. ૨૦૦૧માં સંસદ પર હુમલો અને ૨૦૦૮માં મુંબઈમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ પોલીસ અને સુરક્ષા દળોને આધુનિક બનાવવા માટે ઝડપથી કેટલીક જાહેરાતો કરવામાં આવી હતી. કેટલાક કામ થયા પણ હતા પરંતુ આ દિશામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે. શરૂઆતમાં કેટલાક કામ થયા તો છે પરંતુ પ્રયાસો સંપૂર્ણ સફળ રહ્યા નથી. જ્યારે સૌથી હેરાન કરનાર બાબત એ છે કે બુલેટ પ્રુફ જેકેટ અને અન્ય સુરક્ષા કવચના મામલે આજે પણ મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ વિશ્વમાં નંબર વન છે.



## ત્રાસવાદ પર અંકુશ કઈ રીતે?

- ત્રાસવાદ પર અંકુશ મુકવા માટે તમામ વિકલ્પનો એક સાથે ઉપયોગ જરૂરી છે
- આધુનિક તૈયારી સાથે કઠોર નિતી અપનાવવી પડશે
- પુરતા પ્રમાણમાં બજેટ, હથિયારોની ફાળવણી કરવી પડશે
- ત્રાસવાદી સંગઠનો પ્રત્યે યુવાનો કેમ આકર્ષિત થઇ રહ્યા છે તેના તરફ ધ્યાન આપવાની જરૂર છે
- સરકારની સાથે સાથે તમામ સામાન્ય લોકોને પણ પોતાની ફરજ અદા કરીને સુરક્ષા સંસ્થાઓની મદદ કરવી જોઈએ
- સામાન્ય લોકોને પોતાની આસપાસ થઇ રહેલી ગતિવિધી પર ખાસ નજર રાખવી જોઈએ
- કોઇ શંકાસ્પદ ગતિવિધી પોતાની આસપાસ દેખાય તો પોલીસને જાણ કરવી જોઈએ
- સોશિયલ મિડિયા પર ખાસ ધ્યાન જરૂરી છે
- ટેટર ફંડિગ પર બ્રેક મુકવા માટે જુદા જુદા પગલા લેવાની તાકીદની જરૂર

**ત્રાસવાદીઓ અને દુશ્મન દેશોને કોઈ પણ સમય કોઈ પણ જગ્યા પર જડબાતોડ જવાબ આપવા પુરતી તાકાત વધારવાની તાકીદની જરૂર**



જૈન ધર્મના પર્વાધિરાજપર્વ પર્યુષણ પર્વના ત્રીજા દિવસે વડાલી નગરમાં આવેલ અમીઝરા પાર્શ્વનાથ જૈન દેરાસરમાં દાદાને સુંદર ઓગી કરવામાં આવી હતી. નગરજનોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. (તસ્વીર : દિવ્યેશ ભાવસાર - વડાલી)

# ચોથો દિવસઃ કલ્પસૂત્ર- શ્રવણ

ફૂલોમાં જે સ્થાન કમળનું છે, હંસોમાં જે સ્થાન રાજહંસનું છે, નક્ષત્રોમાં જે સ્થાન ચંદ્રનું છે, ઋતુઓમાં જે સ્થાન વસંતનું છે અને નાદમાં જે સ્થાન અષાઢી -વાદળના ગર્જન-નાદનું છે, આગમોમાં એવું જ, એથીજ વધુ સ્થાન શ્રી કલ્પસૂત્રનું છે.



કલ્પ એટલે આચાર ! જેમાં સાધુઓના આચારનું નિરૂપણ હોય, એ સૂત્ર, કલ્પસૂત્ર ! આગમોના વિરાટ- આકાશમાં જેનું સ્થાન સૂર્ય-ચન્દ્રનું છે, એ કલ્પસૂત્રનું વાચન પર્યુષણના ચોથા દિવસથી આરંભાતા ધર્મ સભાનું આયોજન સવારને બપોર એમ બે વખત થાય છે. અને પાંચ દિવસમાં, નવ પ્રવચનો દ્વારા કલ્પસૂત્રનું વિરાટ- વાંચન પૂર્ણ થાય છે. પર્વાધિરાજની મહત્વભરી કાર્યવાહી ચોથા દિવસથી જ શરુ થાય છે.

ભગવાન ભદ્રબાહુ સ્વામીના ચરણે શ્રમણને શ્રમણી, શ્રાવકને શ્રાવિકા એમ ચતુર્ભેટો રચાતા શરૂઆતમાં સાધુઓના આચારનું નિરૂપણ કરતું કલ્પસૂત્ર આ પછી જેમના શાસનતીર્થને આરે પ્રત્યેક જૈન ધર્મનું સ્નાન-પાન કરી રહ્યો છે, એ ભગવાન શ્રી મહાવીરનું જીવન-કવન ખૂબ જ રમ્ય ને રોમાંચ જન્માવે એવી શૈલીને શબ્દો વર્ણવે છે.

જગમાતા ત્રિશાલાને મધરાતે અર્ધ-જાગૃતને અર્ધ-નીંદ્ર અવસ્થામાં જે ૧૪ સ્વપ્નો આવ્યા, એના વર્ણન પછી જ્યોતિષશાસ્ત્રોને આવરી લેતું પ્રવચન આગળ વધે છે.

શ્રોતા સાહિત્યકાર કે જયોતિષ-પ્રેમી હોય, તો એની આંખ આગળ ભદ્રબાહુસ્વામીજી સાહિત્યને જયોતિષના અજોડ જ્ઞાતા તરીકે ખડા થાય છે. ભગવનશ્રી મહાવીરના પૂર્વભાવોનું વર્ણન સાંભળતા કર્મરાજની એ આતંકીસત્તા અને અદલનો એનો ન્યાય દરેકની આંખ સામે તરવરે છે.

**- જૈન મુનિ મહાહંસ વિજયજી મહારાજ સાહેબ**

# આપણી જૈવિક ઘડિયાળ કેમ બગડી ?

ખરાબ જીવનશેલી અથવા તો લાઈફસ્ટાઈલના કારણે અમારી જૈવિક ઘડિયાળ અથવા તો બાયોલોજિકલ ક્લોક બગડી રહી છે. ખરાબ ટેવને બદલીને આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી અનેક પ્રકારની સમસ્યાઓ આવે છે જેમાં માનસિક સમસ્યા, સ્થુળતા, ઓછી ઉંઘ, ડાયાબિટીસ અને કેન્સર જેવી તકલીફનો સમાવેશ થાય છે. જાણકાર લોકો કહે છે કે જે બિમારી થાય છે તેના કારણે વધારે સમસ્યા ઉભી થાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી જે સમસ્યા થાય છે તેની વાત કરવામાં આવે તો તો સૌથી મોટી સમસ્યા ડાયાબિટીસની છે. મોડી રાત્રે ભોજન કરવાની સ્થિતીમાં આને પચાવવા માટે પોનાક્રિયાઝ એન્જાઈમનુ સ્રાવ કરે છે. આવુ સામાન્ય રીતે વારંવાર કરવાની સ્થિતીમાં ડાયાબિટીસની આશંકા વધી જાય છે. જો પહેલાથી જ ડાયાબિટીસ રોગી છે તો બ્લડ શુગરમાં ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. આવી જ રીતે બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી કેન્સર જેવા જીવલેણ રોગ થવાનો પણ ખતરો રહે છે. લાંબા સમય સુધી જૈવિક ઘડિયાળની વિરુદ્ધ ચાલવાથી શરીરમાં કેટલાક પ્રકારના હાર્મોન્સના સ્રાવ અનિયંત્રિત થાય છે. લાંબા સમય સુધી અસંતુલનના કારણે પણ જીન્સમાં બદલાવ થાય છે. જેના કારણે કેન્સર રોગને આમંત્રણ મળે છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ભોજન કરવાની ટેવથી શરીર પૂર્ણ રીતે ભોજનને પચાવી લેવાની સ્થિતીમાં રહેતુ નથી. જેથી તે શરીરમાં ચર્બી તરીકે જમા થવા લાગે છે. જેથી શરીરમાં સ્થુળતાનુ પ્રમાણ વધવા લાગી જાય છે.



માનસિક સમસ્યા પણ થાય છે. એકાગ્રતા ઘટવા લાગી જાય છે. ભુલવા અને ગુંચવણ જેવી સમસ્યા થાય છે. આના કારણે ઉંઘ ન આવવાની સમસ્યા થાય છે. આના કારણે યાદશક્તિ પર માઠી અસર થાય છે. શરીરના બાયલોજિકલ ક્લોકની સામે કામ કરવાના કારણે પાચન ક્રિયા બગડી જાય છે. આ જ કારણ છે કે મોડી રાત્રે ભોજન કરનાર વ્યક્તિને એસિડીટી જેવી સમસ્યા ઉભી થાય છે. ખરાબ લાઈફસ્ટાઈલને દુર કરીને તેને પાટા પર લાવી શકાય છે. ચાર પગલા જો લેવામાં આવે તો લાઈફસ્ટાઈલને પાટા પર લાવી શકાય છે. રાત્રે રોજ આઠ કલાકની ઉંઘ માણવામાં આવે તે જરૂરી છે. બાળકોને ૧૦ અને મોટી વયના લોકો સાત કલાક સુધી નીંદ લે તે જરૂરી છે. સામયસાર ભોજનની પણ લાઈફસ્ટાઈલને પાટા પર લાવવામાં ભૂમિકા છે. ઉઠી ગયા બાદ બે કલાક પછી પૌષ્ટિક ભોજન લેવામાં આવે તે જરૂરી છે. સવારમાં નાસ્તો કરવાની જરૂર હોય છે. બપોર પહેલા ફળ લેવાની જરૂર હોય છે. બપોરમાં ૧૨થી એક વાગે વચ્ચે લંચ લેવાની જરૂર હોય છે. સાંજે ચાર-૫ વાગે વચ્ચે હળવો ભોજન કરવાની જરૂર હોય છે. રાત્રે આઠ વાગ્યા સુધી ડિનર કરી લેવા નિષ્ણાંતો સલાહ આપે છે. શરીરના વજન મુજબ ભરપુર પ્રમાણમાં પાણી પીવાની જરૂર હોય છે. પ્રતિ ૨૦ કિલોગ્રામ વજન પર એક લીટર પાણીની જરૂર હોય છે. એક વખતમાં એક ગ્લાસ જ પાણી પિવામાં આવે તે જરૂર છે. કોઇ રોગ છે તો તબીબના કહેવા મુજબ પાણીનો ઉપયોગ કરવાની જરૂર હોય છે. એક સ્વસ્થ વ્યક્તિને રોજ ૪૫-૬૦ મિનિટ સુધી વ્યાયામ કરવાની જરૂર હોય છે.

**બાયોલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી માનસિક સમસ્યા, સ્થુળતા, કેન્સર ડાયાબિટીસ સહિતની પરેશાની આવી શકે છે**

# જે સૂત્રમાં આચારની ગુંથણી કરવામાં આવી છે તેવું સૂત્રતે કલ્પસૂત્ર



પ્રવચનકાર જૈનાચાર્ય પૂ.આ.દેવ. રાજયશસૂરિશ્વરજી મહારાજા જૈનધર્મએ પ્રધાન ધર્મ છે. જેમનો આચાર સંનિષ્ઠ અને સુંદર હોય તેના વિચારો પણ સુંદર હોય. અને જેમના વિચારો સુંદર હોય તેમનું આચરણ પણ સુંદર જ હોય છે. જેમનું આચરણ સુંદર હોય તે સંઘ-સમાજ અને વિશ્વમાં માન-સન્માન અને પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરે છે. જૈનાચાર્ય સંતમનીષી પ્રતિભાસંપન્ન પૂ.આ.દેવ.રાજયશસૂરિશ્વરજી મહારાજાએ શ્રી પ્રેરણાતીર્થ જૈન સંઘમાં પર્યુષણ પર્વના ચોથા દિવસે વ્યક્ત કરતાં જણાવ્યું કે જીવનને આચારમય બનાવવા માટે જ આજતી કલ્પસૂત્રનું વ્યાખ્યાન શરુ થશે. ૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી મહારાજએ પ્રત્યાખ્યાન પ્રવાદ નામના નવમાં પૂર્વમાંથી ઉદ્ઘૃત કરીને દશાશ્રુત સ્કંઘના આઠમા અધ્યયન તરીકે પ્રગટ કર્યું છે. આ સૂત્ર-કલ્પસૂત્રની ગણત્રી છેદસૂત્ર તરીકે ગણાય છે. આ છેદ સૂત્રનું વાચંન માત્ર સાધુ-સાધ્વીજી મ.સા.પૂરતું જ હતું. પણ આનંદનગરના ધ્રુવસેન રાજાના પુત્રનું મૃત્યું થયું. રાજા શોકાતુર છે. તેના શોકને નિવારવા માટે જીવનમાં મંગલ-કલ્યાણમયતા ફેલાવવા માટે શ્રાવકો સમક્ષ કલ્પસૂત્ર વાંચવામાં આવ્યું. ત્યારથી આ રિવાજ ચાલ્યો આવે છે. શ્રી સંઘ સમક્ષ કલ્પસૂત્રનું વાંચન થાય છે. પણ આ કલ્પસૂત્ર એટલે શું ચોથો જિજ્ઞાસુ બનીને પ્રશ્ન પૂછો તો જવાબ જરુર મળે. 'કલ્પ=આચાર' જે સૂત્રમાં આચારની ગુંથણી કરવામાં આવી છે. તેવું સૂત્રતે કલ્પસૂત્ર. આ કલ્પસૂત્રના પ્રવચનો હોય છે. પ્રવચનના વિષયો ૩ વિભાગમાં વહેંચાયેલા છે. (૧) ૨૪ તીર્થકરોના ચરિત્ર (૨) ગુરુભગવંતોની પાટ પરંપરા (સ્થવિરાવલી) (૩) સાધુ સામાચારી. કલ્પસૂત્રના પ્રારંભમાં સાધુના ૧૦ પ્રકારના આચારો બતાવ્યા છે. તેનું વિવેચન સુબોધઈકા ટીકા દ્વારા વિનય વિજયજી મહારાજે સુંદર શૈલીમાં કર્યું છે. શ્રાવક જો સાધુના આચારને જાણે અને સમજે તો તે સાધુ ભગવંતોની સુંદર રીતે ભક્તિ કરી શકે. આ આચારોનું પાલન કરવાનું વિધાન પ્રથમં અને અંતિમ તીર્થંકરોને અનુલક્ષીને અને બાવીશ તીર્થંકરોને ઉદ્દેશીને આચારોમાં તરમતા બતાવી છે. સાધુ ભગવંતોને વસ્ત્ર-આહારપાણી-વસતિ-વંદન વ્યવહાર-પ્રતિક્રમણ-સાધુઓનો પરસ્પર નાના મોટાનો વ્યવહાર- સ્થિતિ (વસવાટ) અને વિહાર આદિના સર્વ આચારીની મર્યાદા આ કલ્પસૂત્રમાં દર્શાવી છે.

પૂજ્યશ્રીએ જણાવ્યું કે સુંદર આચાર જો મુંગો ઉપદેશ છે. પ્રવચનથી પુણ્યાત્માઓ જીવન પરિવર્તન કરે છે. તેનાથી પણ અધિક અસર સુંદર આચારોથી થાય છે. જૈન સાધુ-સાધ્વીજી ભગવંતો ગ્રામાનુંગ્રામ વિચરતા હોય છે. તેમની ખૂલ્લા પગની પદયાત્રા..પોતાનો સામાન પોતાના ખભા ઉપર ઉંચકીને ચાલતા હોય..ચાલતાં-ચાલતાં નીચે નયને જીવદયાખાલનની તમન્ના..હોય છે લોકો બે હાથ જોડીને કહેતા હોય.પ્રણામ.. ધન્ય છે. તમે જૈન સાધુઓ કેટલું કષ્ટ ઉઠાવો છો ? પૈસા-ધન વગર તમે કેવી રીતે જીવન ચલાવો છો ? તમારું ખાવાનું-પીવાનું કયાંથી લાવો છો ? આવા અનેક પ્રશ્નો દ્વારા તેમની આંખોમાં સાધુના સુંદર આચારોની પ્રતિષ્ઠાના આશ્ચર્યકારી દર્શન થાય છે. સાધુની વાત તો આશ્ચર્ય ઉપજાવે પણ જૈનશ્રાવકોના જૈનત્વના દ્રઢ આચારોએ હિન્દુસ્તાનની પ્રાયઃ ઘણી હોટેલોમાં 'જૈન ડીસ'ની વ્યવસ્થા કરવા માંડી છે. સ્કુલ-કોલેજના અભ્યાસીઓની હોસ્ટેલોમાં પણ 'જૈન ભોજન'ની વ્યવસ્થા કરવી પડે છે. જૈનાચારની મજબૂતાઈ સામે દુનિયાને ઝૂંકવું જ પડયું છે. કોઈએ કહ્યું છે કે 'દૂનિયા ઝૂકતી હૈ ઝુકાને વાલે ચાહિએ' માટે જ સમસ્ત જૈનોએ જિનશાસનનું આચાર ચક્રને દેશ-વિદેશમાં ચલાવવું જરુરી છે. વિશ્વની કોઈપણ વ્યક્તિ. ભલે પોતે ગમે તેવા આચારમાં પ્રવર્તમાન હોય પણ તે વ્યક્તિ સુંદર આચારવાન વ્યક્તિને જ ચાહશે. ધંધામાં હજારોને ખાડામાં ઉતારનાર પોતાની આવશ્યક સામગ્રી ખરીદવા માટે પ્રામાણિક - ન્યાય સંપન્ન-નીતિ મત્તાયુક્ત વ્યક્તિની જ દુકાન શોધશે. માટે વિશ્વ પણ સુંદર આચારવાનને જ ચાહે છે. પ્રત્યેક વ્યક્તિ દુનિયાને જોવાનું ભૂલી પોતાની જાતને આચાર સંપન્ન બનાવતી જાય તો દુનિયા સુંદર આચારવાનોની બની જાય. બધાં જ આચારમય હોય તો વિશ્વનું બેલેન્સ જળવાય રહે.

**રાજા શોકાતુર છે. તેના શોકને નિવારવા માટે જીવનમાં મંગલ-કલ્યાણમયતા ફેલાવવા માટે શ્રાવકો સમક્ષ કલ્પસૂત્ર વાંચવામાં આવ્યું**



જીવનમાં દેહ એ સાધનાનું સાધન છે. આ દેહ દ્વારા જેટલી સાધના થાય તેટલી કરી લેવી જોઈએ. આવા મહાન તપ કરવાની મહાહિંમત તેમણે કરી અને તપનો પ્રારંભ કર્યો તો તપ પૂર્ણ થયો..કહેવત છે કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા' પણ કાર્યમાં કે સાધનામાં હિંમત રાખો તો તે તમારો સાથી સફળતા અપાવશે જ. તપસ્વીના આશીર્વાદ ગ્રહણ કરી. તપધર્મની અનુમોદના કરો. સાધુ ભગવંતોના તપનો ઉદ્દેશ્ય માત્ર નિર્જરા જ છે- દશ વૈકાલિકમાં કહ્યું કે નત્રત્થ નિજ્જરુદ્રાએ તવં મહિદ્રિજ્જા. નિર્જરા માટે જ તપ કરે. સાધુ માન-સન્માનથી દૂર જ હો યછે પણ શ્રાવક એ અનુમોદક જ હોય છે. નાના પણ તપની ઉપબૃંહણા કરે તો આટલા મહાન તપનો લાભ કેમ ન લે ? આ લાભ વિલાસભાઈ લઈ ધન્ય બન્યા છે. અને આજે તમે સૌ ગુણ સંવત્સર તપ ભલે ન કરી શક્યા પણ છેલ્લા સોળ ઉપવાસમાં તમે બધા જોડાય જજો. તો જ સાચી સર્વશ્રેષ્ઠ અનુમોદના કહેવાય. પરમાત્મા મહાવીરસ્વામીનાં ચરિત્રમાં પરમાત્માનું ચ્યવન થતાં જ ઈન્દ્ર મહારાજા શક્રસ્તવ (નમુત્થુણં સૂત્ર) દ્વારા સ્તુતિ કરે છે. પ્રભુ મહાવીરની. તેમાં અંતિમ પદે પ્રભુની ધર્મસારથિ તરીકે સ્તુતિ કરે છે. લક્ષ્ય સ્થાને અલ્પ સમયમાં ટૂંકા રસ્તે પહોંચાડી દે તે સારથિ. સન્માર્ગે લઈ જાય તે સારથિ. સંયમી બનેલા મેઘકુમારને પ્રથમરાત્રિમાં જ અન્ય મહાત્માઓનાં આવાગમનથી સંથારામાં ભરાયેલી ધૂળ અને રેતીથી ઉંઘ ન આવતાં વિચારે છે કે રોજ આવું જ થશે. મને ઉંઘ ન આવે તો શું કરવાનું ? સવારે જ પ્રભુ પાસે જઈને મારું આ રજોહરણ હું પાછું આપીને મારા ઘેર ચાલ્યો જઈશ તેમ વિચારીને પ્રભુ પાસે પહોંચતા જ પ્રભુ તેમના મનના પતિત ભાવોને જાણીને મેઘકુમારને સ્થિર કરે છે. મેઘકુમાર સાધુના આચાર પાલનમાં વિશેષ સ્થિર સુદ્રઢ બનીને આત્મકલ્યાણ સાધે છે.

On Behalf of **Jaihind Publication:** Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor • **Place of Publication :** Jaihind Press Building, Ashram Road Navrangpura, Ahmedabad-380009
**Phone:** 079-26587052/53 **Fax:** 079-26581051 • **Email Address:** info@jaihinddaily.com

કેન્દ્રીય ગૃહ મંત્રી શાહ કરવા જઈ રહ્યા છે ફેરફાર

# જૂના કાયદાઓમાં મોટા ફેરફારની તૈયારીઓ કરાઈ

નવી દિલ્હી, તા.૫

ભારતની કોર્ટમા સેંકડો કેસ પેન્ડિંગ છે. એટલે કે કોર્ટમાં ૨૦-૨૦ વર્ષ જૂના કેસ ચાલી રહ્યા છે. આઈપીસી, સીપીસી, એવિડન્સ એક્ટમાં એવા એવા કાયદા છે કે જેઓ ક્યારેય ઉકેલી શકતા નથી અને લોકોની પેઢીઓની પેઢીઓ ખતમ થઈ જાય છે, પણ કેસ ખતમ થતો નથી. જે કેસમાં સુનાવણી થાય એમાં એવું પણ બને છે કે સંકળાયેલી વ્યક્તિનું મોત થઈ ચૂક્યું હોય. આવામાં કોર્ટો પર પણ ભારત વધતુ જાય છે અને ગુનાખોરી પણ વધતી જાય છે.

## દેશમાં ૪.૪ કરોડ પેન્ડિંગ કેસ છે. ૧૦૬૭૫૭૧૦ સિવિલ કેસ, ૨૯૪૯૪૫૪૧ ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે

દેશમાં ૪.૪ કરોડ પેન્ડિંગ કેસ છે. ૧૦૬૭૫૭૧૦ સિવિલ કેસ, ૨૯૪૯૪૫૪૧ ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે. નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રિડની વેબસાઈટ પરથી મળેલા આંકડા જણાવે છે કે, ૪,૦૧,૭૦૧૫,૧ કેસ પેન્ડંગ છે. તો કોરોનાના કારણે આ કેસની સંખ્યા પણ વધી ગઈ છે. દેશમાં પેન્ડિંગ કેસોની સંખ્યા ચાર કરોડને પાર પહોંચી ચૂકી છે. સુપ્રીમ કોર્ટથી લઈને લોઅર કોર્ટમાં કેસોની પેન્ડિંગ સંખ્યા વધી ગઈ છે. ગયા માર્ચ મહિનાની સરખામણીએ આ વર્ષે આ સંખ્યામાં ૧૯ ટકાનો વધારો થયો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પોલીસ રિસર્ચ અને વિકાસ બ્યૂરોના ૫૧માં સ્થાપના દિવસના સંબોધન દરમિયાન ખાસ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આઈપીસી, સીપીસી, એવિડન્સ એક્ટમાં ફેરફાર કરવાની વાત કહી હતી. જેના માટે કેન્દ્રના વિવિધ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો, કેન્દ્રીય બળો અને તમામ બિન સરકારી સંગઠનોની સલાહ પણ મળી છે. હવે મળેલા આ સૂચનો અને સલાહના આધારે એક્સપર્ટ્સ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ કાયદાઓમાં ફેરફાર કરવામાં આવશે. અમિત શાહે કહ્યું કે, ગુનાહિત ન્યાય પ્રણાલીના એક મોટા બદલાવ માટે અમે તૈયાર છીએ. પોલીસ રિસર્ચ અને વિકાસ બ્યૂરોના ૫૧મા સ્થાપના દિવસે સંબોધન કરતા અમિત શાહે કહ્યું કે, સંગઠનોમાં બે વર્ષોથી ચાલી રહેલી વિચાર પ્રક્રિયા એક મહત્વપૂર્ણ ભાગ છે. કાયદાઓમાં ફેરફાર કરવો પડસે અને તેને આધુનિક સમય તથા ભારતીય પરિસ્થિતિઓની સાથે તાલમેલ બેસાડવો પડશે. ૧૪ રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશો સિવાય



આઠ કેન્દ્રીય પોલીસ સંગઠન, છ કેન્દ્રીય પોલીસ બળ અને સાત બિન સરકારી સંગઠનોએ દશકો જૂના કાયદાઓમાં સંભવિત ફેરફાર કરવા માટે પોતાના વિચારો રજૂ કર્યા છે. જેના પર વિચાર વિમર્શ અને મંથન થયા બાદ જ કાયદામાં ફેરફાર કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ગૃહ મંત્રાલયના વિચાર વિમર્શમાં કોર્ટ અને બાર એસોસિએશન પણ સામેલ છે. એક સરકારી અધિકારીએ કહ્યું કે, આના પર કામ ચાલી રહ્યું છે. જ્યારે ભાષણમાં અમિત શાહે કહ્યું કે, ક્યારેક ક્યારેક પોલીસને અયોગ્ય આલોચનાનો સામનો કરવો પડતો હોય છે. મોટાભાગે તેમને કઠોર અને સંવેદનશીલ કેસ સોંપવામાં આવતા હોય છે. જો કે, નાગરિક અધિકાર કાર્યકર્તાઓ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના દુરુપયોગ કરવા સંબંધી કાયદાઓ પર વિચાર થઈ શકે છે.

તમામ સંસ્થાઓ આઈપીસીની કલમોને ખતમ કરવાની માગણી કરી રહી છે. જ્યારે રાષ્ટ્ર વિરોધી ગતિવિધીઓને એક જ કાયદા હેઠળ દંડનીય બનાવવાની જરૂરીયાત છે. તમામ વિશેષજ્ઞોએ આ માટે પોતાની સલાહ રજૂ કરી છે. મોબ લિન્ચિંગ જેવા ગુનાના કાયદામાં પણ ફેરફારની માગ ઉઠી છે. જે વર્તમાન સમયમાં હત્યા સંબંધિત આઈપીસી કલમો બેઠળ નિપટાવવામાં આવે છે.

મોતની સજા મેળવનારા ગુનેગારોને ફાંસીનો સામનો કરતા પહેલાં કદાચ દયા અરજી કાયદાના દુરૂપયોગ સંબંધિત કાયદાઓમાં સંશોધન કરીને રોક લગાવવી જોઈએ. અમિત શાહે ડ્રોન હુમલા, સાઈબર અટેક, નશીલા પદાર્થોની તસ્કરી, નકલી મુદ્રા અને હવાલા વેપારને પોલીસબળ માટે મોટો પડકાર ગણાવ્યો.

શનિવારે આ કાર્યક્રમમાં સંબોધન દરમિયાન બીટ સિસ્ટમને મજબૂત કરવા માટે જરૂરીયાતો પર પ્રભાવ નાખતા અમિત શાહે બીપીઆરએન્ડડીને સારી જમીની સ્તરની પોલીસિંગ માટે અને ટેકનોલોજીથી સજ્જ કરવાના પ્રયાસોને તેજ કરવા માટે કહ્યું.



કેન્દ્ર સરકારના કૃષિ કાયદાના વિરોધમાં આઠ માસ કરતાં વધુ સમયથી ચાલતા ખેડૂત આંદોલ દરમિયાન ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં રવિવારે યોજાયેલી સંયુક્ત કિસાન મોરચાની મહાપંચાયતમાં ઉપસ્થિત ભારતીય કિસાન યુનિયનના પ્રવકતા રાકેશ ટિકૈતનું તલવાર એનાયત કરી કિસાન નેતાઓ અભિવાદન કરી રહ્યા છે.

# મુઝફ્ફરનગરમાં મોટું એલાન થવાની શક્યતા, યુપી પોલીસ અલર્ટ

યુપી , તા.૦૫

મહાપંચાયતમાં ભાગ લેવા માટે લોકો પહોંચી રહ્યા હતા અને મોટી સંખ્યામાં મહિલાઓ પણ આ સભામાં આવી રહી છે. મહિલાઓને ગુરુદ્વારા અને શાળાઓમાં રોકવામાં આવી છે. ખેડૂતોનાં ભોજન માટે વિવિધ જગ્યાઓ પર પાંચસોથી વધારે સ્ટોલ લગાવવામાં આવ્યા છે. રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતો કેટલા આવશે તેની સંખ્યા કહેવી તો શક્ય જ નથી પણ વાયદો કરું છું કે મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થશે. ખેડૂતોને કોઈ રોકી શકશે નહીં, જો અમને રોકવામાં આવશે તો બેરીયરને તોડવામાં આવશે.યુપીના મુઝફ્ફરપૂરમા આજે ખેડૂતો દ્વારા મહાપંચયાતનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂત નેતાઓ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે આજે પાંચ લાખથી વધારે લોકો આ સભામાં આવવાના છે. એવામાં ખેડૂત નેતા રાકેશ ટિકૈતે મોટું નિવેદન આપતા કહ્યું છે કે માત્ર ખેડૂતો જ નહી બીજી સમસ્યા પર પણ ચર્ચા કરવામાં આવશે. મુઝફ્ફરનગરમાં મહાપંચાયતણે લઈને સુરક્ષાની લોખંડી વ્યવસ્થા કરવામાં આવી છે. દારૂની દુકાનો બંધ રાખવા આદેશ આપવામાં આવ્યા છે ત્યાં રાકેશ ટિકૈતે ધમકી આપી છે કે જો અમને રોકવામાં આવશે તો બેરીયર તોડી નાંખવામાં આવશે. સંયુક્ત કિસાન મોરચા દ્વારા રાજકીય ઈન્ટર કોલેજનાં મેદાનમાં મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે.

પાંચજન્યના લેખથી વિવાદ ઊભો થયા બાદ સંઘે કહ્યું

# દેશના વિકાસમાં ઈન્ફોસિસની અગત્યની ભૂમિકા રહેલી છે

નવી દિલ્હી,તા.૫

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે રવિવારે ઈજીજીને પાંચજન્ય-ઈન્ફોસિસ વિવાદથી અલગ કરવાનો પ્રયાસ કરતા કહ્યું કે, ભારતના વિકાસમાં આ આઈટી દિગ્ગજ કંપનીની અગત્યની ભૂમિકા હતી. એવું સ્વીકાર કરતા કે કંપની દ્વારા વિકસિત પોર્ટલોની સાથે સમસ્યા હોઈ શકે છે, આબેકરે કહ્યું કે, પત્રિકા (પાંચજન્ય) સંઘનું ઓફિશિયલ મુખપત્ર નથી અને વિચારોને વ્યક્તિગત માનવા જોઈએ. સુનીલ આંબેકરે ટ્વીટ કરીને કહ્યું કે, ભારતીય કંપની હોવાના કારણે ઈન્ફોસિસનું ભારતની ઉન્નતિમાં અગત્યનું યોગદાન છે. ઈન્ફોસિસ સંચાલિત પોર્ટલને લઈ કેટલાક મુદ્દાઓ હોઈ શકે છે પરંતુ પાંચજન્યમાં આ સંદર્ભમાં પ્રકાશિત લેખ, લેખકના પોતાના વ્યક્તિગત વિચાર છે તથા પાંચજન્ય સંઘનું મુખપત્ર નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને આ લેખમાં વ્યક્ત વિચારો સાથે ન જોડવું જોઈએ. આરએસએસ સાથે જોડાયેલી પત્રિકા પાંચજન્યએ આઈટી કંપની ઈન્ફોસિસ પર અભૂતપૂર્વ હુમલો કરતાં આરોપ લગાવ્યો કે બેંગલુરુ સ્થિત કંપની જાણી જોઈને ભારતીય અર્થવ્યવસ્થાને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. પત્રિકાએ કંપની પર નક્સલીઓ, ડાબેરીઓ અને ટુકડે-ટુકડે ગેંગની મદદ કરવાનો પણ આરોપ લગાવ્યો. આ સાપ્તાહિક પત્રિકાએ પોતાની કવર સ્ટોરી સાખ ઔર આગત (પ્રતિષ્ઠા અને નુકસાન)માં આરોપ લગાવ્યો કે આવું પહેલીવાર નથી જ્યારે ઈન્ફોસિસે એક સરકારી

### સુનીલ આંબેકરે ટ્વીટ કરીને કહ્યું ભારતીય કંપની હોવાના કારણે ઈન્ફોસિસનું ભારતની ઉન્નતિમાં અગત્યનું યોગદાન

પરિયોજનામાં ગડબડ કરી હતી. લેખમાં કહેવામાં આવ્યું છે કે સરકારી સંગઠન અને એજન્સીઓ ઈન્ફોસિસને મહત્વની વેબસાઈટો અને કોન્ટ્રાક્ટ આપવામાં ક્યારેય ખચકાતી નથી, કારણ કે તે ભારતની સૌથી પ્રતિષ્ઠિત સોફ્ટવેર કંપની પૈકી એક છે. જોકે, આ લેખમાં આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું છે કે, ઈન્ફોસિસ દ્વારા વિકસિત જીએસટી અને ઈક્મ ટેક્સ રિટર્ન પોર્ટલ્સ, બંનેમાં ગડબડના કારણે દેશની અર્થવ્યવસ્થામાં કરદાતાઓના ભરોસાઓને આઘાત લાગ્યો છે. શું ઈન્ફોસિસના માધ્યમથી કોઈ રાષ્ટ્રવિરોધી તાકાત ભારતના આર્થિક હિતોને આઘાત પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યું છે? જો કે લેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મેગેઝિન પાસે આના સમર્થન આપવા માટે કોઈ નક્કર પુરાવા નથી.

**TIRUPATI FOAM LIMITED**
**CIN NO: L25199GJ1986PLC009071**
Regd. Offi.: Tirupati House, 4 th Floor, Nr. Topaz Restaurant, Uni. Road, Polytechnic Char Rasta, Ambawadi, Ahmedabad – 380 015
Ph. No. : 079-26304652/53, Fax No.: 079-26304658 Website:www.tirupatifoam.com

**Notice of 34 TH Annual General Meeting and Intimation of Book Closure**

**NOTICE** is hereby given that 34 th Annual General Meeting of the Members of Tirupati Foam Limited, will be held on Thursday, 30 TH September, 2021 at 03.30 p.m. through Video Conferencing ("VC") or Other Audio Visual Means ("OVAM") to transact the business as may be set out in the Notice of AGM.

In view of the outbreak of COVID-19 pandemic, the Ministry of Corporate Affairs ('MCA') has vide its General Circular No. 20/2020 dated 5th May, 2020 read with General Circular Nos. 14/2020 dated 8th April, 2020 and 17/2020 dated 13th April, 2020 (collectively referred to as 'MCA Circulars') and in continuation General Circular no. 02/2021 dated 13th January, 2021, MCA have permitted the holding of the Annual General Meeting ('AGM') through VC or OAVM without the physical presence of the members at the meeting. In compliance with the provisions of the Companies Act, 2013 ('Act'), Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('Listing Regulations') and MCA Circulars, the 34th AGM of the Company is being held through VC or OAVM on Thursday, 30th September, 2021 at 3.30 p.m. The deemed venue for the 34th AGM shall be the Registered Office of the Company. Therefore, members can attend and participate in the 34th AGM though VC or OAVM mode only.

In accordance with the aforesaid circulars, the Annual Report of 2020-2021 along with Notice of AGM is being sent only by electronic mode to those Members whose email addresses are registered with the company/ Depository Participants holding shares as on the cut- off date for the dispatch in accordance with the applicable laws. Members may note that this Notice along with the Annual Report for the F.Y. 2020-2021 will be available on the Company's website viz. www.tirupatifoam.com and website of the stock exchange i.e. BSE Limited at www.bseindia.com and will also be available at website of Central Depository Participants Limited (agency for providing e-voting facility) i.e. www.evotingindia.com. Members can attend and participate the AGM through VC/OAVM only. The instructions for joining the AGM are provided in Notice of the AGM. Members attending the AGM through VC/OAVM will be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Companies Act, 2013.

The company is providing remote e-voting facility to all its members to cast their votes on all resolutions as set out in the Notice of AGM. Additionally Company is providing the facility of voting through e-voting system during the AGM ("e-voting"). **The detailed procedure for remote e-voting / e-voting are provided in the Notice of AGM.**

In case Member(s) have not registered their e-mail addresses with the company/ Depository Participant please follow the following instructions to register e-mail address for obtaining Annual report and login details:

**Members holding shares in physical mode:** please provide necessary details like Folio No., Name, mobile no. E-mail Id along with the self-attested scanned copies of PAN, AADHAR and share certificates (both sides) by email to tfl.cs@tirupatifoam.com
**Members holding shares in demat mode:** please provide necessary details like DPID-CLID (16 digit DPID + CLID or 16 digit beneficiary ID), Name, client master or copy of Consolidated Account statement, self- attested and scanned copy of PAN and Aadhar to tfl.cs@tirupatifoam.com.

Members can also register their E-mail permanently by contacting RTA of the Company and completing necessary procedure of both their physical and demat holding.

Notice is hereby given that pursuant to the provisions of section 91 the Companies Act, 2013 and applicable rules there under and Regulation 42 of the SEBI (LODR) Regulations, 2015 that the Registrar of Members andShare Transfer Registers of the company will remain closed from Friday **24 th September, 2021 to Thursday 30 th September, 2021** (both days inclusively) for the purpose of payment of 34 th Annual General Meeting which is to be held on **Thursday 30 th September, 2021** through Video Conferencing ("VC") or Other Audio Visual Means ("OVAM"). The further information in this regard along with Annual Report including Notice of AGM will be available on the website of the Company www.tirupatifoam.com and BSE Ltd website www.bseindia.com

**Date: 04.09.2021**
**Place: Ahmedabad**

**By order of the Board**
**For, TIRUPATI FOAM LIMITED**
**SD/-**
**Memon Aksha**
**CS & Compliance Officer**

વર્તિકાને મહિલા પંચમાં નિમણૂક આપવાનો દાવો

# સ્મૃતિ ઈરાનીની ખોટી સહી કરનાર ડૉક્ટર જેલભેગો થયો

લખનઉ,તા.૫

યુપીના સુલ્તાનપુર જિલ્લાના એક ડેન્ટલ સર્જનને કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઈરાનીની બનાવટી સહી કરવાનું ભારે પડ્યું છે. આ ડોક્ટરને કોર્ટે જેલમાં મોકલવાનો આદેશ આપ્યો છે. આરોપી પર આરોપ છે કે તેણે ઈન્ટરનેશનલ શૂટર વર્તિક સિંઘની રાષ્ટ્રીય મહિલા પંચમાં નિમણૂક કરવાનો સ્મૃતિ ઈરાનીના હસ્તાક્ષરવાળો એક ફેક લેટર બનાવ્યો હતો. આ મામલે ૨૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ વિજય ગુપ્તા નામના વ્યક્તિએ આરોપી વિરુદ્ધ અમેઠીના મુસાફિરખાના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, વર્તિકા અને કોંગ્રેસના પૂર્વ સાંસદ કમલ કિશોર કમાન્ડોએ બોગસ દસ્તાવેજ સોશિયલ મીડિયામાં વાયરલ કરી સ્મૃતિ ઈરાનીની છબીને હાનિ પહોંચાડવા પ્રયાસ કર્યો છે. બીજી તરફ, વર્તિકાએ એવો આરોપ મૂક્યો હતો કે વિકાસ ગુપ્તાએ તેને મહિલા પંચમાં નિમણૂક કરાવી આપવાની લાલચ આપીને તેની પાસેથી ૨૫ લાખ પડાવ્યા હતા. આ કેસની તપાસ કરી રહેલા ઈન્પેક્ટર પરશુરામ ઓઝાએ જણાવ્યું હતું કે વર્તિકા અને પૂર્વ સાંસદ દ્વારા જે લેટર વાયરલ કરાયો હતો તે ડેન્ટલ સર્જન ડૉ. રજનીશ કુમાર દ્વારા તૈયાર કરાયો હતો. જેનો હેતુ મંત્રી સ્મૃતિ ઈરાનીની છબિને હાનિ પહોંચાડવાનો હતો. આ મામલે ડૉ. કુમાર અને વર્તિકા વિરુદ્ધ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. ચાર્જશીટ ફાઈલ થયા બાદ ડૉ. કુમાર અંડરગ્રાઉન્ડ થઈ જતાં તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરન્ટ કાઢવામાં આવ્યું હતું. આરોપી મળી ના આવતો હોવાથી પોલીસે તેની સંપત્તિ જપ્ત કરવાની કાર્યવાહી શરુ કરતાં આખરે તે શુક્રવારે કોર્ટ સમક્ષ સરેન્ડર થયો હતો.

જ્યાં કોર્ટે તેને ૧૭ સપ્ટેમ્બર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
બેંક ઓફ બરોડા, **ભાટ શાખા,** મુ.પો. ભાટ
ફોન નં. 079-23969277,
**E-mail : dbbhat@bankofbaroda.com**

**કબજા નોટિસ** (સ્થાવર મિલકત માટે)
(As per Appendix IV read with rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002)

આથી, બેંક ઓફ બરોડા ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (સેકન્ડ) એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ ૨૦૦૨ની કલમ ૧૩(૧૨)ના નિયમ ૩ સહિત વંચાણે લેતાં મળેલ સત્તાની રૂએ તા.૦૩-૦૬-૨૦૨૧ ના રોજ ડીમાન્ડ નોટિસ આપેલ હતી, જે અનુસાર બેંકના **ઋણકર્તા શ્રી નિખીલ કાન્તિલાલ પંડ્યા, સહ-ઋણકર્તા શ્રી કાન્તિલાલ ધૂળાભાઇ પંડ્યા, જામીનદાર શ્રી દક્ષેશ જયેન્દ્રભાઇ પટેલને** નોટિસમાં જણાવ્યા મુજબ બેંકની કુલ લેણી રકમ **રૂ.૧૨,૮૮,૫૫૭.૪૧ (અંકે રૂપિયા બાર લાખ ઇઠ્યાશી હજાર પાંચસો સત્તાવન અને પૈસા એકતાલિસ પુરા)** તા.૦૩-૦૬-૨૦૨૧ના રોજ અને તેની પર કોન્ટ્રેક્ચ્યુઅલ રેટ મુજબ ચડતું વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જીસ અને પેમેન્ટ આવે તે તારીખ સુધીના ખર્ચા વગેરે આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં ચુકવવા જણાવેલ હતું.

ઋણકર્તા બેંકની લેણી રકમ પરત કરવામાં નિષ્ફળ જવાથી ખાસ ઋણકર્તા અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ મિલકતનો સદર કાયદાની કલમ ૧૩ની પેટા કલમ(૪)ના સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮ સહિત વંચાણે લેતાં મળેલ સત્તાની રૂએ **તારીખ ૦૨-૦૯-૨૦૨૧ ના રોજ મિલકતનો સાંકેતિક કબજો** મેળવી લીધેલ છે.

ઋણકર્તા/જામીનદારો/મોર્ગેજર્સને ખાસ અને જાહેર જનતાને સામાન્યતઃ ચેતવણી આપવામાં આવે છે કે નીચે જણાવેલ મિલકત સાથે કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવો નહી અથવા કોઇપણ પ્રકારનો વ્યવહાર તે મિલકત અંગેનો **બેંક ઓફ બરોડાના રૂ.૧૨,૮૮,૫૫૭.૪૧ (અંકે રૂપિયા બાર લાખ ઇઠ્યાશી હજાર પાંચસો સત્તાવન અને પૈસા એકતાલિસ પુરા)** તા.૦૩-૦૬-૨૦૨૧ના રોજ અને તેની પર કોન્ટ્રેક્ચ્યુઅલ રેટ મુજબ ચડતું વ્યાજ વત્તા કોસ્ટ, ચાર્જીસ અને પેમેન્ટ આવે તે તારીખ સુધીના ખર્ચા વગેરેના બોજાને આધિન રહેશે.

*ઋણકર્તા ને સરફેસી એક્ટની સેક્શન ૧૩ની પેટા કલમ (૮)ની જોગવાઇઓ અનુસાર સુરક્ષિત મિલકતોને બચાવવા માટે પ્રાપ્ય થતા સમય અંગે ધ્યાન દોરવામાં આવે છે.*

**સ્થાવર મિલકતનું વર્ણન**

**શ્રી નિખીલ કાન્તિલાલ પંડ્યા** ના નામની સ્થાવર મિલકતનો તમામ અને હિસ્સો - ફ્લેટ નં. સી/૩૦૫, ત્રીજો માળ, ક્ષેત્રફળ૧૦૭.૦૨ ચો.મી., શાંતિવિલા શોપ્સ એન્ડ એપાર્ટમેન્ટ નામે જાણીતી સ્કીમમાં ક્ષેત્રફળ ૧૭૯૪ ચો.મી. રહેણાંક હેતુ માટે અને એનએ લેન્ડ ક્ષેત્રફળ ૩૧૩૧ ચો.મી. કોમર્શિયલ હેતુ માટે, સર્વે નં. ૫૪૫/૧/૨, ગામ નરોડા ખાતે, તાલુકા સીટી જિલ્લો અમદાવાદ-૬ (નરોડા)(ગુજરાત) માં આવેલ મિલકત કે જેની ચતુઃસીમા નીચે મુજબ છે.
પૂર્વે : ફ્લેટ નં. સી/૩૦૬, પશ્ચિમે : ફ્લેટ નં. સી/૩૦૪,
ઉત્તરે : રોડ, દક્ષિણે : પેસેજ અને ફ્લેટ નં. સી/૩૦૨.

તારીખ : ૦૨-૦૯-૨૦૨૧
સ્થળ : ભાટ

અધિકૃત અધિકારી
બેંક ઓફ બરોડા

**FRESHTROP FRUITS LTD**
Registered Office: A-603, Shapath IV, Opp. Karnavati Club, S.G. Road, Ahmedabad-380015
CIN: L15400GJ1992PLC018365 | Website: www.freshtrop.com | Email: secretarial@freshtrop.com

**NOTICE OF THE 29th AGM, REMOTE E-VOTING & BOOK CLOSURE**

**NOTICE** is hereby given that the 29th Annual General Meeting (AGM) of the Members of Freshtrop Fruits Limited will be held on Tuesday, at 28th September 2021 at 4.00 PM through video Conference ("VC") / Other Audio Visual Means ("OVAM") in compliance with circulars issued by the Ministry of Corporate Affairs ("MCA") dated 5th May 2020, 8th April 2020 and 13th April 2020 (collectively referred to as "MCA Circular") to transact the Ordinary and Special Business as set out in the Notice of AGM. Accordingly, in Compliance with aforesaid circulars, the Company is convening the 29th AGM through VC/OAVM, without the physical presence of the members at a Common venue.

The Notice of the 29th AGM and the annual report including the financial statements for the year ended 31st March 2021 has been sent only by email to all those Members, whose email addresses are registered with the Company / Registrar and share transfer agent.

Further, pursuant to section 91 of the Companies Act 2013 ("the Act") and regulation 42 of the SEBI (Listing Obligations and Disclosure Requirement) Regulations 2015, the Registrar of Members and share transfer book of the Company will remain closed from **21st September 2021 to 28th September 2021 (both days inclusive)** for taking record of the members of the Company for the purpose of AGM.

Those members, who have not cast their vote through remote e-voting and who remain present in the 29th AGM through VC or OAVM, will have another option to cast their vote by using the same e-voting platform of the NSDL during the time of the AGM. The Notice of 29th AGM contains instructions to the members for remote e-voting, voting during the time of the AGM as well as for attending the 29th AGM through VC. The members are requested to read and follow the instructions carefully for enabling them to attend the 29th AGM and also to cast their vote through NSDL e-voting platform.

Pursuant to the provisions of Section 108 of the Companies Act, 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Amendment Rules, 2015 ("the Rules"), and Regulation 44 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 the company is offering remote e-voting facility to its members whose names appear in the Register of Members/Beneficial Owners as on the **cut-off date (the record date) i.e. 21st September, 2021** to exercise their right to vote by electronic means on the business specified in the Notice of the AGM. Additionally, the Company is providing the facility of voting through e-voting system during the AGM ("e-voting").

The details pursuant to the provisions of the Companies Act, 2013 and the Rules are given hereunder:

1.Cut-off date for the purpose of remote e-voting: **21st September, 2021**
2.Date and time of commencement of remote e-voting: **9.00 a.m. on 25th September 2021.**
3.Date and time of end of remote e-voting: **5.00 p.m. on 27th September 2021.**
4.Remote e-voting shall not be allowed beyond the said time and date.
5.Persons who have acquired shares and become members of the Company after dispatch of the Notice of the AGM and holding shares as on the cut-off date i.e. 21st September 2021 may cast their votes by following the instructions and process of remote e-voting as provided in the Notice of the AGM. A person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only, shall be entitled to avail the facility of remote e-voting as well as voting in the AGM.
6.Persons who have acquired shares and become members of the Company after the despatch of notice and hold share as on cut-off date 21st September 2021, may obtain the logging ID and Password by sending the request at evoting@nsdl.co.in.

In case of any queries or grievances pertaining to Remote E-Voting procedure, shareholders may get in touch with Mr. Rohit Rawat, Company Secretary at the Registered Office of the Company at A-603, Shapath -IV, Opp. Karnavati Club, S. G. Road, Ahmedabad-380015 Ph. No. 079 - 40307057 or may write an email to secretarial@freshtrop.com.

Date : 06-09-2021
Place : Ahmedabad

**By Order of the Board of Directors**
**FOR, FRESHTROP FRUITS LIMITED**
Sd/-
Ashok Motiani
Chairman & Managing Director
DIN No. : 00124470



ઉત્તર ભારત સહિત દેશના ઘણા ભાગોમાં ચોમાસાના બીજા રાઉન્ડમાં સારો વરસાદ થતા શાકભાજીના પાકનું બમ્પર ઉત્પાદન થયેલું છે. કેટલાક વિસ્તારોમાં તો માર્કેટમાં સારાભાવ નહીં મળતા ખેડૂતો શાકભાજી બહાર ફેંકીને જતા રહે છે. ઉત્તર ભારતના જમ્મુ પ્રદેશના ગ્રામ્ય વિસ્તારના એક ખેતરમાં તૈયાર થયેલા ભીંડીને ખેડૂતો બજારમાં લઈ જવા માટે ઉતારી રહ્યા છે.

# ઓછા વરસાદના કારણે બાજરી, કપાસ અને મગફળીનું વાવેતર ઓછું

નવી દિલ્હી, તા.૦૫

ચાલુ ખરીફ સીઝનમાં કપાસનુ વાવેતર ૧૧૮.૧૩ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૧૨૬.૪૫ લાખ હેક્ટર હતુ. ચોખાનું વાવેતર અત્યાર સુધીમાં ૪૦૧.૧૫ લાખ હેક્ટરમાં થઇ છે જ્યારે વિતેલ ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૪૦૦.૫૪ લાખ હેક્ટરમાં હતુ. કઠોળ પાકોનું વાવેતર ચાલુ ખરીફ સીઝનમાં વધી ૧૩૬.૮૫ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત સીઝનના સમાન સમયગાળામાં તેનું વાવેતર ૧૩૫.૨૬ લાખ હેક્ટરમાં હતુ. જેમાં તુવેરનું વાવેતર ચાલુ સીઝનમાં વધીને ૪૯.૪૯ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત વર્ષે સમાન સમયગાળામાં તેનુ વાવેતર ૪૭.૪૫ લાખ હેક્ટરમાં હતુ. અડદનુ વાવેતર ૩૭.૯૪ લાખ અને મગનુ ૩૭.૯૪ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તેનુ વાવેતર ૩૭.૮૫ અને ૩૪.૯૨ લાખ હેક્ટરમાં હતુ. તેલીબિયાં પાકોનું વાવેતર ચાલુ ખરીફમાં ૧૯૦.૯૪ લાખ હેક્ટરમાં થયુ છે, જ્યારે ગત સીઝનના સમાન સમયગાળામાં ૧૯૪.૧૪ લાખ હેક્ટરમાં થયુ હતુ. સોયાબીનનું વાવેતર ૧૨૧.૫૯ લાખ હેક્ટરમાં અને મગફળીનુ ૪૮.૫૦ લાખ હેક્ટરમાં થયુ છે.ચાલુ ખરીફ વાવેતરની સીઝન લગભગ સમાપ્ત થઇ ગઇ છે પરંતુ ચોમાસાની સીઝનમાં વરસાદ અપેક્ષા કરતા ઘણો ઓછો રહેતા કુલ કૃષિ પાકોનું વાવેતર ઓછુ રહ્યુ છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય દ્વારા જારી આંકડાઓ મુજબ ૨ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી દેશમાં ખરીફ કૃષિ પાકોનું કુલ વાવેતર ૧.૧૫ ટકા ઘટીને ૧૦૮૧.૧૪ લાખ હેક્ટરમાં થયુ છે જ્યારે ગત ખરીફ સીઝનના સમાન સમયગાળામાં તે ૧૦૯૪.૦૧ લાખ હેક્ટરમાં હતુ. ચાલુ ખરીફ સીઝનમાં ડાંગર, કઠોળ, શેરડી, મકાઇ અને સોયાબીનનું વાવેતર વધ્યુ છે, પરંતુ તેલીબિયાં તેમજ જાડા ધાન્યો અને કપાસનું વાવેતર ઘટયુ છે. દેશમાં ૧ જૂનથી ૩ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી વરસાદ સરેરાશની તુલનામાં ૯ ટકા ઓછો પડવાના કારણે ખરીફ પાકોનું વાવેતર ઘટયુ છે.

# આવનારા સમયમાં વાહનોના હોર્નના ઘોંઘાટિયા અવાજથી મુક્તિ મળશે

ન્યુદિલ્હી , તા.૦૫

જો કોઈ તમારી પાછળથી હોર્ન વગાડે અને તમે વાંસળી અથવા વાયોલિનની ધૂન સાંભળો તો તેનો અનુભવ કેવો રહશે? સરકારની કેટલીક આવી જ તૈયારી છે. કેન્દ્રીય મંત્રી ગડકરીના જણાવ્યા અનુસાર આવનારા સમયમાં વાહનોના હોર્નના ઘોંઘાટિયા અવાજથી મુક્તિ મળશે. હોર્નના કર્કશ અવાજને બદલે ભારતીય સંગીતનાં મધુર અવાજ સંભળાશે.રસ્તા પર ગાડીઓની લાઈનો અને પાછળથી આવતી વાહનોની પી-પી..સંભાળી દિમાગ ખરાબ થઈ જાય છે. વાહનોના હોર્નનો અવાજ એટલો ઈરિટેટિંગ કરે છે કે ઘણી વખત ટ્રાફિક સિગ્નલ પર લડાઈ પણ થઈ જાય છે. વધુ વાહન ચાલકો કોઈ વસ્તુનો ખ્યાલ નથી રાખતા અને પ્રતિબંધિત ક્ષેત્રમાં હોર્ન મારતા રહે છે. એવું કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવે છે. કાનમાં દુખાવા વાળા હોર્નની આવાજથી પરેશાન થઈ જાય છે. આપણે વિચારીએ છે એનો ઈલાજ શું છે ? સરકાર કઈ કરતી કેમ નથી? નીતિન ગડકરીએ ખુદ નવા નિયમો અંગે મંત્રાલયની તૈયારી વિશે માહિતી શેર કરી છે.

**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**
Aadhar Housing Finance Ltd
**કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ. વી. રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૬૯.**
**નડિયાદ શાખા: ૩૧૦, ૩જે માળે, સિટી સેન્ટર, એલઆઈસી બિલ્ડિંગ પાસે, પરાગ સિનેમા, સંતરામ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧ (ગુજ.)**
**અમદાવાદ શાખા: ઓફિસ નં. ૨૦૪, ૨જે માળે, સત્કાર કોમ્પ્લેક્સ, સ્વાગત પાસે, બોડીલાઈન ક્રોસિંગ, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ (ગુજરાત)**

**એપેન્ડિક્સ-IV કબજા નોટિસ (સ્થાવર સંપત્તિ માટે)**

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.(એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૧૨)ને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ કંપનીના અધિકૃત અધિકારી તરીકે નીચે જણાવેલ દેણદાર(રો)/જામીનદાર(રો)ને ડિમાન્ડનોટિસ(સો) ઈસ્યૂ કરીને સંબંધિત ડિમાન્ડ નોટિસ(સો)માં ઉલ્લેખ થયેલ રકમો આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ. દેણદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, અત્રે દેણદાર(રો)/જામીનદાર(રો)ને તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો કબજો લીધો છે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન (૮)નીજોગવાઈ તરફ દેણદારનું ધ્યાન દોરવામાં આવે છે દેણદાર વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ તેના વ્યાજસહિતની રકમ સાથે એએચએફએલના ચાર્જને અધીન રહેશે.

| નં. | દેણદાર(રો)/સહ-દેણદારોનું નામ(મો)/(શાખાનું નામ) | સિક્યોર્ડ એસેટ (સ્થાવર મિલકત)નું વર્ણન | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | (અ.નં.૦૦૨૦૬૩૦૮/ નડિયાદ શાખા) મંજુલાબેન ભવાનીશંકર પંડ્યા (દેણદાર) આશિષકુમાર ભવાનીશંકર પંડ્યા (સહ-દેણદાર) | પ્લોટ નં.૦૬, વ્રજ મહાર સાગર સોસાયટી, એસ.આર.પી. કેમ્પ, જલારામ મંદિર, કપડવંજ રોડ, નડિયાદ, ખેડા, ગુજરાત -૩૮૭૦૦૧ ધારક મિલકતના તમામ હક્ક હિસ્સાઓ સીમાઓ: પૂર્વ: કોમન રોડ, પશ્ચિમ: બ્લોક-૭, ઉત્તર: બ્લોક નં.-૫, દક્ષિણ: રોડ | ૦૭-૦૮-૨૦૨૧ રૂ.૮,૮૨,૧૧૪/- (અંકે રૂપિયા આઠ લાખ બ્યાસી હજાર એકસો ચૌદ પૂરા) | ૦૧.૦૯.૨૦૨૧ |
| ૨ | અ.નં. ૦૦૧૫૭૫૮૨/ અમદાવાદ શાખા) દક્ષાબેન મગનભાઈ પટેલ(દેણદાર) નિમેશ શતીષભાઈ પટેલ(સહ-દેણદાર) જયદીપભાઈ સતીષભાઈ પટેલ (સહ-દેણદાર) મયૂર દિલીપભાઈ પટેલ (જામીનદાર) | ફ્લેટ નં. ડી-૩૦૧ધારક, ૩જે માળે, સ્વામીનારાયણ પાર્ક – ૮, દેવ માણેક પાસે, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૩૦ના તમામ હક્કહિસ્સા. સીમાઓ: પૂર્વ: ફ્લેટ નં. ડી-૩૦૮, પશ્ચિમ: ફ્લેટ નં. સી-૩૦૮, ઉત્તર: ફ્લેટ નં. ડી-૩૦૨, દક્ષિણ: પાર્કિંગ | ૧૫-૦૪-૨૦૨૧ રૂ. ૧૦,૧૫,૪૯૪/- (અંકે રૂપિયા દસ લાખ પંદર હજાર ચારસો ચોરાણું પૂરા) | ૦૩.૦૯.૨૦૨૧ |

સ્થળ:નડિયાદ/અમદાવાદ
તા.૦૬-૦૯-૨૦૨૧

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.



# મનોચિકિત્સાના પ્રણેતા સિગમન્ડ ફ્રોઈડના જીવનની જટિલ આંટીઘૂંટીઓ!

**ચાર વર્ષની ઉંમરે સિગમન્ડ ફ્રોઈડ વિયેના બર્ગેસે સ્ટ્રીટ પરના ૧૯ નંબરના મકાનમાં રહેવા આવ્યા અને ત્યાં જ સ્થાયી થયા. આશરે પચાસેક જેટલા વર્ષ ફ્રોઈડ વિયેનાના આ મકાનમાં રહ્યા. જોકે કોમવાદ અને કેટલાક અણબનાવના કારણે ફ્રોઈડે ન ચાહીને પણ વિયેના છોડવું પડ્યું હતું. જ્યાંથી તેઓ લંડન સ્થાયી થયા.**

મનુષ્ય જીવનનાં બારીક તાંતણે વણાયેલ સંબંધોથી લઇ માનસિક વૃતિ સુધીના વિષયોને તથ્યો સાથે વણી દુનિયાભરના તબિબો સમક્ષ રાખનાર પ્રથમ મનોવિજ્ઞાનના પ્રણેતા સર સિગમન્ડ ફ્રોઈડ ખુદ એક વિદ્યાપીઠ સમાન છે. સાયકોલોજી અને મનોવિજ્ઞાનની ઉત્પતિ સિગમન્ડ ફ્રોઈડના સિદ્ધાંતોમાંથી થઇ એમ કહીએ તો પણ ખોટું નથી. માણસના વિચારો અને તેનું શરીર એકબીજા ઉપર બાહ્ય અસર છોડે છે. સિગમન્ડ ફ્રોઈડ એવું માનતા કે લોકોનું વર્તન તેના આંતરિક મનની અંદર ચાલી રહેલ વંટોળનું અછડતું પ્રતિબિંબ રજૂ કરે છે. સિગમન્ડના એક મત અનુસાર મનુષ્યના દરેક વિચાર પાછળ સેક્સ જવાબદાર હોય છે. માણસના સ્વપ્ન પરથી તેના વ્યક્તિત્વની પરખ કરતા સર ફ્રોઈડ ૧૯મી સદીની અનન્ય પ્રતિભાની સાખ પૂરે છે. ૭ મે ૧૮૫૬માં ઓસ્ટ્રિયાના ફ્રીબર્ગમાં જન્મેલ સિગમન્ડ ફ્રોઈડ ૪ વર્ષની ઉંમરે વિયેના સ્થાયી થયા. જ્યાં ફ્રોઈડે ૧૮૮૧ના રોજ ચિકિત્સકની શિક્ષા મેળવી. એક મેડીકલના વિદ્યાર્થી તરીકે ફ્રોઈડે ન્યુરોબાયોલોજીમાં પોતાનું રીસર્ચ શરૂ કર્યું. પોતાના શરૂઆતી દિવસોમાં સિગમન્ડે પોતાના સાથી મિત્ર જોસેફ બરેયુર સાથે કાર્ય શરૂ કર્યું. કેટલાક અણબનાવ અને મતભેદોને લીધે બંનેએ એકબીજાનો સાથ છોડી દીધો. પરંતુ સિગમન્ડે પોતાની રીસર્ચ ચાલુ રાખી. અને જોતજોતામાં જ તેણે મનોવિજ્ઞાનની કેટલીક તકનીકોનો આવિષ્કાર કર્યો. એ જ અરસામાં ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં સર ફ્રોઈડે એક એવા સિધ્ધાંતની રચના કરી જેણે સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા. ગ્રીક પુરાણના એક પાત્ર ઈડિપસને લઇ આ આખા સિધ્ધાંતનો જન્મ થયો. ઈડિપસ માટે પણ એક ભવિષ્યવાણી કરાઈ હતી કે તે પોતાના પિતાનું ખૂન કરશે. જેના અનુસાર સિગમન્ડ ફ્રોઈડે કહ્યું કે દરેક સંતાન તેના પિતા વિરુદ્ધ વિદ્રોહની એક ભાવના રાખે છે. ફ્રોઈડની આ થિયરી જરા આત્યંતિક હતી પણ ફ્રોઈડની આ વાત સાચી હતી કે બચપણમાં પિતાના સંરક્ષણથી વધુ મહત્વની જરૂરીયાત બીજી કોઈ નથી હોતી. આવા અનન્ય અર્થઘટન અને માર્મિક રહસ્યોને ઉજાગરા કરતા સિગમન્ડે દુનિયાને મનોચિકિત્સાની અનન્ય ભેટ આપી.

ચાર વર્ષની ઉંમરે તેઓ વિયેના બર્ગેસે સ્ટ્રીટ પરના ૧૯ નંબરના મકાનમાં રહેવા આવ્યા. અને ત્યાં જ સ્થાયી થયા. આશરે પચાસેક જેટલા વર્ષ ફ્રોઈડ વિયેનાના આ મકાનમાં રહ્યા. જોકે કોમવાદ અને કેટલાક અણબનાવના કારણે ફ્રોઈડે ન ચાહીને પણ વિયેના છોડવું પડ્યું હતું. જ્યાંથી તેઓ લંડન સ્થાયી થયા. જો કે લંડનમાં પણ સિગમન્ડ ફ્રોઈડનું વિશાળ સંગ્રહાલય જોવા મળે છે. પરંતુ જેમના ગયા બાદ વિયેનાના લોકોને તેની સાચી પ્રતિભાની ઓળખ થઇ. અને જે ઘરમાં તેઓ આટલા વર્ષો સુધી રહ્યા અને જ્યાં તેમણે સાયકોએનાલિસીસ જેવી થીયરીની રચના કરી આ ઉપરાંત સિગમન્ડે વિયેનામાં આવેલા પોતાના આ ઘરને જ ચિકિત્સાલય બનાવી દીધું હતું. દરેક દર્દી ત્યાં આવીને નિરાંતની પળો માણતા તો સર ફ્રોઈડ પણ પોતાની મસ્ત અલબેલી દુનિયાની રચના પણ બર્ગેસે સ્ટ્રીટ પર આવેલ આ મકાનમાં જ કરી હતી. અને માટે જ આ મકાનને સન ૧૯૭૧માં સત્તાવાર રીતે સિગમન્ડ ફ્રોઈડ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી. આમ તો સિગમન્ડ ફ્રોઈડના બીજા બે મ્યુઝિયમ પણ છે પરંતુ વિયેનામાં સ્થિત આ મ્યુઝીયમની વાત જ અનોખી છે. મનોવિજ્ઞાન એટલે કે સાયકોલોજીના ભવ્ય ઇતિહાસની અહી પ્રદર્શિત કરવામાં આવ્યો છે. મ્યુઝિયમમાં પ્રવેશતા જ એક અજાયાબતાનો એકાકાર થઇ આવે છે. બહારની ધાંધલ ધમાલથી અલાયદા સાવ જ એક અજાયબ શાંતિનો પગરવ સર સિગમન્ડના આ મકાનમાં પ્રવેશતા જ થઇ આવે છે, આચ્છી ઘેરી રોશનીમાં તરબતર ઈતિહાસ સિગમન્ડ ફ્રોઈડની ભવ્ય ચિકિત્સા પદ્ધતિ અને તેમની અનન્ય શોધના દર્શન કરાવે છે. સિગમન્ડ ફ્રોઈડના પરિવાર સહીત તેમના લીવીંગ રૂમ તેમના બાળકો અને તે સમયમાં લેવાયેલ સર ફ્રોઈડની જુદી જુદી અવસ્થાને પ્રદર્શિત કરે છે. ફ્રોઈડના આ વિશાળ મકાનમાં આજેય તેમને વાપરેલ કેટલીક ચીજવસ્તુઓનો સંગ્રહ કરાયેલ છે. સહેજ આગળ વધતા એક નાનો સરખો દરવાજો ફ્રોઈડના વિશાળ પુસ્તકાલય તરફ લઇ જાય છે.

લગભગ મનુષ્ય જીવન અને મનોવિજ્ઞાનને લગતા તમામ પુસ્તકોનો અહીં ખજાનો સચવાયેલ છે. આશરે ૩૮૦૦૦ જેટલા વિવિધ પુસ્તકો અહીં સચવાયેલ છે. જ્યાં મનોચિકિત્સાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી લઇ કેટલાય તબીબો અહી આવી પોતાના અભ્યાસને નવો ઓપ આપે છે. જે ઉપરાંત એક લાંબી સરખી ફ્રોઈડ ખુરશીની નજીક ફ્રેમ કરીને રખાયેલ સર ફ્રોઇડના સ્વલિખિત લેખ તેમના વાચાળીત વ્યક્તિત્વની ઓળખ આપી જાણે છે. એ સમયના સમાયિકો તેમજ પોતે કરેલ શોધના વિવિધ પુરાવાઓ પણ અહીંથી પ્રાપ્ત થઇ આવે છે. બે ઘડી બેસીને શાંત ચિત્તે આ પુસ્તકાલયને માણવો પણ એક લ્હાવો છે. જે સાથે ઘરના મધ્યસ્થ ભાગમાં એક સુંદર મજાની લેબોરેટરીને આકાર અપાયો છે. મનુષ્યના આનુવંશિક લક્ષણો તેમજ મનુષ્ય સ્વભાવને પ્રતિપાદિત કરતા કેટલાંક ચિત્રો આ લેબોરેટરીના પરિસરમાં સમાવિષ્ટ છે. આ સાથે હ્યુમન સ્કલ્પચર અને મનુષ્ય મસ્તિષ્કના છુટા છવાયા ખંડની પ્રતિકૃતિ સિગમન્ડ ફ્રોઈડ દરેકની અંદર ઉતરીને રહસ્યોને ઉજાગર કર્યાનો ખોળ પાડી જાણે છે. આ ઉપરાંત સિગમન્ડ ફ્રોઈડે કરેલ વિવિધ સિદ્ધાંતોની વિસ્તાર પૂર્વક સમજ અહીં પ્રદર્શિત ચિત્રો અને લેખોમાં આપવામાં આવી છે. જેથી સહેજ આગળ વધતા જ થોડા સમય પહેલા આવેલ ડીયર જિંદગી નામક ફિલ્મના કેટલાંક સીન્સની ઝાંખી કરી રહ્યા હોય તેવો અનુભવ મળે છે. ભવ્ય ચિકિત્સાલયમાં પેશન્ટને બેસવા માટે રાખેલ ખુરશીઓ જો કે કહેવાય છે કે સર સિગમન્ડને પોતાની ખુરશીઓ પ્રત્યે અત્યંત લગાવ હતો જેના પર સુવાડી તેઓ પેશન્ટની સારવાર કરતા તેવી અનેક ખુરશીઓ ફ્રોઈડે વસાવી હતી અને આ તમામ ખુરશીઓને સિગમન્ડ લંડન જતી વખતે પોતાની સાથે લઇ ગયા હતા જે આજેય લંડનના મ્યુઝિયમમાં સચવાયેલ છે. મકાનની ઓફીસમાં કલોક ટાવર તેમજ રેતઘડી, જુદા જુદા પ્રકારના કેટલાંય ન સમજાય તેવા સાધનો અને મનોચિકિત્સાના જુદા જુદા અંશો અહી પ્રદર્શિત કરાયા છે.

**૨૦મી સદીના ઉત્તરાર્ધમાં સર ફ્રોઈડે એક એવા સિધ્ધાંતની રચના કરી, જેણે સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા. ગ્રીક પુરાણના એક પાત્ર ઈડિપસને કેન્દ્રસ્થાને રાખીને આ આખા સિધ્ધાંતનો જન્મ થયો. ઈડિપસ માટે પણ એક ભવિષ્યવાણી કરાઈ હતી કે તે પોતાના પિતાનું ખૂન કરશે, જેના અનુસાર સિગમન્ડ ફ્રોઈડે કહ્યું કે દરેક સંતાન તેના પિતા વિરુદ્ધ વિદ્રોહની ભાવના રાખે છે. ફ્રોઈડની આ થિયરી જરા આત્યંતિક હતી પણ આ વાત તો સાચી જ હતી કે બચપણમાં પિતાના સંરક્ષણથી વધુ મહત્વની જરૂરિયાત બીજી કોઈ નથી હોતી.**



આ ઉપરાંત સિગમન્ડ ફ્રોઈડ દ્વારા પેશન્ટને બતાવાતી ફિલ્મોનો પણ ખૂબ મોટો સંગ્રહ અહીં આગળ કરાયો છે. જેમાંથી કેટલીક ફિલ્મો તો કદાચ બીજે ક્યાંય મળે તેમ પણ નથી. આ સાથે વિશાળ ખંડની ચોતરફ પડેલ અનન્ય ચીજવસ્તુઓમાંથી કેટલીક બિહામણી તો કેટલીક અચરજ પમાડે તેવી ચીજવસ્તુઓ સર ફ્રોઈડની ચિકિત્સા પદ્ધતિની ઊંચાઈને ઓળખ પ્રદાન કરે છે. આ સાથે જે-તે સમયે વિવિધ ચિત્રકારો દ્વારા દોરાયેલ સર ફ્રોઈડના વિવિધ ચિત્રો પણ તેમના વિશાળ વ્યક્તિત્વને જીવંતતા બક્ષે છે. પ્રશાસન દ્વારા ખંડના એક ભાગમાં મનોચિકિત્સા ક્ષેત્રે આજ દિન સુધી આવેલ ફેરફારો અને તેની વિગતવાર માહિતી અહીં સચાવાયેલ છે. આ સાથે હિપનોટિઝમ અને તેને લગતા કેટલાંક ઉદાહરણો અને વિગતો પણ અહીં ટંકાયેલ છે. દર વર્ષે અહીં કેટલાંક ખાસ દિવસોમાં વિવિધ સેમીનાર અને પ્રોગ્રામોનું આયોજન કરાય છે જેમાં સિગમન્ડ ફ્રોઈડના વિવિધ સિદ્ધાંતોથી લઇ મનોચિકિત્સાને લગતી વાતો કરાય છે. અને તેથી જ તબીબો અને મનોચિકિત્સામાં રસ ધરાવતા પર્યટકો માટે તો બર્ગેસે સ્ટ્રીટનું આ મકાન આશીર્વાદ સમું છે.

# બાળકનો ઉછેર કરવાની જવાબદારી સ્વયં ઉઠાવી જુઓ પછી સમજાશે કે કેટલું કઠીન કાર્ય છે

મહેશભાઇ મુંબઇની મોટી કંપનીમાં સારી પોસ્ટ ઉપર છેલ્લા ત્રીસ વરસથી કામ કરતા હતા. તેમને એક જ દીકરો. લાડથી ઉછેર્યો. તેને માટે ટ્યુશનો રાખ્યા. સ્કુલે જવા ખાસ ડ્રાઈવર સાથેની ગાડી રાખી. દીકરો નિમેષ પણ સાથે એટલી જ મહેનત કરી કલાસમાં પ્રથમ નંબર જાળવી રાખતો. સ્કૂલનો અભ્યાસ ખૂબ સારા પર્સેન્ટેજ સાથે પૂરો કર્યો. મુંબઈની આઇ.ટી.કંપનીમાં એડમીશન લીધું. નિમેષે એમાં પણ ખંતથી કોમ્પ્યુટર સાયન્સમાં ખૂબ સારા પર્સેન્ટેજ મેળવ્યા. મહેશભાઈએ નિમેષને વધુ

**દિકરો-વહુ બન્ને નોકરી કરે અને બાળકના ઉછેરની જવાબદારી આયાની જેમ દાદાજીને સોંપે તે હવે નહીં ચાલે**

અભ્યાસ માટે અમેરિકા મોકલ્યો. ત્રણ વરસ તો કયાંય નીકળી ગયા. દરમ્યાનમાં મહેશભાઇ રીટાયર થઇ ગયા હતા.

નિમેષ સ્ટડી કરીને પાછો ઈન્ડિયા આવી ગયો. એને મુંબઈની એક આઇ.ટી.કંપનીમાં જોબ મળી ગઇ. નિમેષ સારી રીતે સેટલ થઇ ગયો. એટલે મહેશભાઇએ એમના એક નજીકના મિત્રની દીકરી પ્રિયા સાથે લગ્ન નક્કી કર્યા. પ્રિયા પણ આઈ.ટી.ગ્રેજયુએટ હતી. ધામધુમથી લગ્ન કર્યા. મહેશભાઇનું જીવન સુખમય ચાલતું હતું. ત્યાં જ એમના પત્ની ટુંકી માંદગી બાદ અવસાન પામ્યા. મહેશભાઇ તો ઢીલા થઇ ગયા.પણ જેવી ભગવાનની મરજી. એમ સમજીને પોતાની જાતને સંભાળી લીધી.

થોડા સમય પછી. નિમેષને બેંગ્લોરની એક જાણીતી કંપની તરફથી સરસ ઓફર આવી. તેણે પપ્પાને વાત કરી. પપ્પા. આ એક સરસ ઓફર છે. અમને બંનેને સાથે જ જોબ કરવાની. અને પે-સ્કેલ પણ સારો છે. આ કંપનીને કારણે અમારા આગળ વધવાના ચાન્સીઝ પણ સારા છે. તો જો તમે રજા આપતા હોવ, તો આપણે બેંગ્લોર શીફ્ટ થઇ જઇએ. મહેશભાઇ, આ વાત જાણી ખુશ થઇ ગયા. અને ઉત્સાહથી બોલ્યા.બેટા, તારી પ્રગતિ જોઇ, મને ખુબ જ આનંદ થાય છે. એવું કરો, તમે બંને બેંગ્લોર જાઓ હું આ ઉંમરે આ ઘર અને મુંબઇ છોડી જવા ઇચ્છતો નથી. તમે બંને ત્યાં સુધી સેટલ થઇ જાવ. પછી મને બોલાવી લેજો. હું આવી જઇશ.

નિમેષ અને પ્રિયા બેંગ્લોર ગયા. બે વર્ષ બાદ તેમને ત્યાં દીકરીનો જન્મ થયો. નામ રાખ્યું અનુપ્રિયા. દિવસો વિતતા અનુ પણ મોટી થઇ ગઇ. નિમેષે પપ્પાને ફોન કરી. બેંગ્લોર આવવા આગ્રહ કર્યો, મહેશભાઇ પણ રાજી થઇ ગયા, અને પૌત્રી અનુ સાથે રહેવા મળશે. તેવા વિચારથી તે તરત બેગ્લોર પહોચી ગયા. નિમેષ અને પ્રિયા પણ ખુશ થઇ ગયા કે, હવે અનુની ચિંતા જ નહિ, દાદાજી એને સંભાળશે. મહેશભાઇ પણ અનુ સાથે રમે અને વાર્તાઓ કહે, એમ એમનો સમય પણ સારી રીતે પસાર થવા માંડયો.

રોજની જેમ આજે પણ મહેશભાઇ સોસાયટીના બગીચાની બેન્ચ પર બેઠા હતા. તેઓ રોજ ૫-૩૦ વાગે આવી



**વિવેક**

- યોગેશ ચુડગર

૯૮૭૯૫૧૬૪૯૮

જતાં. અને ૭-૦૦ વાગ્યા સુધી રહેતા છ ફૂટનું કદ, અને મજબૂત બાંધો. શરુ શરુમાં તો મોઢા પર મુસ્કાન સાથે આ સમયે બગીચામાં બેસતાં.

નીતું, તેમની પડોશમાં રહેતી, રીતુ ઓફિસેથી ઘરે આવી રહી હતી. દાદાજીને જોઇને એમની પાસે થોડા સમય બેસવા આવી. નીતુએ જોયું કે, આજે દાદાજીના ચહેરા પર મુસ્કાન દેખાતી નહોતી.નીતુએ પુછી જ લીધું કે શું વાત છે દાદાજી ? આજે તમે ચિંતામાં લાગો છો ? દાદાજીએ વાત ટાળતા કહ્યું અરે, ના,ના, રીતુ બેટા, એ તો બસ હવે ઉંમર થઇ ગઇ છે ને તો થાકી જવાય છે.

એટલામાં એમની પૌત્રી અનુ દોડતી આવી અને એમનો હાથ પકડીને જોરથી ખેંચવા લાગી અને કહ્યું, દાદાજી, તમે મારી સાથે સાતતાલી રમોને. દાદાજીએ અનુને ચુમી ભરીને એને સમજાવતાં કહ્યું, અનુ બેટા, દાદાજી આજે થાકી ગયા છે. તું એકલી રમ. હો ને, દાદાજી સાતતાલી એકલાથી રમાય ખરી ? દાદાજીએ અનુને ફરી ચુમીને કહ્યું, બેટા કાલે, જરુરથી રમીશું હો ને, પરંતુ અનુ માની નહી, અને રડતી-રડતી ઘર તરફ



દોડી.

એની પાછળ દાદાજી પણ દોડયા, પરંતુ રસ્તામાં જ પડી ગયા. નીતુએ દોડીને દાદાજીને ઉભા કર્યા. અને પાસેની બેન્ચ પર બેસાડયા, એટલામાં અનુના મમ્મી આવીને ઉંચા અવાજે કહેવા લાગી, આ શું છે દાદાજી ? હુ ઓફિસના એક ઈમ્પોર્ટન્ટ કોલ પર હતો. તમે થોડી સમય પણ અનુને સંભાળી ના શકો ? જુઓ, તો કેટલું રડી રહી છે. કોઇ મોટી વાત થોડી કીધી હતી એણે ? થોડો સમય સાથે રમી લીધું હોત તો ? પણ, ના, આ નીતુ સાથે પંચાત કરવામાંથી નવરા પડો ત્યારે ને ?

દાદાજી નીતુની સામે ઘરની વાત કહેવા માંગતા નહોતા.એટલા માટે કશુ બોલ્યા નહિ. અનુ પોતાની મમ્મી સાથે ચાલી ગઇ. દાદાજીએ ઉભા થવાની કોશિષ કરી પરંતુ તેમનાથી ઉભુ નહોતું થવાતું. નીતુએ કહ્યું, દાદાજી, ચાલો મારો હાથ પકડો, દાદાજી પરાણે ઉભા થયા. દાદાજી, મને એ કહો, તમે તમારી વહુને કશું કહ્યું કેમ નહિ ? દાદાજી કશુ ના બોલ્યા અને ધીરે ધીરે ઘર તરફ ચાલવા લાગ્યા.

દાદાજીના બાજુના ફલેટમાં રહેતા સરલાબેન, આવ્યા અને નીતુને બધી વાત એમણે માંડીને કરી, દાદાજી, એક મોટી કંપનીમાં મેનેજર હતા. હાલમાં રીટાયર્ડ છે. પરંતુ એમણે અહિ બેંગ્લોરમાં આવવું પડયું. કારણ કે દિકરાને એમની જરુર હતી. એકચ્યુઅલી દીકરો અને વહુ બંને આઇ.ટી.કંપનીમાં જોબ કરે છે. આખો દિવસ ઓફિસમાં રહેતા, દીકરીને સંભાળવાનો પ્રશ્ન ઉભો થયો. એટલે દાદાજીને મુંબઇથી બોલાવી લીધા. દાદાજી તો ખુશ ખુશ થઇ ગયા. અને વિચારવા લાગ્યા કે મારા દિકરાએ મને પોતાની પાસે રહેવા બોલાવ્યા. પોતાની પૌત્રી અનુ પાસે રહેવા બોલાવ્યા. પરંતુ એને ખબર નહોતી કે અનુની સંપૂર્ણ જવાબદારી જ દાદાજીને સોંપી દેવામાં આવશે.

દાદાજીની ઉંમર થઇ ગઇ હતી. એટલે એ આ જવાબદારી સંભાળી શકે તેમ નહોતા. તેમ છતાં દાદાજીએ થોડાક દિવસો અનુને ખુબ સારી રીતે રાખી. પણ આખો દિવસ હેરાન કરતી અનુને સંભાળવાનું તેમના માટે મુશ્કેલ થઇ જતું. હકીકતમાં તો દાદાજીની આ ઉંરે દીકરા અને વહુએ સંભાળ રાખવી જોઇએ. નીતુને આ વાત જાણી ખુબ દુઃખ થયું.

દાદાજી પોતાના રુમમાં પગે મલમ લગાડતા લગાડતા વિચારી રહ્યા હતા કે અહિયા કરતા મુંબઇમાં એમની દિનચર્યા ખુબ સારી હતી. સવારે ઉઠીને ગાર્ડનમાં યોગા કરવા જવાનું. ઘરે જઇને થોડું વાંચન કરવાનું. બપોરે ટીફીન આવે એટલે નિરાંતે જમવાનું. બપોરની ઉંઘ ખેંચીને સાંજે સીનીયર સીટીઝન કલબમાં મઝા કરવાની. અહીંયા તો દીકરો અને વહુ પોતાના કામને વધુ ઈમ્પોર્ટન્સ આપતાં. બંને જણા સવારે ૯-૦૦ વાગે નીકળી જાય. ઓફિસમાં જવા. અને રાત્રે ૮-૦૦ વાગે આવે.

દાદાજીએ થોડા દિવસ તો સહન કર્યું. પરંતુ એક દિવસ નિર્ણય લઇ લીધો. દીકરાને અને વહુને બોલાવીને કહી દીધું. હું હવે મુંબઇ જવાનો છું. તમને અને અનુને ખૂબ પ્રેમ કરુ છું. હું તમને મળવા આવતો રહીશ. મને અહિંયા ફાવતું નથી. કારણ કે એક બાળકની જવાબદારીઓ સંભળાવી અને બાળક સાથે સમય વીતાવવો એ બંને અલગ વસ્તુ છે. અને હું દલીલોમાં પડવા માંગતો નથી.

બીજા જ દિવસે દાદાજી મુંબઇ જવા નિકળી ગયા. મુંબઇમાં એમની

**બેંગ્લોરની આઇ.ટી.કંપનીમાં કામ કરતાં દિકરા-વહુએ બાળકના ઉછેર માટે મુંબઈથી દાદાજીને લાવ્યાં તો ખરા પણ આખરે...**

દીનચર્યા પહેલાની જેમ ગોઠવાઇ ગઇ. ફરી પાછા મોજના દિવસો શરૂ થઇ ગયા. આ બાજુ, દીકરા અને વહુને દાદાજીની વાત સાંભળીને પોતાની ભૂલ સમજાઇ. એમણે તો દાદાજીને ફક્ત અનુને રાખવા વાળા નોકરની જેમ ગણ્યા હતા. મનમાં ઘણો પસ્તાવો થયો. તેમની ઉંમરનો ખ્યાલ ના રાખ્યો. અને એમની ચુપ્પીનો ફાયદો જ ઉઠાવ્યો.

દાદા-દાદીની ઘરે હોવાની વાત બાળકોના ઉછેર માટે ઉત્તમ છે. પણ બાળકની સંપૂર્ણ જવાબદારી સોંપીને ચાલ્યા જાય છે. એમ સમજીને કે બાળક રાખવા માટે કરવાનું પણ શું હોય ? ખૂબ આસાન છે. પરંતુ એકવાર આ જવાબદારી સવયં ઉઠાવી જુઓ. પછી ખ્યાલ આવશે કે આસાન લાગતું આ કામ હકીકતે કેટલું કઠિન હોય છે.



# અમે બન્નેએ પહેલી વખત જ એકબીજાને જોયા હતા...

અમારી નાત-જાતનાં મોટા ભાગના લોકો અમદાવાદ શહેરમાં વસે છે. ત્યાં અમારી નાતની કલબ છે. જેમાં એક વાંચનાલય પણ ચલાવવામાં આવે છે.

જેમાં વિવિધ લેખકોની લખેલી નવલિકાઓ, વાર્તાઓ, નિબંધમાળા, નાટકો અને કવિઓની રચેલી કવિતાઓ,ગઝલકારોની ગઝલો અને શાયરોની બનાવેલી શાયરીઓનાં પણ પુસ્તકો વસાવેલા છે. અમારી નાતના સાહિત્યરસિક સભ્યો પોતાનો શોખ મુજબ પોતાને ગમતા પુસ્તકો નિઃશુલ્ક વાંચવા ઘરે લઇ જઇ શકે અને વાંચીને પરત કરી શકે તેવી વ્યવસ્થા કરાવામાં આવી છે.

ઇ.સ.૧૯૬૫-૧૯૬૬ ના વર્ષના ગાળામાં મારા કોલેજ જીવનનાં દિવસોમાં વેકેશન પડતાં હું મુંબઇથી મારે માદરે વતન અમદાવાદ ગયો હતો. ત્યારે થોડા દિવસનાં મારા મુકામ દરમિયાન



**સોબત**

- શ્રેણીક દલાલ

૯૮૨૦૧૮૮૦૭૪

હું એક દિવસ સમી સાંજે ગોરસ સમયે મારા પિત્રાઇભાઇ સ્મિતેશ જોડે નાતના વાંચનાલયમાં ગયો હતો. મને કવિ કલાપીનો કેકારવ નામનું પુસ્તક વાંચવા જોઇતું હતું. આ સમયે વાંચનાલયમાં માંડ બે ચાર સભ્યો હાજર હતાં. કવિ કલાપીનો કેકારવ ચોપડી શોધતા-શોધતા મારી નજર એક છોકરી પર પડી. તે પણ કોઇ એક ચોપડી શોધતી હતી. અનાયાસે અમે બન્ને એક જ બુક સેલ્ફ આગળ આવી ગયાં. મને જે ચોપડી જોઇતી હતી તે મળતા હું હાથમાં લેવા ગયો ત્યારે તે જ ચોપડી લેવા તેણે પણ હાથ લંબાવ્યો. બંન્નેને એ જ ચોપડી લેવી હતી. મે તેને એ ચોપડી લઇ જવા જણાવ્યું ત્યારે તેણે શરમાતા શરમાતા મને ચોપડી લઇ લેવા કહ્યું. મે કહ્યું કે તમે પહેલા લઇ લો પણ તેને પણ મને પહેલાં લઇ લેવા જણાવ્યું. મે આભારની લાગણી વ્યક્ત કરી. અમને બંન્નેને એક જ સમયે એ જ વિષયનું પુસ્તક જોઇતું હતું. તે ફક્ત ટેલીપથી જ હતી. અમે બંન્નેએ પહેલી વખત જ એકબીજાને જોયાં હતા. મારી પહેલી જ નજર તે છોકરી પર પડતાં તે મારા દિલમાં વસી ગઇ હતી. મે હિમ્મત કરીને સ્મિત કર્યું ત્યારે તેને પણ શરમાતા શરમાતા સ્મિતનો જવાબ સ્મિતથી આપતાં હું ગાંડોઘેલો બની ગયો અને મારા દિલમાં પ્રેમની લાગણીના અંકુર ફુટવાનો અનુભવ થયો.

૧૯૬૬ થી ૧૯૭૩ સુધી મારે પરદેશ જવાથી અમે એકબીજાને મળી શકતા નહિ ત્યારે અમને બંન્ને વિરહ બહુ જ આકરો લાગતો હતો. છેવટે વિરહ પછીના સાત વર્ષના વહાણા બાદ અમારા ગ્રહના પાસા સફળ થતાં અમારા ભાગ્યમાં લખ્યા મુજબ અમારા બંન્ને પરિવારની સંમતિથી અમારા લગ્ન થતાં એક થઇ ગયાને લગભગ આજે ૪૮ વર્ષ જોત-જોતામાં વિતી ગયાં. આજે પણ અમારી દરેક લગ્ન તિથિએ આ પહેલી મુલાકાતનું દ્રષ્ય યાદ કરીને પાછું એવું જ વહાલભર્યું સ્મિત કરીને અમે બન્ને આનંદ મેળવીએ છીએ.



(તસ્વીર : ગજુભા વાઘેલા - શિહોરી)

# ઉંબરી આરોગ્ય કેન્દ્ર દ્વારા સગર્ભા મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

શિહોરી, તા.૫

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માતૃ બાળકલ્યાણ, માતા મરણ અને બાળમરણ અટકાવવા પ્રા.આ.કે ઉબરી દ્વારા વિનામૂલ્યે સગર્ભામાતા તપાસણી કેમ્પ યોજવામાં આવ્યો જેમાં ઉબરી પ્રા.આ.કેન્દ્રના તમામ ગામમાંથી બહોળી સંખ્યામાં સગર્ભા બહેનો આવી હતી. જેમની મેડિકલ તપાસ બ્લેસીંગ વુમન્સ હોસ્પિટલના ગાયનેક ડો. ભદ્રેશ પંચીવાલા દ્વારા કરવામાં આવેલ. જેમાં સગર્ભાઓને મેડિકલ તપાસ, લેબોરેટરી, નિદાન, સારવાર આરોગ્ય શિક્ષણ, સમયસર તપાસ, પૌષ્ટિક આહાર, રસીકરણ, હળવી કસરતો વિશે પ્રા. આ. કે. ઉંબરીના સ્ટાફ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

જેમાં પોષણ આહારમાં મગ તેમજ આયર્ન ફોલિક ગોળીઓ, કેલ્શિયમ ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું. આ કેમ્પમાં મોટી સંખ્યામાં સગર્ભા બહેનો આવેલ. ૧૦૮ અને ખિલખિલાટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આરોગ્ય સ્ટાફ દ્વારા આપવામાં આવતી દવાઓનો નિયમિત પણે ડોક્ટરની સલાહ મુજબ ઉપયોગ કરે તેમજ સંસ્થાકીય સુવાવડ, ૧૦૮ અને ખિલખિલાટ સેવાઓના લાભ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તમામ સગર્ભા માતાઓને જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ૫૦૦ ગ્રામ મગ પેકિંગ ડાયેટ તરીકે આપવામાં આવેલ. આ કેમ્પ તા.હે. ઓફિસર ડો. પી. એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ તેમજ ડો. પ્રદીપ સોલંકીની સલાહ સૂચન તેમજ આર. બી. સાધુ, પરેશ જોષી તેમજ તમામ બહેનો, જે. આર. શાહ, આશાવર્કર, આશા ફેસિલિટેટર તેમજ અન્ય સ્ટાફ દ્વારા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

### સંસ્થાકીય સુવાવડની સલાહ ૫૦૦ ગ્રામ મગ ડાયેટમાં આપવામાં આવ્યાં

# ૧૦૮ અંતર્ગત ખિલખિલાટ સેવા દ્વારા ૯ વર્ષમાં ૨.૮૮ લાખ પ્રસૂતાએ લાભ મેળવ્યો

પાલનપુર, તા.૫

સરકારી હોસ્પિટલમાં પ્રસૂતિ મહિલાઓ અને નવજાત શિશુને ખિલખિલાટ વાન દ્વારા સલામત રીતે ઘરે પહોંચાડવામા આવે, નવજાત બાળક અને માતાને હાલાકીનો સામનો ના કરવો પડે તે હેતુથી જીવીકે ઈએમઆરઆઈ ૧૦૮ના અંર્તગતથી ૨૦૧૨થી આ સેવા શરૂ કરવામાં આવી હતી.





(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

ગુજરાત સરકાર દ્વારા માતા મરણ અને બાળ મરણ અટકાવવા ઘણા પ્રયોત્નો ચાલી રહ્યા છે. એવામાં ૧૦૮ દ્વાર ચાલતી ખિલખિલાટ સેવાનો મહત્વનો ફાળો રહેલો છે.

ગુજરાતમાં આ ખિલખિલાટ સેવા ૨૦૧૨માં શરૂ થઈ હતી અને ૪ સપ્ટેમ્બરના રોજ ૯ વર્ષ પૂરા થયા હતા અને આ સમય દરમિયાન ૯ વર્ષમાં અંદાજે ૨,૮૮,૩૪૮ (બે લાખ અઠયાસી હજાર ત્રણસો અડતાલીસ) માતા અને બાળકોએ આ ખિલખિલાટ સેવાનો લાભ લીધો છે. આ સમય દરમિયાન ખિલખિલાટના તાલીમબધ્ધ કેપ્ટન દ્વારા સગર્ભા બહેનોને પ્રસૂતિના ૯ મહિના સુધી હોસ્પિટલમાં લઈ જવા અને પરત સલામત રીતે ઘરે મૂકવા જવા અને ૧ વર્ષ સુધીના બાળકને કોઈ પણ તકલીફ મા ઘરેથી હોસ્પિટલ અને હોસ્પિટલથી ઘરે સલામત રીતે ખિલખિલાટ વાન દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવે છે.

### પ્રસૂતિના ૯ મહિના સુધી હોસ્પિટલ અને પરત ઘરે સલામત રીતે પહોંચાડીને ખિલખિલાટ સેવા

ઉત્તર ગુજરાતના પ્રોગ્રામ મેનેજર કમલેશ પઢિયારની સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે આ ખિલખિલાટની ૯ વર્ષની સફર દરેક કેપ્ટન ભાઈઓનો મહત્વનો ફાળો રહેલો છે. દરેકને આ શુભેચ્છા પાઠવી હતી અને વધુમાં તેમને જણાવ્યું હતું કે, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ૯ વર્ષમાં ૫૧૭૦૭૧ લાભાર્થીઓને લાભ લીધો હતો.



(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

# બનાસકાંઠાના ૨૪ શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપી સન્માનિત કરાયાં

પાલનપુર, તા.૫

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી ડો. નરેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, જિલ્લા અને તાલુકા કક્ષાએ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક એનાયત કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૧ માટે બનાસકાંઠા જિલ્લામાંથી જિલ્લા અને તાલુકા કક્ષાના ૨૪ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૧માં પ્રાથમિક વિભાગમાંથી ૨ શિક્ષકો પસંદગી કરવામાં આવી છે.

જેમાં લાખણી તાલુકાની મોરાલ પ્રાથમિક શાળાના શિક્ષક સુખદેવરામ ઈશ્વરલાલ જોષી અને ભાભર તાલુકાની લાડુલા પ્રાથમિક શાળા શિક્ષિકાશ્રી રમીલાબેન દાનાભાઈ મકવાણાને જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યો છે. સી.આર.સી./ બી.આર.સી./ કે.નિ./ એચટીએટી આચાર્ય વિભાગમાંથી દાંતીવાડા બી.આર.સી. કો.ઓર્ડિનેટર જીગર જયંતીલાલ જોશીને પારિતોષિક અપાયો છે.

તાલુકા કક્ષાના શ્રેષ્ઠો પારિતોષિક ૨૧ શિક્ષકોને એનાયત કરવામાં આવ્યાં છે. જેમાં પાલનપુર તાલુકાની સરીપડા પ્રા.શાળાના દલજીભાઈ વિરસંગભાઈ રાતડા અને ભૂતેડી પ્રા.શાળાના પરેશકુમાર બાબુભાઈ પુરોહિત, વડગામ તાલુકાની નાવીસણા પ્રા.શાળાના ભરતજી પરબતજી રાઠોડ અને સીસરાણા પે. કેન્દ્ર શાળાના દિલીપકુમાર હરગોવનભાઈ પ્રજાપતિ, દાંતા તાલુકાની બારવાસ પ્રા.શાળાના હેતલબેન દશરથભાઈ પટેલ, ભાભર તાલુકાની રણછોડપુર પ્રા.શાળાના મહેન્દ્રકુમાર છનાભાઈ રાવળ, લાખણી તાલુકાની માણકી પ્રા.શાળાના ભાવિકકુમાર સોમાભાઈ પટેલ અને મડાલ પ્રા.શાળાના રોશનીબેન સુરેશકુમાર જોશી, થરાદ તાલુકાની વડગામડા પ્રા.શાળાના રાયમલભાઈ ઉમાભાઈ પરમાર અને ઉંટવેલીયા પ્રા.શાળાના દિનેશભાઈ ધનાભાઈ ચૌહાણ, વાવ તાલુકાની ટડાવ પ્રા.શાળાના મયુરીબેન અક્ષયકુમાર પાધ્યા અને ઢેરીયાણી પ્રા.શાળાના રવજીભાઈ રૂપસીભાઈ કાંદળી, કાંકરેજ તાલુકાની રણવાડા પ્રા.શાળાના નિકુલકુમાર પ્રવિણચંદ્ર સથવારા અને ઉણ પે.કેન્દ્ર શાળાના સિધ્ધરાજસિંહ જયેન્દ્રસિંહ ઝાલા, દિયોદર તાલુકાની જાલોઢા પરા પ્રા.શાળાના લાલજીભાઈ બહેચરભાઈ સોલંકી અને જાડા પ્રા.શાળાના અલ્પેશકુમાર સોમાભાઈ પ્રજાપતિ, દાંતીવાડા તાલુકાની ભાખર મોટી પ્રા. શાળાના દિપીકાબેન નટવરલાલ પટેલ અને માળીવાસ પ્રા. શાળાના નટવરભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, ડીસા તાલુકાની રસાણા પ્રા. શાળાના પ્રકાશકુમાર પાનાચંદ સોલંકી અને ડાવસ ૧ પ્રા. શાળાના નરસિંહભાઈ બાબુભાઈ સુથાર તથા અમીરગઢ તાલુકાની ઈકબાલગઢ પે. કેન્દ્ર શાળાના કમલેશકુમાર અમૃતલાલ મેજીયાતરને તાલુકા કક્ષાના પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં છે.

### ભાભરની લાડુલા પ્રા.શાળાના શિક્ષિકાને જિલ્લા કક્ષાનો પારિતોષિક એનાયત કરાયો



(તસ્વીર : અયાઝ શેખ - અંકલેશ્વર)

# શિક્ષકો સમાજનું અભિન્ન અંગ છે જે સમાજ ઘડતરનું પાયાનું કામ કરે છે

અંકલેશ્વર, તા.૫

તા.૫, સપ્ટેમ્બર એટલે કે વ્યવસાયે શિક્ષક અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ આ દિવસને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે. અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે પણ આ દિવસને અત્યંત શિક્ષણ પ્રત્યેના સન્માનાભેર ઉજવણી કરવામાં આવી હતી.

અંકલેશ્વર ઉમરવાડા રોડ પર આવેલ અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે શિક્ષકદિન નિમિત્તે એક કાર્યક્રમું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક ગજેન્દ્રભાઈ પટેલ ઉપરાંત અંકલેશ્વર નગર પ્રાથમિક અનો માધ્યમિક શિક્ષણ સમિતિના પ્રમુખ કિંજલબેન ચૌહાણ, ખરોડ બી.એડ. કોલેજના પ્રોફેસર ડો.ઈન્તેખાબ અંસારી અને સંસ્થાના પ્રમુખ નાઝુ ફડવાલા, ટ્રસ્ટી ઈકબાલભાઈ કાગઝી, ઝાહીદ ફડવાલા સહિત અન્ય ટ્રસ્ટીઓ તેમજ શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને શાળાના આચાર્ય અન શિક્ષકોનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે શિક્ષકોને ટ્રોફી પારાંટા સન્માનજનક બોકેટ પહેરાવીનો વધાવવામાં આવ્યાં હતા. આ ઉપરાંત તમામને ભેટ-સોગાદો આપવામાં આવી હતી અને તેમની સેવાને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટી નાઝુ ફડવાલાએ જણાવ્યું હતું કે, શિક્ષકો સમાજનું એક એવુ ભિન્ન અંગ છે જે સમાજના ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવે છે.

શિક્ષકદિન નિમિત્તે તમામ શિક્ષકોને વંદન અને એક સ્વસ્થ, સુશિક્ષિત અનો પ્રગતિકારક પેઢીને સુસંસ્કૃત કરનાર શિક્ષકોનો હું અભિનંદન પાઠવું છું.

### અંકલેશ્વર પબ્લિક સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

# અમરાવતી નદી પર દઢાલ પાસે આવલો બ્રિજ બંધ કરાયો, ૯ મહિના સુધી લોકોને પરેશાની



(તસ્વીર : અયાઝ શેખ - અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરના દઢાલ પાસે આવેલો પુલ ખખડધજ બની જતાં આગામી દિવસોમાં તેનું રીપેરીંગ હાથ ધરવામાં આવશે. રીપેરીંગના કારણે પુલ પરથી નવ મહિના સુધી વાહનવ્યવહાર પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે.

પુલ બંધ રહેવાના સંજોગોમાં આ રોડ પરથી અવર-જવર કરતાં લોકોને ૨૦ કિ.મી.નો વધારાનો ફેરાવો થશે.

અંકલેશ્વર થી સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા હાઈવે ઉપર દઢાલ ગામ નજીક અમરાવતી નદી ઉપરનો બ્રિજ ખખડધજ બની ગયો છે. ૬૧ વર્ષ પહેલાં આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું હતું પણ નિયમિત સમારકામના અભાવે પુલ જર્જરિત હાલતમાં આવી ગયો છે. આ બ્રિજ પરથી રોજના હજારો વાહનોની અવર-જવર રહેતી હોવાથી અકસ્માતનો ભય સેવાઈ રહ્યો હતો. છેલ્લે ૨૦૧૨ની સાલમાં પુલનું રીપેરીંગ કરાવવામાં આવ્યું હતું. દર ચોમાસામાં બ્રિજ પર મસમોટા ગાબડા પડી જતાં હોવાથી વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરતાં હોય છે. વર્ષોથી પુલના વ્યવસ્થિત રીપેરીંગના બદલે વહીવટીતંત્ર માત્ર ગાબડાઓ પૂરી ગાડુ ગબડાવી રહ્યું છે. પુલના રીપેરીંગ બાબતે વિવિધ ઔદ્યોગિક મંડળો પર રજૂઆતો કરી ચુકયાં છે. જિલ્લા વહીવટી તંત્રે ૧૦ ટનથી વધુ ભારદારી વાહનો ત્યાંથી પસાર થવા પર પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં બે રોક ટોક વાહનો પસાર થઈ રહ્યા છે. હવે સરકારે દઢાલ પાસે આવેલાં બ્રિજના રીપેરીંગનું મુહૂર્ત કાઢયું છે. આગામી નવ મહિના સુધી બ્રિજને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવતાં વાહનચાલકોને ૨૦ કિ.મી.નો વધારાનો ફેરાવો થશે.

### આ રોડ પરથી અવર-જવર કરનારાઓએ હવે ૨૦ કિ.મી. ફરીને જવું પડશે : ૬૧ વર્ષ જુના પુલનું સમારકામ હાથ ધરાશે



(તસ્વીર : અતુલ બ્રહ્મભટ્ટ - ધનસુરા)

# અરવલ્લીના ૧૪ શ્રેષ્ઠ શિક્ષકો અને ૮૩૨ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

ધનસુરા, તા.૫

અરવલ્લી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન સમારંભ કાર્યક્રમ ૫, સપ્ટેમ્બરે ગુજરાત રાજયના બિનઅનામત વર્ગોના અયોગના ઉપાધ્યાક્ષ રશ્મિભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાને અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં મ.લા. ગાંધી કોલેજ કેમ્પસ ભામશા હોલ મોડાસા યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રશ્મિભાઈ પંડયાએ પ્રાસંગિક પ્રવચનમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનને જન્મ જયંતીએ તેમને યાદ કરતાં જેમણે સંસ્કાર અને સિંચન કરી દેશની પ્રગતિ માટે વિદ્યાર્થીઓને તૈયાર કર્યા છે તેમને આજે ભારત દેશમાં શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોએ જ્ઞાનની ગંગા સતત વહેતી રાખી છે. શિક્ષકો જ્ઞાનના સ્ત્રોતને ગામડાના છેવાડા વિસ્તાર સુધી પંહોચાડ્યું છે.જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીનાએ શિક્ષકની વાત કરતા જણાવ્યું હતું કે, શિક્ષકના વાણી, વર્તન અને આચરણ વિદ્યાર્થીઓ કરે છે. શિક્ષકો દ્વારા અપાતુ મૂલ્યવર્ધિત શિક્ષણ થકી નયા ભારતની આધારશિલાનું નિર્માણ થઈ શકે, સારા શિક્ષક અભ્યાસ કરાવે છે અને શિક્ષક અભ્યાસને વર્ણવે અને શ્રેષ્ઠ શિક્ષક બાળકને પ્રેરણા આપે છે.આ કાર્યક્રમમાં જિલ્લાના ૦૪ શિક્ષકોને અને તાલુકાકક્ષાના ૧૦ જેટલા શ્રેષ્ઠ શિક્ષકોનું પરિતોષિક-પ્રશસ્તિપત્ર આપી અધ્યક્ષ અને મહાનુભાવોના હસ્તે સન્માનવામાં આવ્યાં અને ૮૩૨ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, પરિતોષિક મેળવી શ્રેષ્ઠશિક્ષકોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર પ્રદિપસિંહ રાઠોડ, મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ, કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી, અરવલ્લી જિલ્લા ઉપપ્રમુખ કનુભાઈ મનાત, શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, અધિકારીઓ અને શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યાં હતા.

### મોડાસાના ભામાશા હોલમાં આયોજન કાર્યક્રમમાં શિક્ષકોના વખાણ કરવામાં આવ્યાં



**પવિત્ર શ્રાવણ મહિનો પૂરો થતાં તરત જ ગણેશ ઉત્સવનો મહિમાં શરૂ થતા લોકોમાં થનગનાટ જોવા મળે છે પણ આ ગતવર્ષે કોરોના મહામારીના કારણે શહેરમાં ગણેશ ઉત્સવ પર સરકારે રોક લગાવી દીધી હતી અને આ વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના તહેવારને લઈને સરકારની ગાઈડ લાઈન મુજબ હવે રાત્રીના અગિયાર વાગ્યા સુધીનું જાહેરમાં ગણેશ ઉત્સવ થશે અને શ્રદ્ધાળુઓ પોતાના ઘરે ગણેશ ભગવાનની મૂર્તિ લઈને તેની સ્થાપના કરશે અને ગણેશજીનો વિસર્જન તેમના ઘરે કરવામાં આવશે. ગણેશજીની માટીની મૂર્તિઓની માંગ વધુ જોવા મળે છે. આ સ્થિતિમાં જોઈને કારીગર વર્ગ પણ ગણેશજીની અવનવી વેરાયટીમાં માટીની મૂર્તિ બનાવીને લોકોને ઉપયોગમાં આવશે.**

(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

## પાનોલી જીઆઈડીસીમાં દાલમિયા કેમિકલ કંપનીમાં થયેલી ચોરીમાં બે ઝડપાયા

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલ દાલમીયાં કેમિકલ કંપનીમાં ૧ લાખ ૩૫ હજારના એસએસના સામાનની થયેલ ચોરીમાં તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બે શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૫૭ હજાર ઉપરાંતનો મુદ્દામાલ રિકવર કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલ દાલમિયા કેમિકલ કંપનીમાં ગત ૩૧મી ઓગસ્ટની રાત્રીના ૨ જેટલા તસ્કરો કંપની પાછળના ગેટ કૂદી પ્રવેશ કર્યો હતો અને કંપનીના પ્લાન્ટમાં મૂકેલ એસએસ દાતુના ૧.૩૫ લાખ રૂપિયાના વાલ્વ સહિતના સાધનો ચોરી કરી ફરાર હતા. આ ચોરીમાં બે શખ્સો સીસીટીવીમાં કેદ થયા હતા. જે અંગે અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી.



(તસ્વીર : બાબા સૈયદ - વિજાપુર)

# વિજાપુરની સોજા પ્રા.શાળાના શિક્ષકનું શ્રેષ્ઠ શિક્ષક તરીકે બહુમાન

વિજાપુર, તા.૫

તા.૫મી સપ્ટેમ્બરે પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ખુશાલીમાં દેશવ્યાપી શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે અને શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે. તે અંતર્ગત કમળાબા હોલ, સાર્વજનિક વિદ્યા સંકુલ, મહેસાણા ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજવામાં આવ્યો. તેમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સોજા પ્રાથમિક શાળાના કર્મનિષ્ઠ શિક્ષક અને વિજાપુર તાલુકાના જેપુર ગામના વતની કલ્પેશકુમાર પોપટલલાલ પટેલની વિજાપુર તાલુકા પારિતોષિક ૨૦૨૧ થકી શ્રેષ્ઠ શિક્ષક માટે પસંદગી થઈ અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈના હસ્તે, મહેસાણા સંસદસભ્ય શારદાબેન, રાજ્યસભાના સંસદસભ્ય જુગલજી ઠાકોર તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ મહેસાણા જિલ્લા કલેક્ટર ઉદિત અગ્રવાલના હસ્તે શાલ ઓઢાડી, સન્માનપત્ર અને શિલ્ડ એનાયત થયેલ છે.

# આણંદ જિલ્લામાં પણ રાષ્ટ્રીય પોષણ અભિયાનની ઉજવણી હાથ ધરાશે

આણંદ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સગર્ભા માતાઓ, બાળકો અને કિશોરીઓને પોષણયુક્ત આહાર મળી રહે અને કૂપોષિત થતાં અટકે એ માટે રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ચાલુ સપ્ટેમ્બર માસને પોષણ માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. રાજ્યભરમાં આ માસના ચારે સપ્તાહ દરમિયાન વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જે અનુસાર આણંદ જિલ્લામાં પોષણ માસની ઉજવણી કરવામાં આવનાર છે જેના સુચારૂ આયોજન અર્થે કલેક્ટરાયલ ખાતે જિલ્લા કલેક્ટર મનોજ દક્ષિણીના અધ્યક્ષસ્થાને આજે બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર મનોજ દક્ષિણીએ રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત પ્રથમ સપ્તાહ દરમિયાન પોષણ વાટિકા સંદર્ભે આંગણવાડી કેન્દ્રો, શાળાઓ, પંચાયત અને જાહેર સ્થળોએ વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવા, આંગણવાડી કેન્દ્રોમાં

### કલેક્ટર સહિત સૌ અધિકારીઓએ પોષણક્ષમ ભારત માટે શપથ લીધા

જ્યાં કમ્પાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને જમીન ઉપલબ્ધ છે તેવી જગ્યાઓમાં વન વિભાગ, બાગાયત વિભાગ તથા જનભાગીદારી દ્વારા વધુ રોપાઓનું વાવેતર કરવા, ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીના સહયોગથી પોષણ માસ દરમિયાન મહત્તમ ન્યુટ્રી ગાર્ડનનું નિર્માણ કરવામાં આવે તે અંગે સંબંધિત અધિકારીઓએ સૂચવ્યું હતું.

**ફિઝીકલ એજ્યુકેશન દ્વારા નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણી**

સીવીએમ યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન દ્વારા શાસ્ત્રી મેદાનમાં મેજર ધ્યાનચંદની યાદમાં નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના જોઈન સેક્રેટરી (સીવીએમ યુનિવર્સિટી) મેહુલભાઈ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે ચારુસેટ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર દેવાંગભાઈ જોષી તેમજ ફૂટબોલ એકેડેમીના ડાયરેક્ટર ગોપાલ કાગ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડો. નાગરે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો તેમજ કોલેજના જનરલ સેક્રેટરી પટેલ દીપ તથા વિરલ દેસાઈ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બહોળા પ્રમાણમાં તાલીમાર્થીઓએ હાજરી આપીને વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો. બી. એલ. નાગરની દેખરેખ હેઠળ યોજવામાં આવ્યો હતો.



(તસ્વીર : આફતાબ દુરાની - મોડાસા)

# જાયન્ટ પીપલ્સ ફાઉન્ડેશન દ્વારા મોડાસા સહિત ઉ.ગુજ.માં સેવા સપ્તાહની ઉજવણી

મોડાસા, તા.૫

જાયન્ટસ પીપલ્સ ફાઉન્ડેશનના આગેવાનીમાં ઉત્તર ગુજરાતમાં સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

જાયન્ટસ પીપલ્સ ફાઉન્ળનના નેજા હેઠળ ચાલતા જાયન્ટસ મોડાસા, મહેસાણા, ખેરવા, પાટણ, માલપુર, હિંમતનગર, ગોજારીયા અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં ચાલતા વિવિધ શહેરોમાં જાયન્ટસના સભ્યો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ઘરડા ઘરમાં ભોજન પૂરું પાડવું, નેત્ર નિદાન કેમ્પ, જરૂરિયાતમંદ બાળકોને ચપ્પલ, વસ્ત્ર વિતરણ, રોડ અકસ્માત ન થાય તે માટે વાહનો ઉપર રિફલેક્ટર લગાવવા, પશુ-પક્ષીઓ માટે ચબૂતરા ઘર, ચણ સાથે પાણીનાં કુંડા, પાણીની વ્યવસ્થા, વૃક્ષારોપણ, મૂંગા પશુ-પક્ષીનો સારવાર કેમ્પ જેવા વિવિધ સેવાકીય કાર્યો ચેરમેન વી. કે. પટેલ, વા.ચેરમેન નિલેશ જોશી, ધ્રુપદ જોશી, કમલેશ શાહ, જાયન્ટસ ઝોન-૧ના ચેરમેન સુરેન્દ્રસિંહ રાઠોડ, મંત્રી પ્રવીણ પરમારના આગેવાનીમાં ઉજવવામાં આવ્યો હતો.



(તસ્વીર : જીત ત્રિવેદી - ભિલોડા)

## ભારત વિકાસ પરિષદ ભિલોડા શાખા દ્વારા

# ફીટ ઈન્ડિયા મેરેથોન દોડ કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૪

ફીટ ઈન્ડિયા અંતર્ગત ભિલોડામાં મેરેથોન દોડ યોજાઈ હતી. ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખાના સદસ્યો, એનસીસી કેડેટ તેમજ એનએસએસના વિદ્યાર્થીઓ, પોલીસ સ્ટાફ, ગામના નાગરિકો, વેપારીઓ, ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખાના પ્રમુખ રામાવતાર શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ વલ્કેશભાઈ પટેલ, ફાઉન્ડર મેમ્બર મુકેશભાઈ પંચાલ, યોગ કોચ વસંત પટેલ, પંકજ શર્મા, ભરતભાઈ પ્રજાપતિ, સંજયભાઈ પંચાલ, વિપુલભાઈ માવાણી, સુરેશભાઈ પ્રજાપતિ, અનિલભાઈ, કલ્પેશભાઈ ચૌહાણ, બિપીનભાઈ પ્રજાપતિ, શૈલેષભાઈ ચૌધરી, દિલીપભાઈ સોની, રોહિતભાઈ પટેલ, મહેશભાઈ પંચાલ, હસમુખભાઈ બરંડા, રૂદ્ર પટેલ, એનસીસીના કમાન્ડિંગ ઓફિસર ડી. આર. ચૌધરી, આર. જે. તન્ના વિદ્યાલયના પ્રિન્સિપાલ આર. કે. પટેલ, ફોટોગ્રાફરો સુરેન્દ્રસિંહ ચંપાવત, અમિતભાઈ, ચિરાગભાઈ અને હર્ષદભાઈ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના અંતમાં લીંબુ શરબત આપવામાં આવ્યો હતો.



ના, આ વરસાદી પાણી નથી, પણ અંકલેશ્વર જીઆઈડીસીમાં સહેજ વરસાદ વરસતા જ પ્રદૂષિત રંગ-રસાયણયુક્ત પાણી વિવિધ કંપનીઓ દ્વારા છોડી દેવામાં આવે છે. આ પ્રદૂષિત પાણીમાંથી લોકોને અવર-જવર કરવી પડી રહી છે.

(તસ્વીર : અયાઝ શેખ - અંકલેશ્વર)

# અંકલેશ્વર જીઆઈડીસીમાં ઔદ્યોગિક વસાહત દ્વારા પ્રદૂષિત પાણી છોડાયું

અંકલેશ્વર, તા.૫

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત શિવમ પોલીસ સ્ટેશન પાસે આજરોજ નજીવા વરસાદ પડતાં જ વરસાદી કાંસમાં ઔદ્યોગિક વસાહત દ્વારા પ્રદૂષિત પાણી છોડવામાં આવ્યું હતું જેથી સી પંમ્પીંગ સ્ટેશન પ્રદૂષિત પાણી રોડ ઉપર ફરી વળ્યું હતું. આ અને બે પંપ

### અમરાવતી નદીમાં ઝેરી પ્રદૂષિત પાણી છોડવાનો સિલસિલો યથાવત

ચાલુ જ હતા. આ અંગેની જાણ જીપીસીબીને થતાં તે ઘટના સ્થળે જઈ પાણીના નમૂના લીધા હતા. છેલ્લા ઘણા સમયથી અમરાવતી નદીમાં પ્રદૂષિત પાણી છોડવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. હમ નહિ સુધરેંગેનું સૂત્ર અંકલેશ્વરના ઉદ્યોગકારોએ સાબિત કરી નાંખ્યું છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાંથી એનસીટીમાં મોકલાતા એફ્લુઅન્ટ ક્વોલિટી અને કોન્ટીટી બંને જીપીસીબી દ્વારા નિર્ધારિત મર્યાદાથી વધારે આવતી હોય છે. એનસીટી પાસે જરૂરિયાત મુજબના રિઝર્વ ગાર્ડ-પોંડ નહીં હોવાથી ફાઈનલ પમ્પીંગ સ્ટેશનથી પમ્પીંગ બંધ કરવામાં આવે છે. જેથી કોર્ટના હુકમનો ભંગ થાય તે રીતે આમલાખાડીમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવે છે.

ઔદ્યોગિક વસાહતોમાંથી થોડા વરસાદ બાદ પણ પાણી છોડવામાં આવે છે જે ઘણી શરમજનક બાબત છે. આ અંગેની જાણ જીપીસીબીને થતાં ઘટનાસ્થળે જઈ પાણીના નમૂના લીધા હતા. છેલ્લા ઘણા સમયથી અમરાવતી નદીમાં પ્રદૂષિત પાણી છોડવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે.

# અંકલેશ્વર કોંગ્રેસ સમિતિ દ્વારા કોવિડ-૧૯ ન્યાય યાત્રા યોજાઈ

અંકલેશ્વર, તા.૫

કોરોના મહામારીમાં મૃત્યુ પામેલ વ્યક્તિનાં સ્વજનોને મહામારી કાયદા હેઠળ મળવાપાત્ર રૂપિયા ચાર લાખની સરકારી સહાય આપવામાં સુપ્રીમ કોર્ટના આદેશ હોવા છતાં સહાય આપવામાં ભાજપ સરકારે નાદારી જાહેર કરી છે. અંકલેશ્વર કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોના મહામારીમાં મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારને મળી સાંત્વના પાઠવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ''કોવિડ-૧૯ ન્યાય યાત્રા'' અંતર્ગત કોરોના મહામારીના મૃતકના પરિવારોને ૪ લાખની સહાય તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન થયેલ ખર્ચ આપવાની માંગ સાથે અસરગ્રસ્ત પરિવારો રૂબરૂ મળી સાંત્વના પાઠવવા ગામેગામ જઈ રહ્યાં છે.

અંકલેશ્વર કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોના દરમિયાન મૃત્યુ પામેલા મૃતક પરિવારને સહાય આપવા માટે ન્યાયીક અને રાજકીય લડત આપીને લોકોને ન્યાય અપાવવા માટે ન્યાયયાત્રા શરૂ કરેલ છે. અંકલેશ્વર તાલુકાની ભડકોદરા જિલ્લા પંચાયતમાં આવતા ગામમાં આજરોજ કોંગ્રેસ અગ્રણી મગનભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્ર ઉપાધ્યાય,

### કોરોના મૃતકના સ્વજનોને ચાર લાખની સહાય આપવામાં ભાજપ સરકારે નાદારી નોંધાવી હોવાનો આક્ષેપ

ભરતભાઈ પરમાર, અસલમ હાટિયા, મનુભાઈ સોલંકી, મકસુદ ટોપીયા, હિરેનભાઈ ચૌહાણ, અતુલભાઈ પટેલ, હેમંતભાઈ પટેલ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહી તમામ મૃતકોના પરિવારના સભ્યોને મળી સાંત્વના પાઠવી હતી. કોવિડ-૧૯ ન્યાય યાત્રા ભડકોદરાની આદિત્યનગર સોસાયટી, નંદનવન સોસાયટી, સમૃદ્ધિપાર્ક સોસાયટીમાં ફરી કોંગ્રેસ પક્ષની લાગણી મૃતકોના પરિવાર સાથે વ્યક્ત કરી હતી.

**જૂનાગામ ટાઉન હોલ ખાતે મેગા વેકસીનેશન કેમ્પમાં ૩૮૦ જણાંએ રસી મૂકાવી**

રોટરી કલબ ઓફ ખરચ કોસંબાના પ્રમુખ ઈરફાનભાઈ કાપડિયાએ જણાવ્યું હતું કે વેકસીનેશન માટે ચલાવાઈ રહેલ અભિયાનને આગળ વધારવા તેમજ કોરોના સામેના જંગને વધુ ઝડપી બનાવવા માટે આ કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૮૦ જેટલા કોસંબા તેમજ આજુબાજુના વિસ્તારના લોકોનું વેકસીનેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોસંબા વેલ્ફેર સોસાયટી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોસંબાનો સ્ટાફ તથા આશા વર્કર બહેનોનો સાથ સહકાર બદલ તેમનો આભાર માન્યો હતો. આ કેમ્પમાં રોટરી કલબ ખરચના સભ્યો હરદીપસિંહ ઠાકોર, ચિરાગ પંચાલ, પરેશ પંચાલ, અર્જુનસિંહ સાંગરોડ, મીનાબેન શાહ, દીપકભાઈ શાહ, કીર્તિ પટેલ, જય શેઠ, સેક્રેટરી સરોજબેન ગોહિલ તતા યશ શાહ અને તેમની ટીમ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આમ આદમી પાર્ટી આણંદ જિલ્લાના તમામ સભ્યોએ સામૂહિક રાજીનામુ આપ્યું

આણંદ, તા.૫

આણંદ શહેરની મધ્યમાં આવેલ સરદારગજ ખાતે આમ આદમી પાર્ટીનું કાર્યાલય આવેલ છે. જે આજરોજ સાંજે ૫:૦૦ કલાકે જિલ્લા પ્રમુખ દિપાલીબેન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં દિપાલીબેન ઉપાધ્યાયે જણાવ્યું કે, કાર્યાલયના મનસ્વી વહીવટના તેમજ પાંચથી વધુ કારણોને લીધે જિલ્લાના પ્રમુખ સહિત તમામ કાર્યકરોએ રાજીનામુ આપી પ્રદેશ કાર્યાલય ખાતે રાજીનામા મોકલવામાં આવ્યાં છે.

# વડગામ તાલુકા મથકે આખલા અને રખડતા ઢોરના આતંકથી પ્રજા ત્રસ્ત

વડગામ, તા.૫

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક વડગામના જાહેર માર્ગો તથા શેરીઓમાં આખલા તથા બિનવારસી રખડતા ઢોરોના ત્રાસ અને તોફાનથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આજે શનિાર વહેલી સવારે વરવાડીયા રોડ તરફ આયુર્વેદ હોસ્પિટલ નજીક દૂધ લેવા જતાં વૃદ્ધ મહિલાને સામેથી દોડતા આવી રહેલા આખલાએ અડફેટમાં લેતા તેમને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં વડગામ રેફરલ હોસ્પિટલમાં સારવારઅર્થે ખસેડવામાં આવ્યાં હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વડગામ વરવાડીયા રોડ પાણીના ટાંકા પાસે રહેતા ચંપાબેન ભગવાનભાઈ માજીરાણા (ઉ.વ.૫૮) શનિવાર સવારે દૂધ લઈને પરત આવતા હતા ત્યારે સામેથી બે આખલા દોડતા આવી તેઓને અડફેટે લેતાં ઘવાયા હતા. તેથી દોડી આવેલા લોકો દ્વારા તેમને સારવારઅર્થે લઈ જવામાં આવ્યાં હતા. આમ વડગામમાં આખલા અને રખડતા ઢોરના આતંકથી આમ પ્રજામાં ભય ફેલાયો છે. નાના બાળકો, મહિલાઓ અને વડીલો બહાર નીકળતા પણ ગભરાવા લાગ્યાં છે તેથી આ મુદ્દે સત્વરે ઘટતાં પગલાં ભરવાની પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.

# ભરૂચ અને વડોદરા જિલ્લામાં વાયુ પ્રદૂષણથી ખેતીના પાકને નુકશાન બદલ વળતર ચુકવવા માંગ

અંકલેશ્વર, તા.૫

ભરૂચ અને વડોદરા જિલ્લાના કપાસ, તુવેર સહિતના ખેતી પાકોમાં વાયુ પ્દૂષણથી વિકૃતિના કારણે પાક નાશ થવાથી વળતર ચૂકવવા અગાઉ અનેક રજૂઆતો જિલ્લા કલેક્ટર ભરૂચ અને વડોદરા મારફત સરકારમાં સ્થાનિક કક્ષાએથી કરવામાં આવી છે. અનેક ખેડૂતોને અને કોંગ્રેસ સંગઠનના અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પણ મુખ્યમંત્રી-ગુજરાત રાજ્યને રૂબરૂ અને પત્રો મોકલીને ઉપરોક્ત બાબતે રજૂઆતો થઈ છે. અસરગ્રસ્ત ખેડૂતોને તાત્કાલિક એડહોક સહાયના ભાગરૂપે પ્રતિ હેક્ટર પચાસ હજાર રૂપિયા ચૂકવવા તેમજ સર્વે પૂર્ણ થયા બાદ એક લાખ રૂપિયા સુધીનું વળતર ચૂકવવાની માંગણી કરાઈ હતી.

ભરૂચ અને વડોદરા જિલ્લાના કલેક્ટરો દ્વારા સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે, પરંતુ આજદિન સુધી એડહોક કે સંપૂર્ણ સહાય અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ડાયગ્નોસિસ ટીમ દ્વારા પ્રાથમિક અહેવાલમાં જણાવ્યાં મુજબ આ

### ઔદ્યોગિક એકમો દ્વારા છોડાતા ગેસને કારણે પાકને અસર થઈ હોવાનો દાવો

વિકૃતિ આવવાનું કારણ સ્થાનિક ઔદ્યોગિક એકમોમાંથી છોડાતા ગેસ અને હવામાં રહેલી ૨૪-ડીની હાજરીના કારણે ખેતી પાકોમાં નુકસાન થયેલ છે. ત્યારબાદ ઊંડાણપૂર્વક તપાસના ભાગરૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં અનેક રજૂઆતોના પગલે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓ દ્વારા ચકાસણીઅર્થે કાર્યવાહીઓ કરવામાં આવેલ હતી. સદર કાર્યવાહીને એક મહિનો થઈ જવા છતાં આજદિન સુધી જીપીસીબીના અધિકારીઓએ રિપોર્ટ જાહેર કર્યો નથી. દહેજ, અંકલેશ્વર અને પાનોલી જેવી ઔદ્યોગિક વસાહતોમાં પ્રદૂષણ ઓકતા ઉદ્યોગોની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના પરથી ફલિત થાય છે કે, સરકાર આ મુદ્દાને ગંભીરતાથી લેવા માંગતી હોય એવું લાગતું નથી. આ બાબતે કોંગ્રેસ અગ્રણી સંદિપ માંગરોલાએ મુખ્યમંત્રીને પત્ર લખી ખેડૂતોને પોતાના નિષ્ફળ ગયેલા પાકનું વળતર તાત્કાલિક અસરથી ચુકવવા આદેશ થાય તેમજ પ્રદૂષણ ઓકતા એકમોને તાત્કાલિક કલોઝર નોટિસ આપવામાં આવે એવી ફરીથી માંગણી કરી છે.

## વટપલ્લી તીર્થમાં સિદ્ધિતપ પૂર્ણતાને આરે : તપસ્વીઓમાં ખૂબજ ઉલ્લાસ

ઈડર, તા.૫

વટપલ્લી તીર્થમાં આચાર્ય યશોવર્મસૂરીજીની પાવન નિશ્રામાં સિદ્ધિતપની આરાધના છેલ્લા ૪૦ જેટલા દિવસથી ચાલી રહેલ છે. જેમાં સમગ્ર સાબરકાંઠામાંથી ૧૨૮ જેટલી મોટી રેકોર્ડ બ્રેક સંખ્યામાં તપસ્વીઓ જોડાયા છે. આ તપમાં ૪૪ દિવસમાં ૩૬ ઉપવાસ અને ૮ બેસણાં કરવાનાં હોય છે. કઠીન એવા આ તપમાં ૯ વર્ષની નાની બાળાથી લઈને ૮૨ વર્ષના વયોવૃદ્ધ પણ ઉલ્લાસભેર જોડાયા છે. તો સાથે સાથે આચાર્ય વીરયશસૂરિજી પોતે પણ આ સિદ્ધિતપ કરી રહ્યાં છે. તા.૩, સપ્ટેમ્બરના રોજ તપસ્વીઓનો ભવ્ય રોડ-શો પણ વડાલીના રાજમાર્ગો પર યોજાયો હતો.

રવિવાર તા.૫ના રોજ મહેંદી રસમ યોજાશે તેમજ શનિવાર તા.૧૧ના રોજ મહાસાંજી - ભક્તિ થશે. તપસ્વીઓની શોભાયાત્રા રવિવાર તા.૧૨ના સવારે અને પારણાં પણ તે જ દિવસે વટપલ્લી મુકામે યોજાશે.



(તસ્વીર : અનુપ ઠાકોર - દિયોદર)

# જિલ્લા વિકાસ અધિકારીએ સંભવિત ત્રીજી લહેર માટે ઓક્સિજન પ્લાન્ટની સમીક્ષા કરી

દિયોદર, તા.૫

દિયોદર તાલુકા પંચાયત કચેરી તેમજ ભેસાણા અને ખાણોદર ગામની જિલ્લા વિકાસ અધિકારીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. જેમાં વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નીલ ખરેએ આજે દિયોદર તાલુકા પંચાયત કચેરી તેમજ ખાણોદર અને ભેસાણ ગ્રામ પંચાયત કચેરીની ઓચિંતી મુલાકાત લીધી હતી. જેમાં ગ્રામ પંચાયતના વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં દિયોદર તાલુકા વિકાસ અધિકારી એન.સી. ઠાકોર, મામલતદાર એમ.બી. દરજી પણ ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં દિયોદર રેફરલ હોસ્પિટલની પણ મુલાકાત લેવામાં આવી હતી. જેમાં આગામી સમય કોરોના વાઈરસની ત્રીજી લહેર વચ્ચે ઓક્સિજન પ્લાન્ટની સમીક્ષા કરી હતી જેમાં રેફરલ હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું જેમાં આરોગ્ય કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતા.

## સાબરકાંઠા ખાણ-ખનિજ વિભાગનો સપાટો

# બે ડમ્પર રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજનું વહન કરતા ૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત

હિંમતનગર, તા.૫

આજ રોજ તા.૪-૯-૨૦૨૧ના રોજ બપોરે ૨:૩૦ કલાકે ભૂસ્તરશાસ્ત્રી સાબરકાંઠાને બે વાહન ડમ્પર રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજ ભરીને પસાર થઈ રહ્યાં છે તેવી બાતમી મળતા તપાસ ટીમને મોકલતા વાહન ડમ્પર નં. જી.જે.૩૧.ટી.-૪૦૫૯ છાપરીયા ચાર રસ્તા, હિંમતનગર તથા વાહન ડમ્પર નં.જી.જે.૨૭.વી.-૮૨૫૯ મોજે કાટવાડ રોડ, હિંમતનગર ખાતેથી રોયલ્ટી પાસ વગર સાદી રેતી ખનિજનું વહન કરવા બદલ જપ્ત કરી નવાનગર ખાતે ચરણસિંહ બી. રાઠોડના સાદી રેતી ખનિજના સ્ટોક યાર્ડ વિસ્તારમાં કસ્ટડી સોંપવામાં આવેલ છે.

અસરકારક ચેકિંગની કામગીરીના પરિણામે જિલ્લામાં ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન રૂા.૧૭૬૩.૦૭ લાખની મહેસૂલી આવક થયેલ છે તથા ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન બિનઅધિકૃત ખનિજ ખોદકામ, વહન અને સંગ્રહના ૧૪૫ કેસો પકડી રૂા.૧૭૪.૩૬ લાખની દંડકીય રકમની વસૂલાત કરવામાં આવેલ છે. જેથી જિલ્લામાં ખનિજ ચોરી કરતાં ઈસમોમાં ફફડાટ ફેલાયો છે. જ્યારે ખનિજ ચોરો સામે ખાણ-ખનિજ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ આવી કડક કાર્યવાહીની ચોમેરથી પ્રસંશા થઈ રહેલ છે.

# આર.જે. તન્ના પ્રેરણા મંદિર દ્વારા મેરેથોન દોડનું આયોજન

ભિલોડા, તા.૫

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા દ્વારા એનસીસી અને એનએસએસના સ્વયંસેવક દ્વારા મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. મેરેથોન દોડ પૂર્ણ થયા બાદ મામલતદાર કચેરી ખાતે સભાના રૂપમાં શાળાના આચાર્ય રમણભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, પૃથ્વીના પર્યાવરણમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. એ છે પૃથ્વીના વાતાવરણમાં વધેલી ગરમી. આ સમસ્યાને અંગ્રેજીમાં વૈશ્વિક સ્તરે ગ્લોબલ વોર્મિંગ તરીકે ઓળખવામાં આવે છે. માનવીય અને ઔદ્યોગિક એકમોના કારણે વાતાવરણમાં સતત અંગારવાયુનું પ્રમાણ વધી રહ્યું છે. વાહનોના કારણે પણ ધૂમાડાનું પ્રમાણ સતત વધી રહેલ છે. જેના માટે એનસીસી અને એનએસએસના સ્વયંસેવકો તરીકે એક સમાજ સેવાના કામ તરીકે દરેક સમાજના છેવાડાના વ્યક્તિ સુધી વૃક્ષાચ્છાદિત વિસ્તારો વધારવા. નવા વૃક્ષો રોપવા માટે પ્રોત્સાહિત કરવા તેમજ પ્રદૂષણ અટકે તે માટેના તમામ પ્રયત્નો દરેક નાગરિક કરે તે માટેની સમજણ આપવાની તાતી જરૂરિયાત છે એ વાત સમજાવવી પડશે.

## ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર અણસોલ ચેકપોસ્ટનો મામલો

# ચોખાના કટ્ટાની આડમાં લવાતો ગેરકાયદે દારૂનો ૬.૫૦ લાખનો જથ્થો ઝડપાયો : બે ની ધરપકડ

## ટ્રકમાં ચોખાના ભૂસાની નીચે ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડીને ગુજરાત લવાતો હતો : ટ્રક સહિત ૧૪.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત

મોડાસા તા.૫

ગુજરાત-રાજસ્થાન બોર્ડર ઉપરની અણસોલ ચેકપોસ્ટથી પસાર થતી એક ટ્રકમાં ભરેલ ચોખાના ભુસાના કટ્ટાની આડમાં લવાતો રૂા.૬,૪૯,૮૫૨ ની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. શામળાજી પોલીસે ટ્રક ચાલક અને તેના સાગરીતને ઝડપી ૩ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. અને આ દારૂ હેરાફેરીમાં વિદેશી દારૂની ૧૨૪૩ બોટલો સહિત કુલ મળી રૂા. ૧૪,૫૩,૮૫૨ નો મુદ્દા માલ જપ્ત કરી કબજે કર્યો હતો. આ દારૂ અમદાવાદ ખાતે લઈ જતો હોવાનું ઝડપાયેલ ચાલકે જણાવ્યું હતું.

શામળાજી પોલીસ ટીમ દ્વારા રાત્રીના સમયે બોર્ડરની અણસોલ ચેકપોસ્ટે વાહન ચેકીંગ હાથ ધરાયું હતું. દરમ્યાન રાજસ્થાન તરફથી પુરઝડપે આવી રહેલ ટ્રકને અટકાવી આ ટ્રકમાં ચેકીંગ કરતાં ચોખાના ભુસાના કટ્ટાની આડમાં છુપાવી રાજ્યમાં ગેરકાયદેસર રીતે ઘુસાડાતો રૂા.૬,૪૯,૮૫૨ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ કબજે લઈ ચાલક ગણેશરાવ ધણરાજરાવ અને તેનો સાગરીત ભંવરસિંહ ખાનસિંહને ઝડપી બંનેની ધરપકડ કરી હતી. દારૂની ૧૪૨૩ બોટલ સહિતનો કુલ રૂા.૧૪,૫૩,૮૫૨ નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કબજે લીધો હતો.

**કુખ્યાત ચેઈન સ્નેચરને શામળાજી પોલીસે ઝડપી પાડયા**

અરવલ્લી જિલ્લા સહિત આસપાસના જિલ્લાઓમાં કુખ્યાત ચેન સ્નેચર અને રીઢા આરોપી નૈનેશ ઉર્ફે ચાઈનાનો સાગરીત અને ૧૯ જેટલા ગુનાઓમાં સંડોવાયેલ વોન્ટેડ આરોપીને શામળાજી પોલીસે ઝડપી ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

અરવલ્લી સહિત ૪ જિલ્લાઓમાં ચેઈન સ્નેચીંગ સહિત લુંટ, ધાડ,આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓ આચરી પોલીસે પડકાર ફેંકનાર કુખ્યાત ચેન સ્નેચર નૈનેશ ઉર્ફે ચાઈનાને અરવલ્લી જિલ્લા પોલીસે ઝડપી પાસા હેઠળ સુરત ખાતેની લાજપોર જેલમાં મોકલી આપ્યો છે. ત્યારે આ આરોપી ચાઈના સાથે મળી શામળાજી, મોડાસા, રૂરલ સહિતના પંથકમાં લુંટ, ઘરફોડ, મારા મારી અને આર્મ્સ એક્ટના ગુનાઓ આચરનાર વોન્ટેડ આરોપી જગદીશ ઉર્ફે છોટીયો ઉર્ફે મોરી જયંતિભાઈ અંસારીને શામળાજી પોલીસે બાતમીના આધારે શામળાજી નજીકથી ઝડપી લીધો હતો. આ આરોપી સામે લુંટ, ઘરફોડ, મારામારી અને આર્મ્સ એક્ટ હેઠળ જુદા-જુદા ૧૯ ગુનાઓમાં સંડોવાયેલનો આરોપ છે.

**કરિયાણા મંડળના સભાગૃહનું ઉદ્‌ઘાટન અને સન્માન**

શ્રી કટલરી કરીયાણા મરચન્ટ સહકારી શરાફી મંડળી લી. મોડાસા તેની સ્થાપનાના ૨૫ માં વર્ષની રજત જયંતિ મહોત્સવ ઉજવણીના ભાગરૂપે પ્રથમ કાર્યક્રમમાં મંડળીના પોતાનું સભાગૃહનું ઉદ્‌ઘાટન આ સંસ્થાના ભિષ્મ પિતામહ ફાઉન્ડર પ્રથમ ચેરમેન ઈસ્માઈલભાઈ દાદુના વરદ હસ્તે થયું હતું. આ સાથે આ પ્રસંગે કોરોના કાળમાં કોરોના મહામારી વચ્ચે માનવતાભરી ઉમદા આરોગ્યલક્ષી સેવા કરવા બદલ કોરોના વોરીયર્સ તરીકે ડો.જમીલભાઈ જી.ખાનજી જાણીતા એમ.ડી.ફીઝીશીયનનું વિશિષ્ટ સન્માનીત તરીકે સન્માનપત્ર આપી જાહેર સન્માન કરાયું હતું. આ કાર્યક્રમ આજ રવિવારના રોજ મંડળીના ચેરમેન પંકજભાઈ બુટાલાના અધ્યક્ષપદે સર્વોદય હાઈસ્કૂલના સભાખંડમાં મોડાસા ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે શરાફી મંડળીના મેનેજિંગ ડિરેકટર રમણભાઈ પ્રજાપતિએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે અતિથિવિશેષ કનુભાઈ પટેલ, માર્કેટયાર્ડ ચેરમેન રાજેન્દ્રભાઈ પટેલ, માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ શાહએ પ્રસંગને અનુરૂપ પ્રાસંગીક પ્રવચન કર્યા હતા. ઉદ્‌ઘાટક ઈસ્માઈલભાઈ દાદુ અને અધ્યક્ષ સ્થાનેથી પંકજભાઈ બુટાલાએ પ્રેરક વક્તવ્ય આપ્યા હતાં. મહેમાનોનો પરિચય સલીમભાઈ દાદુએ આપ્યો હતો. જયારે સન્માનીત ડો. જમીલ ખાનજીએ સન્માનનો પ્રત્યુત્તર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મુકુન્દભાઈ શાહએ કર્યું હતું.

**મોડાસાના જાહેર શૌચાલયમાંથી અજાણ્યા શખ્સની લાશ મળી આવચા ચકચાર: પોલીસ ફરિયાદ નોંધાઈ**

મોડાસા નગરના ડીપ વિસ્તારમાં આવેલ સાર્વજનીક શૌચાલય માંથી રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખ્સની લાશ મળી આવતાં જ ચકચાર મચી ગઈ હતી. આ બનાવની જાણ થતાં પાલિકાના સેનેટરી વિભાગના કર્મીઓ અને પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. લોકોના ટોળેટોળાં ઉમટી પડયાં હતા. પોલીસે આ મૃતદેહનો કબજો મેળવી પી.એમ. સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ આશરે ૪૫ વર્ષિય અજાણ્યા શખ્સની મોડે સુધી ઓળખ થઈ શખી નથી.

મોડાસા પાલિકાના શૌચાલયમાંથી કોઈ અજાણ્યા પુરુષની લાશ મળી આવતા સેનેટરી વિભાગના અભિમન્યુભાઈ પાઠકની જાણવા જોગના આધારે અંદાજે ૪૫ વર્ષિય શખ્સનું કોઈ બિમારી કે અગમ્ય કારણસર મરણ થયા હોવા અંગેની નોંધ મોડાસા ટાઉન પોલીસ મથકે નોંધ કરી જરૂરી તપાસ હાથ ધરી હતી.

**ચેક રિટર્ન કેસમાં કોર્ટ દ્વારા ૩ મહિનાની સાદી જેલ**

મોડાસાના એક શખ્સ પાસેથી તાલુકાના વાંટા રામપુર ગામના ઈસમે રૂા. ૯૦ હજાર મિત્રચારી સંબંધમાં હાથ ઉછીના લીધા હતા. આ કેસમાં મોડાસા ખાતેના ચોથા એડીશનલ જયુડીશીયલ કોર્ટે આરોપી ગુલાબસિંહ બાલુસિંહ ચૌહાણને ૩ માસની સાદી કેદની સજા અને રૂા. ૧,૮૦,૦૦૦ વળતરરૂપે ચુકવવાનો હુકમ કર્યો હતો. આ કેસના ફરિયાદી જીગરભાઈ પટેલ પાસેથી આરોપી ગુલાબસિંહ ચૌહાણએ મિત્રાચારી સંબંધમાં હાથ ઉછીના રૂા.૯૦ હજાર લીધા હતા.અને ચેક આપ્યો હતો. પરંતુ વાયદા મુજબ ચુકવણું નહી થતા આરોપીએ આપેલ ચેક બેંકમાં રજુ કરતા ખાતામાં જરૂરી બેલેન્સના અભાવે ચેક પરત ફરતા ફરિયાદીએ વકીલ મારફતે આ પ્રકરણે આરોપી વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠલ કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં કોર્ટએ દસ્તાવેજી પુરાવા અને વકીલની દલીલો માન્ય રાખી આરોપીને ગુનેગાર ઠેરવી ૩ માસની સાદી સજા અને વળતરરુપે બમણી રકમ ચુકવવા હુકમ કર્યો હતો.



(તસ્વીર : વિક્રમ ભાટિયા - મેઘરજ)

## મેઘરજની હૈયું હચમચાવી નાંખે તેવી ઘટના

# શંકાના આધારે ક્રૂર બનેલા પિતાએ ૩ બાળકોને ડેમમાં ફેંક્યા : પત્નીના માથામાં કુહાડી મારી

## મેઘરજના ઈસરી પોલીસ મથક વિસ્તારના રમાડ ગામે ખૂનની હોળી ખેલાઈ : પિતાએ પણ પાણીમાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો, ધરપકડ

મેઘરજ, તા.૫

શંકાથી કંકાશ સર્જાય છે અને કંકાશથી કત્લેઆમ થઈ જતા વાર નથી લાગતી. મેઘરજના ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રમાડ ગામમાં હૈયા ધ્રુજાવી નાખે તેવી ઘટના બની છે, શંકાશીલ સ્વભાવ ધરાવતા વ્હેમીલા હેવાન પતિએ તેની પત્નીના માથામાં કુહાડીના ઘા ઝીંકી તેના ત્રણ બાળકોને ગામ નજીક આવેલા વૈડી ડેમમાં પાણીમાં ફેંકી દઈ હત્યા કરી દેતા રમાડ ગામમાં ખેલાયેલા ખૂની ખેલમાં બનેલી કાળજું કંપાવી દેનાર ઘટનાથી સમગ્ર પંથકમાં હાહાકાર મચ્યો છે. ઈસરી પોલીસે ઘટનાસ્થળે પહોંચી ત્રણે બાળકોની લાશને પીએમ માટે ખસેડી હત્યારા પિતાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પિતાએ ત્રણ બાળકો ડેમમાં નાંખી દીધા પછી પાણીમાં ઝંપલાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, હાલ હત્યારો પિતા સારવાર હેઠળ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મેઘરજના વૈડી ડેમમાંથી શનિવારે સાંજે ત્રણ બાળકો પાણીમાં ડૂબી ગયેલી હાલતમાં મળી આવતા ભારે ભારે ચકચાર મચી હતી. ઈસરી પીઆઈ વી. વી. પટેલ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ત્રણે બાળકોની લાશને ભારે જહેમત બાદ બહાર કાઢી બાળકોના વાલી-વારસોની શોધખોળ હાથ ધરતા ચોંકવનારી હકીકતનો પર્દાફાશ થતા પોલીસ ચોંકી ઉઠી હતી. શંકાશીલ સ્વભાવ ધરાવતા પિતાએ ત્રણે બાળકોને ડેમમાં નાખી હત્યા કરી ફરાર થઈ જતા ભારે રહસ્ય સર્જાયું છે ત્રણે બાળકોની હત્યા કરતા પહેલા હત્યારા યુવકે તેની પત્નીને કુહાડીના જીવલેણ ઘા ઝીંકતા પત્ની પણ હિંમતનગર દવાખાનમાં સારવાર હેઠળ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.

મેઘરજના રમાડ ગામમાં રહેતા જીવાભાઈ કચરાભાઈ ડેંડુણનો શંકાશીલ સ્વભાવ હોવાના પગલે તેની પત્ની જીવીબેન પર વહેમ રાખી અવાર-નવાર મારઝૂડ કરતો હતો. વહેમીલા સ્વભાવના કારણે ઘરકંકાસ થતો રહેતો હતો. જીવાના મગજમાં ફરીથી વહેમનો કીડો સળવળાટ કરતા પત્ની સાથે ઝગડો કરી માથાના તેમજ શરીરના અન્ય ભાગો પર કુહાડીના જીવલેણ ઘા ઝીંકી દેતા મહિલા તરફડીયા મારી રહી હતી ત્યારે એટલેથી ન અટકતા મગજમાં ઝનૂન સવાર થતા ઘરમાં રહેલા ત્રણ બાળકોને લઈ નીકળી ગયો હતો,

ગામ નજીક આવેલા વૈડી ડેમમાં પાણીમાં ડૂબાડી દઈ હત્યા કરી ફરાર થઈ ગયો હતો. પરિવારજનો અને પિયરપક્ષના લોકો ઘટનાસ્થળે પહોંચી ત્રણે બાળકોના મૃતદેહ જોઈ ભાંગી પડ્યા હતા અને રોકોકકળ કરી મૂકી હતી. ઈસરી પોલીસે ત્રણે મૃતક બાળકોના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈસરી પોલીસે કલજીભાઈ જીવાભાઈ ડામોરની (રહે.મોટી પંડુલી) ફરિયાદના આધારે હત્યારા પતિ જીવા કચરા ડેંડુણ વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસ્વીર : સૈયદજી બુખારી - વિજાપુર)

# વિજાપુર રોટરી ક્લબ દ્વારા ચાર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું

## વિજાપુર રોટરી ક્લબમાં જીલ્લા રોટરીયન તેમજ હોદ્દેદારોની મિટીંગ યોજાઈ

વિજાપુર, તા.૫

વિજાપુરના રોટરી ક્લબના હોલમાં વિવિધ જીલ્લાઓમાંથી આવેલા રોટરીયન તેમજ હોદ્દેદારો પ્રેસિડેન્ટ કાઉન્સીલરો તેમજ રોટરીના સભ્યોની મીટીંગ યોજાઈ હતી. જેમાં રોટરી ક્લબ દ્વારા કરવામાં આવેલી સેવાઓ તેમજ કોવિડ-૧૯માં લોકોના હીત માટેની આપેલી સેવાઓનું વિવરણ કરવામાં આવ્યું હતું તેમજ રોટરી ક્લબનું ઈન્ટરનેશનલની કામગીરીમાં વધતા ટેરીફગ્રાફ તેમજ અન્ય જીલ્લા તેમજ રાજયો તેમજ વિદેશો સુધી પથરાયેલી રોટરી ક્લબની સેવાની કામગીરી તેમજ તેનો વધી રહેલો ગ્રાફ અને રોટરી ક્લબની ઊંચાઈ તેની ઉડાન અંગે સ્ક્રીન ઉપર રોટરી ક્લબ ફાઉન્ડેશન વિવરણ બતાવવામાં આવ્યો હતો. જીલ્લાઓમાંથી આવેલા દિનેશભાઈ તેમજ પરાગભાઈએ રોટરી ક્લબની કાર્ય રચના રજૂ કરી હતી, તો શિક્ષક દિન હોવાથી ચાર જેટલા શિક્ષકો શામજીભાઈ ગોર તેમજ કુણાલબેન રાવલ તેમજ વિમળા બેન પટેલ તેમજ સોનલબેન પટેલનો બહુમાન કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય જીલ્લામાંથી આવેલા હોદ્દેદારોનો રોટરી કલબના તાલુકા પ્રેસિડેન્ટ પીનલ પટેલ, પી. બી. પટેલ, કાઉન્સિલર શામજીભાઈ ગોર, કનુભાઈ આચાર્ય, સંજય પટેલ, પરેશ પટેલ સહિત આવેલા મહેમાનોનો અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલુકા રોટરી ક્લબના હોદ્દેદારોએ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

**વિજાપુર વસઈ ગામે આધેડ ઉપર હુમલાને લઈને ચાર સામે ફરિયાદ નોંધાઈ**

વિજાપુર તાલુકાના વસઈ કનેરીપરામાં કરિયાણાની દુકાન ચલાવતાં આધેડે રસ્તામાં બિભત્સગાળો જાહેરમાં નહી બોલવાનું કેહતા ગડદાપાટુંનો માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ગામના જ પાંચ ઈસમો સામે ફરીયાદ નોંધાઈ છે. આ અંગેની મળતી માહિતી મુજબ વસઈ ગામના કનેરીપરામાં કરિયાણાની દુકાન ચલાવતા રમેશભાઈ કાન્તિલાલ પટેલે ગામના ચાવડા નરેન્દ્રસિંહને જાહેરમાં રસ્તામાં બિભત્સ ગાળો બોલતા હોઈ ગાળો બોલવાનું ના કહેતા નરેન્દ્રસિંહ ઉર્ફે બકો જશુજીએ અન્ય ત્રણ જણા ચાવડા અજયસિંહ દિલીપસિંહ તેમજ ચાવડા રજુજી ભરતસિંહ તેમજ રાણા હિમ્મતસિંહ વિક્રમસિંહને મોબાઈલ કરીને બોલાવીને એકબીજાની મદદગારી કરીને રમેશભાઈ પટેલને માર મારી હુમલો કરતા તેમજ ગાળો બોલીને ટોળુ બનાવીને ગડદાપાટુંનો માર મારીને ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર લોકોની સામે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## અમીરગઢ તાલુકા ખાતે ૫૩મો વાર્ષિક યુવા મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૫

અમીરગઢ તાલુકા ખાતે ૫૩માં વાર્ષિક યુવા મહોત્સવ યોજાયો હતો. તેમાં ભજન, નિબંધ વક્તૃત્વ, એક પાત્ર અભિનય, લોકગીત જેવી વિવિધ સ્પર્ધા યોજવામાં આવેલી હતી.

તેમાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધા, ભજન સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ છે. જેમના માર્ગદર્શન ઈન્દ્રિશભાઈ તથા વિદ્યાર્થીઓને શાળાના પ્રમુખ તથા આચાર્યએ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.



(તસ્વીર : મુકુંદ જોષી - ડાકોર)

## ભવન્સ કોલેજ, ડાકોરમાં 'શિક્ષક દિન'ની ઉજવણી થઈ

ડાકોર, તા.૫

ભારતીય વિદ્યાભવન સંચાલિત ભવન્સ કોલેજ ડાકોરમાં શિક્ષક દિનની ઉજવણી થઈ. જેમાં આચાર્ય તરીકે દિપાક્ષી ચાવડા અને ઉપાચાર્ય તરીકે શ્રેયા દેસાઈએ ભૂમિકા ભજવી હતી. કોલેજનાં ૫૦થી વધારે વિદ્યાર્થીઓ શિક્ષક બન્યાં હતાં. કોલેજના કા.આચાર્ય ડો. એમ. કે. નાઈ તથા ઉપાચાર્ય ડો. પી. જી. સુતરિયાએ સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પાઠવ્યું હતું. કાર્યક્રમમાં આભારદર્શન પ્રો. એમ. સી. પટેલે રજૂ કર્યું હતું તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ટી. આર. ત્રિવેદીએ કર્યું હતું.

# બાયડના ભાજપના પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલાના પુત્રના ખેતરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

શામળાજી, તા.૫

ગુજરાતમાં એક તરફ સરકાર દ્વારા દારૂબંધીની વાત કરવામાં આવે છે અને બીજી તરફ ભાજપના નેતાઓના સગા-સંબંધીઓ જ લાખો રૂપિયાના દારૂના મુદામાલ સાથે પકડાય છે. બાયડ ભાજપના પૂર્વ ધારાસભ્યનો પુત્ર મનુસિંહ ઝાલા ચોઈલા ગામની સીમમાં ખેતરમાં છેલ્લા કેટલાક સમયથી વિદેશી દારૂનો અડ્ડો ધમધમતો હતો. બાયડ પોલીસે રેડ કરી ખેતરમાં સંતાડેલ ૫ હજારથી વધુનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસરેડની ગંધ આવી જતા પૂર્વ ધારાસભ્યનો પુત્ર રફુચક્કર થઈ જતા ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બાયડ ભાજપ પૂર્વ ધારાસભ્યનો પુત્ર વિદેશી દારૂ સાથે ઝડપાતા રાજકીય ગરમાવો આવી ગયો છે. પંચમહાલ ભાજપના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણનો પૌત્ર વિદેશી દારૂના મસમોટા જથ્થા સાથે ઝડપાઈ જવાની ઘટનાની શાહી સૂકાઈ નથી ત્યારે વધુ એક ભાજપના



પૂર્વ ધારાસભ્યનો પુત્રના ખેતરમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાતા રાજ્યમાં કડક દારૂબંધીના કાયદાની હવા નીકળી ગઈ છે. બુટલેગર મનુસિંહ ઝાલાના મોટા ભાઈ વિષ્ણુસિંહ ઝાલા જીલ્લા પંચાયતના નેતા છે.

બાયડના પૂર્વ ધારાસભ્ય ઉદેસીંહ ઝાલાનો પુત્ર મનુસિંહ ઝાલા વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મહિલા પીએસઆઈ પરમારને મળતા તેમની ટીમ સાથે મનુસિંહ ઝાલાના ચોઈલા ગામની સીમમાં

**બુટલેગરનો મોટો ભાઈ જિલ્લા પંચાયતના નેતા છે : વિદેશી દારૂની ૧૩ બોટલો ઝડપાઈ**

જીવાકલાની મુવાડી જવાના રસ્તા પર આવેલ વાવેતરવાળા ખેતરમાં ત્રાટકી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૩ કિં.રૂ. ૫૦૯૫/-નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર મનુસિંહ ઉદેસીંહ ઝાલા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.



(તસ્વીર : ગજુભા વાઘેલા - શિહોરી)

## શિહોરીના વિકાસ સંબંધિત ૧૦ મુદ્દા પર વિચારણા થઈ

# શિહોરીને સીસીટીવી સિસ્ટમથી સજ્જ કરાશે, ઉંદરાને જોડતો પાકો રોડ બનશે

## કાંકરેજના ધારાસભ્યે વેપારી મહામંડળને આપી ખાતરી : ગ્રાન્ટમાંથી સફાઈ સાધનો ખરીદવા મંજૂરી

શિહોરી, તા.૫

આજ રોજ શિહોરી રેસ્ટ હાઉસ ખાતે કાંકરેજના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા તથા બનાસકાંઠા પૂર્વ ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરિયાની ઉપસ્થિતિમાં શિહોરી વ્યાપારી વિકાસ મહામંડળની મિટિંગનું આયોજન કરવામાં આવેલ જેમાં શિહોરીના વિકાસને જોડતા દશેક જેટલા મુદ્દા ઉપર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જેના પ્રત્યુત્તરમાં ધારાસભ્યએ તેમની ગ્રાન્ટમાંથી સફાઈ સાધનો, શૌચાલય, તળાવ અને સ્મશાનને કાયદેસર માન્યતા આપવાની બહાલી આપી હતી અને સાથે શિહોરીને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવાની ખાતરી આપી અને વિવિધ વિકાસના મુદ્દા ઉપર સાથે રહેવાની ખાતરી આપી સાથે સાથે શિહોરી અને ઉંદરાને જોડતા રોડને બનાવી આપવાની ખાતરી આપતા શિહોરી વહેપારી મંડળે ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો ત્યારે શિહોરી વહેપારી એસોસિએશન પ્રમુખ જીતુભાઈ જોશી, કાંકરેજ તાલુકા ભાજપ યુવા પ્રમુખ રમેશભાઈ દવે, પુનમસિંહ ડાભી, મુકેશભાઈ શાહ, અરવિંદજી ઠાકોર, મહેશભાઈ જોશી, ભરતસિંહ ડાભી, રમેશભાઈ પટેલ અને દરેક એસોસિએશન પ્રમુખો હાજર રહ્યા હતા અને શિહોરીના વિકાસ કામોમાં ધારાસભ્ય ખાત્રી આપતા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પાંચ પરાગણા બ્રહ્મ સમાજનું ગૌરવ

વાવ, તા.૫



વાવ તાલુકાના માડકા ગામના વતની અને વાવ ગાયત્રી વિદ્યાલયમાં આચાર્ય તરીકેની ફરજ બજાવતા ભગવાનભાઈ અમરતલાલ વ્યાસની પુત્રી યજ્ઞાબેન વ્યાસ મહિલા બી.એડ. કોલેજ ઊંઝા ખાતે અભ્યાસ કરે છે.

તાજેતરમાં લેવાયેલ બી.એડ.ની પરીક્ષામાં સેમેસ્ટર-૪માં ૧૦ એસજીપીએ માંથી ૧૦ એસજીપીએ તથા ૯.૨૯ સીજીપીએ સાથે ૯૬% મેળવી ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. વાવ પંથક તેમજ માડકા ગામ અને સમસ્ત પાંચ પરગણા બ્રહ્મસમાજનું ગૌરવ વધાર્યું છે.

યજ્ઞાબેન વ્યાસની શૈક્ષણિક ક્ષેત્રની જવલિંત સિધ્ધિને સમસ્ત પાંચ પરગણા બ્રહ્મસમાજે બિરદાવી છે. જો કે, યજ્ઞાબેનના પિતા ગાયત્રી વિદ્યાલય વાવ ખાતે આચાર્ય તરીકે કાર્યરત છે, જ્યારે દાદા અમરતલાલ વ્યાસ નાયબ કલેક્ટર પદેથી નિવૃત્ત થયેલ છે.

## વટપલ્લી તીર્થમાં ચાલી રહેલ સિદ્ધિતપ પૂર્ણતાને આરે : તપસ્વીઓમાં ખૂબજ ઉલ્લાસ

ઈડર, તા.૫

વટપલ્લી તીર્થમાં આચાર્ય યશોવર્મસૂરીજીની પાવન નિશ્રામાં સિદ્ધિતપની આરાધના છેલ્લા ૪૦ જેટલા દિવસથી ચાલી રહેલ છે જેમાં સમગ્ર સાબરકાંઠામાંથી ૧૨૮ જેટલી મોટી રેકોર્ડ બ્રેક સંખ્યામાં તપસ્વીઓ જોડાયા છે. આ તપમાં ૪૪ દિવસમાં ૩૬ ઉપવાસ અને ૮ બેસણાં કરવાનાં હોય છે. કઠીન એવા આ તપમાં ૯ વર્ષની નાની બાળાથી લઈને ૮૨ વર્ષના વયોવૃદ્ધ પણ ઉલ્લાસભેર જોડાયા છે, તો સાથે સાથે આચાર્ય વીરયશસૂરિજી પોતે પણ આ સિદ્ધિતપ કરી રહ્યાં છે. તા.૩ સપ્ટેમ્બરના રોજ તપસ્વીઓનો ભવ્ય રોડ-શો પણ વડાલીના રાજમાર્ગ પર યોજાયો હતો.રવિવાર તા.૫ના રોજ મહેંદી રસમ યોજાશે તેમજ શનિવાર તા.૧૧ના રોજ મહાસાંજી-ભક્તિ થશે. તપસ્વીઓની શોભાયાત્રા રવિવાર તા.૧૨ના સવારે અને પારણાં પણ તે જ દિવસે વટપલ્લી મુકામે યોજાશે.

# બિસ્માર રસ્તાને આરસીસીનો બનાવવાના કામનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

આણંદ, તા.૫

આણંદ શહેરના બાકરોલ વોર્ડ નંબર-૧, કોલોની વિસ્તારમાં બિસ્માર રસ્તો હતો. ઘણા વર્ષોથી સ્થાનિક રહીશોની તથા અમારા ચૂંટાયેલા નગરપાલિકાના કાઉન્સિલરોની માંગણી અને રજૂઆતો હતી. બિસ્માર રસ્તાના કારણે સ્થાનિક રહીશો ખૂબજ પરેશાન હતા જેથી ગુજરાત સરકારની સુવિધા પથ યોજનામાં આણંદના ધારાસભ્યની સરકારમાં ધારદાર રજૂઆત કરતા માર્ગ-મકાન વિભાગમાંથી મંજૂર થયેલ રૂપિયા ૮૦ લાખમાં ૧ કિ.મી. લંબાઈની મર્યાદામાં સી.સી. રોડ બનાવવાના કામનું ખાતમુહૂર્ત આણંદ વિધાનસભાના ધારાસભ્ય કાંતિભાઈ સોઢા પરમારના હસ્તે કરવામાં આવ્યું. સ્થાનિક આગેવાનો દ્વારા ધારાસભ્યનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમારા ઉત્સાહી યુવાન કાઉન્સિલર ઈકબાલહુસેન મલેક, કાઉન્સિલર રેશ્માબેન વ્હોરા, કાઉન્સિલર નિશાબેન પરમાર તેમજ આગેવાનો બિરજુભાઈ માસ્તર, ચિરાગ પરમાર,શકીલમિયાં મલેક, વિદ્યાનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ફકીરભાઈ મકવાણા, મીડિયા સેલના વિજયભાઈ જોષી, મકસુદમિયાં મલેક, બાબુભાઈ તથા સ્થાનિક આગેવાનો, યુવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા ઘણા વર્ષો જુની માંગણી સંતોષાતા સ્થાનિક લોકોમાં આનંદની લાગણી જોવા મળી હતી.



પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન સોમનાથ મહાદેવને જુદા જુદા શૃંગાર દર્શન કરવામાં આવી રહેલ હોય જેમાં આજરોજ ભગવાન સોમનાથ મહાદેવને 'રથારોહણ' દર્શન શ્રૃંગાર કરવામાં આવેલ તે તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર : મિલન ઠકરાર - વેરાવળ)

# ૧૮૧ની ટીમના કાર્યમાં રુકાવટ કરી હુમલો કરાયો

પાલનપુર, તા.૫

દાંતા તાલુકાના મંડાલી ગામની યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા. પિયરના પરિવારજનોએ છૂટાછેડા લેવડાવી યુવતીને ઘરે લાવી હતી. ઘરેથી બહાર જવા દેતા ન હતા. ઘરમાં પૂરી બહાર તાળું મારી દેતા હતા.



આ અંગે રવિવારે ૧૮૧ની મદદ માંગતા કાઉન્સેલર જિનલબેન પરમાર અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ વર્ષાબેન મહેતા ગામમાં જઈ યુવતીના નિવેદન આધારે કાર્યવાહી કરી રહ્યાં હતા ત્યારે યુવતીના પરિવારજનો ઉશ્કેરાઇ ગયા હતા અને સરકારી કામગીરીમાં રુકાવટ કરી ૧૮૧ની ટીમના સરકારી કર્મચારી કાઉન્સેલર અને મહિલા પોલીસ ઉપર હુમલો કર્યો હતો.

હડાદ પોલીસ મથકે જાણ કરી હુમલો કરનારા શખ્સો વિરુદ્ધ અરજી આપતાં પોલીસે તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હુમલો કરનારા શખ્સો : અમથાભાઈ બેચરભાઈ, તુલસીભાઈ છગનભાઇ પ્રજાપતિ, જગદીશભાઈ બેચરભાઈ પ્રજાપતિ, અમરતભાઈ મગનભાઈ પ્રજાપતિનો સમાવેશ થાય છે. આ તમામ મંડાલી ગામના છે.





રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શિક્ષકદિન નિમિત્તે શિક્ષક કલ્યાણ નિધીમાં ફાળો આપ્યો હતો. તેવીજ રીતે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિવાસ સ્થાને ગાંધીનગરની શાળાના બાળકોને શિક્ષક કલ્યાણ નિધીમાં તેમનો ફાળો અર્પણ કર્યો હતો.

# શેલ્બી હોસ્પિટલમાં વર્લ્ડ સ્પાઈનલ ઈન્જરી અવેરનેસ-ડેની ઉજવણી

અમદાવાદ તા.૫

**તાજેતરમાં નવનિર્મિત શેલ્બી ઈન્સ્ટિટયૂટ ઓફ રીહેબેલીટેશન સાયન્સ (સર્સ) ખાતે કરવામાં આવી ખાસ ઉજવણી વિશ્વ માટે આ દિવસનું બીજું એક ખાસ મહત્વ પણ છે. વિશ્વભરમાં આ દિવસને 'વર્લ્ડ સ્પાઈનલ ઈન્જરી અવેરનેસ ડે' તરીકે મનાવવામાં આવે છે. સ્પાઈનલ ઈન્જરી એઠલે કે કરોડરજ્જુની ઈજા એક એવી ઈજા હોય છે જે માણસને પેરાલીસીસ એટલે કે લકવા તરફ દોરી જાય છે. અને એ સૌથી ગંભીર ઈજાઓમાંની એખ હોય છે. જે આપણાં જીવનને અપંગતા તરફ લઈ જઈ શકે છે. આ શુભ દિવસે શેલ્બી હોસ્પિટલ્સને જે એક ટરસિયરી કેર મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ચેઈન છે. એને પોતાની શણગારેલી પાઘમાં હજુ એખ અન્ય પીંછા રજૂ કરવામાં અત્યંત ગર્વનું અનુભૂતિ થાય છે.**

## શેલ્ફી ઈન્સ્ટીટયૂટ ઓફ રીહેબલીટેશન સાયન્સ (સર્સ) સર્વગ્રાહી ઉપચાર માટે અતિઆધુનિક ઉપકરણોથી સજ્જ કેન્દ્ર : ડો.શાહ

સર્સ એ સર્વગ્રાહી ઉપચાર માટે એક બુટિક, અતિ આધુનિક સંપૂર્ણપણે સજ્જ કેન્દ્ર છે. સર્સ કેન્દ્ર તેના જુસ્સેદાર અને સ્વપ્નદ્રષ્ટા ડિરેકટર ડો. નિરજ બી.વસાવડાનું એક સપનું હતું જે હવે સાકાર થયું છે. ડો. નિરજ એક જાણીતા સ્પાઈન સર્જન છે. અને જયારે તેઓ કરોડરજ્જુની વિકલાંગતા ધરાવતા દર્દીઓની સારવાર કરતા હતા. તેમને હંમેશા એવું લાગતું હતું કે પૂર્ણ સારવાર અને સંપૂર્ણ કાર્યાત્મક પુન પ્રાપ્તિ વચ્ચે એક મોટું અંતર છે. હમણાં આપણે બધા પણ જાણીએ છીએ કે આ ચાલુ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન પણ આ તફાવત અમે સૌએ સ્પષ્ટ રીતે મહસૂસ કર્યા છીએ.

આ જ જરૂરિયાતને સમાન અને મજબૂત રીતે વિશ્વ વિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન અને શેલ્બી હોસ્પિટલના ચેરમેન ડો.વિક્રમ આઇ.શાહ દ્વારા પણ અનુભવાઇ હતી. ડો. શાહ હંમેશાથી દર્દીઓ માટે શ્રેષ્ઠતમ સુવિધાઓ આપવાની સાથે-સાથે અને જલ્દથી જલ્દ સાજા કરવા માટે પણ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. ડો.શાહને દર્દીના ચહેરા પર સ્મિત લાવવાની તેમની અખંડ શોધ માટે શેલ્બી ઈન્સ્ટિટયૂટ ઓફ રીહેબીટેશન સાયન્સેના આઇડિયા બહુ ગમ્યું અને એને ડો. નિરજ વસાવડા અને એના ટીમને પૂર્ણ ઉત્સાહ સાથે તમામ સપોર્ટ અને માર્ગદર્શન પૂરું પાડયું. અને એટલે જ આજે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ સર્સનો જન્મ થયો છે. આજે શેલ્બી ઈન્સ્ટિટયૂટ ઓફ રીહેબીટેશન સાયન્સ કેન્દ્રના ઉદ્‌ઘાટન કેન્દ્રના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ગેસ્ટ ઓફ હોનોર તરીકે કે.બી.બારોટ (પ્રેસિડેન્ટ- સિનિયર સિટીઝન વર્લ્ડ ઈન્ડિયા) હેમંત શાહ



(પ્રેસિડેન્ટ) એનઆરઆઈ પેરેન્ટ એસોસિએશન અને સોશ્યલ એકટીવિસ્ટ યોગેશ ચૂડગરને ડો. નિરજ વસાવડા (ડિરેકટર સર્સ ) ડો. ભરત ગજ્જર (ડિરેકટર - ઈન્ટરનેશનલ ઓપીડી) અને ડો. નીશિતા શુકલા (ગ્રુપ-સીઓઓ) ડો. અભિજીત સિંહ (ચીફ ઓપરેટિંગ ઓફિસર ક્રિષ્ના શેલ્બી-સીઓઓ) દ્વારા ખાસ આમંત્રણ આપવામાં આવ્યા હતા.

# ડીસા-પાલનપુરમાં ગણેશ મહોત્સવને લઈને થઈ રહેલી તડામાર તૈયારીઓ

પાલનપુર, તા.૫

ભાદરવા મહિનાને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે જેથી ગણેશ મહોત્સવની હવે મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં દરેક શહેરમાં પણ ભાદરવા સુદ જથી ગણેશ મહોત્સવની જોરદાર તૈયારીઓ કરી રહી છે અને રાસ



(તસ્વીર : સિતાબ કાદરી - પાલનપુર)

શાનદાર ઉજવણી કરવા માટે ગુજરાતના લોકો તડામાર તૈયારીઓ કરવા લાગી રહ્યા છે, ગરબાની રમઝટ મચાવા જોરદાર ડીજે, ઢોલની તૈયારી કરવામાં આવે છે. ગણેશજીની અવનવી ડિઝાઈનમાં મૂર્તિઓ રંગ-રોગાન શુસોભીત કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા, પાલનપુર જેવા વિવિધ શહેરોમાં હાઈવે ઉપરની ફુટપાથ ઉપર કુશળ કારીગરો દ્વારા ભગવાન ગણેશજીની મૂર્તિઓ આબેહૂબ રંગરોગાન કરવામાં આવી રહ્યાં છે. ભાદરવા સુદ ચોથને દિવસે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, ધાનેરા, થરાદ, ભીલડી, વાવ, દિયોદર, ભાભર ખાતે શાનદાર રીતે ગણેશ મહોત્સવની કોરોનાની મહામારીના કારણે સરકારની ગાઈડલાઈન મુજબ ઉજવણી કરવામાં આવશે અને રાસ-ગરબાની રમઝટ બોલાવી ઉજવણી કરવામાં આવશે.

### રાસ-ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવશે



(તસ્વીર : ગજુભા વાઘેલા - શિહોરી)

# નડાબેટ ખાતે રાજપૂત યુવા સંઘની પ્રદેશ કાર્યકર્તા શિબિર યોજાશે

શિહોરી, તા.૫

**અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના ગુજરાતના સક્રિય કાર્યકર્તાઓ અતિ મહત્વની વાર્ષિક પ્રદેશ કાર્યકર્તા શિબિર તારીખ ૧૧ અને ૧૨ સપ્ટેબર ૨૦૨૧ના શનિવાર તથા રવિવારના રોજ બનાસકાંઠાની ધરતી નડેશ્વરી માતાજી સુઈગામ ખાતે કાર્યકર્તા ઘડતર માટેની શિબિર તેમજ વિતેલા વર્ષ દરમ્યાન કરવામાં અવેલી પ્રવૃત્તિઓની આગોતરા આયોજન માટે છેલ્લા ૩૦ વર્ષથી દર વર્ષે નિયમિત શિબિર યોજવામાં આવે છે, તો તેના અનુસંધાને આ વર્ષે પ્રદેશ કાર્યકર્તા શિબિર નડેશ્વરી ખાતે યોજવામાં આવશે.**

## દરેક ગામમાંથી રાજપૂત સમાજના યુવાનો હાજર રહે તેવી હાકલ કરવામાં આવી

સમગ્ર ગુજરાતમાંથી રાજપૂત સમાજના ચુનંદા યુવા અને અગ્રણી કાર્યકર્તાઓ સમાજલક્ષી ચિંતન કરશે ત્યારે તેના આયોજન માટે નડાબેટ ખાતે બનાસકાંઠા અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ પ્રમુખ પ્રવિણસિંહ ચૌહાણ બુકણાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના પ્રદેશ કારોબારી સભ્ય ભરતસિંહ વાઘેલા આગણવાડા, વનરાજસિંહ રાઠોડ ભાભર, મહીપતસિંહ જાડેજા પર પાટણ જિલ્લા પ્રમુખ, બહાદુરસિંહ જાડેજા પર, કુંભાજી વાઘેલા કઢા, જબબરસિંહ ઢેચાણાં, વિનોદસિંહ સોલંકી કબોઈ, ભુપેન્દ્રસિંહ જાડેજા સોનેથ, મોટી સંખ્યામાં બનાસકાંઠાના દરેક તાલુકા જવાબદાર કાર્યકર્તા હાજર રહ્યા હતા અને દરેક ગામમાંથી રાજપૂત યુવાનો આ શિબિરમાં ભાગ લે તેવું આહવાન કરાયું હતું.

## પુત્ર ધ્રુવરાજસિંહનું રાજતિલક કરાયું

# સાણંદના રાજવી જયશિવસિંહ વાઘેલાના અંતિમ સંસ્કાર કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૫

સાણંદના રાજવી જયશિવસિંહ વાઘેલાનું ગઈકાલે મોડી સાંજે હાર્ટ એટેકથી નિધન થયું છે. મહારાજા જયશિવસિંહ



વાઘેલાના અંતિમ સંસ્કાર આજે સાણંદ ખાતેના રાજવી પરિવારના સ્મશાનમાં કરવામાં આવ્યા હતા. મહારાજા જયશિવ સિંહની અંતિમયાત્રા પહેલા સાણંદ સ્ટેટના કુંવર જયશિવસિંહના પુત્ર ધ્રુવરાજસિંહનું રાજતિલક

**મહારાજા જયશિવસિંહ વાઘેલાના અંતિમ સંસ્કાર સાણંદ ખાતેના રાજવી પરિવારના સ્મશાનમાં કરવામાં આવ્યા**

કરવામાં આવ્યું હતું. દરબારગઢમાં સાણંદના રાજવી પરિવારના આરાધ્ય દેવી મહાકાળી માતાજીના સાનિધ્યમાં પરિવારના લોકો દ્વારા પરંપરાગત અને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે રાજતિલકની વિધિ કરવામાં આવી હતી.

રાજતિલકની વિધિ બાદ મહારાજા જયરાજસિંહના નશ્વર દેહને અંતિમ દર્શન માટે દરબારગઢના પ્રાંગણમાં રાખવામાં આવ્યો હતો. અંતિમ દર્શન બાદ દરબાર ગઢથી અંતિમયાત્રા સાણંદના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ રાજવી પરિવારના સ્મશાને પહોંચી હતી. જ્યાં અનેક રજવાડાના રાજવી પરિવારના સદસ્યો જોડાયા હતા. ગુજરાત ભાજપના મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, સાણંદના ધારાસભ્ય કનું પટેલ, ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા જયરાજ સિંહ પરમાર અંતિમ દર્શન માટે પહોંચ્યા હતા. નેક નામદાર ઠાકોર સાહેબ જયશિવ સિંહના અવસાનના શોકમાં સાણંદની તમામ બજારો બંધ રહી હતી. સાણંદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો સ્વ. જયશિવ સિંહની અંતિમ યાત્રામાં જોડાયા હતા.

મહારાજા જયશિવ સિંહનું બાળપણ માઉન્ટ આબુમાં વિત્યું હતું. તેમનો પ્રાથમિક સુધીનો અભ્યાસ માઉન્ટ આબુમાં જ થયો હતો. માઉન્ટ આબુથી કિશોર અવસ્થામાં તેઓ રાજકોટ ગયા હતા. કોલેજનો અભ્યાસ અજમેરની મેયો કોલેજમાં કર્યો હતો. તેઓ શોર્ટ ગન શૂટિંગમાં નેશનલ ચેમ્પિયન ઈન જુનિયર રહી ચૂક્યા છે.

### પાલનપુરના અર્બન હેલ્થ સેન્ટરમાં સગર્ભા સેતુ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા.૫

પાલનપુર અર્બન હેલ્થ પાલનપુર ખાતે સગર્ભા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ અનુક્રમે ૬૫ તેમજ ૧૯ ધાત્રી માતાઓ તપાસણી માટે હાજર રહેલ ગાયકોનોલોજીસ્ટ ડો. અતુલ પટેલ અને ડો. કે. જી. ટ્રેલર પાલનપુર દ્વારા યોગ્ય નિદાન અને સારવાર નિઃશુલ્ક આપવામાં આવેલ દરેક સગર્ભા માતાને ૫૦૦ ગ્રામ મગ પોષણ માટે નિઃશુલ્ક આપવામાં આવેલ તેમજ ટ્રાન્સપોર્ટની સુવિધા પણ નિઃશુલ્ક આપવામાં આવેલ. પ્રા.આ.કે.ના મેડીકલ ઓફિસર ડો. પુષ્પાબેન પટેલ, ડો. પાયલબેન પ્રજાપતિ, ફાર્માસીસ્ટ, ફી.હે.મ.પ.હે.સ. લેબટેક, ફી.હે.વ., એકાઉન્ટન્ટ, મ.પ.હે.વ. આશા તેમજ અન્ય સ્ટાફનો ભારે જહેમતથી આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.



(તસ્વીર : અનુપ ઠાકોર - દિયોદર)

# દિયોદર ફૂટબોલ કલબ ટીમે ગૌરવ વધાર્યુ : ફાઈનલમાં વિજેતા બની

દિયોદર, તા.૫

બનાસકાંઠા જિલ્લાના દિયોદર ફૂટબોલ કલબ આયોજિત ઓલ ઈન્ડિયા ફૂટબોલ ટુર્નામેન્ટનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે ત્રણ દિવસ સુધી આ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં કુલ ૨૮ ટીમોએ ભાગ લીધો હતો જેમાં ફાઇનલમાં દિયોદર ફૂટબોલ કલબ વિજેતા બની હતી. જેમાં આયોજિત હેડ કોચ હિતેશ પરમારની મહેનત રંગ લાવી હતી. જેમાં દિયોદર ફૂટબોલ કલબ વિજેતા ટીમને ટ્રોફી, મેડલ, સર્ટીફીકેટ અને કેસ પ્રાઈઝ આપી દરેક ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યાં હતા.

### વિજેતા ટીમને ટ્રોફી મેડલ અને રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવી

જેમાં દિયોદર ફૂટબોલ કલબે સમગ્ર દિયોદરનું ગૌરવ વધાર્યુ હતું જેમાં સન્માન કાર્યક્રમમાં દિલીપસિંહ વાઘેલા, ગિરિરાજસિંહ વાઘેલા, ડો. રાજસિંહ પરમાર, ડો. પ્રીતિબેન પરમાર, પ્રહલાદભાઈ યોગી, નાસીરખાન મલેક, અમરતભાઈ ભાટી, ભરતભાઈ ઠાકોર વકીલ, અનુપજી ઠાકોર (મીડિયા કર્મી) અશોકભાઈ પરમાર, અમરસિંહ ભાટી, સંજયભાઈ ઠાકોર વગેરે યુવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# સોનાના દાગીના ઉપર લોન અપાવવાનું કહી ગઠિયાએ કરી લાખોની છેતરપીંડી

અમદાવાદ તા.૫

શહેરના મણિનગર ખાતે રહેતી મહિલાને દાગીના ઉપર ફોન અપાવવાનું કહી પંજાબના રહીસે રૂા.૪,૭૦,૦૦૦ અને દાગીના મેળવી છેતરપીંડી કરી હતી.

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના મણિનગર નાહીરાભાઇ ટાવરમાં રહેતા ૪૫ વર્ષના હંસાબેન લોધાનીને ગત તા.૬ માર્ચના રોજ પંજાબના મોગા ખાતેના મથુરાપુરી રોડ ખાતે રહેતા દિપકભાઇ ગર્ગએ સોનાના દાગીના ઉપર લોન અપાવવાનું કહ્યું હતું.

તેમજ ખોખરા સર્કલ ખાતેના રાધે મોલમાં આવેલ આઇઆઇએફએલ ફાયનાન્સ લી.નામની ફાયનાન્સ કંપની ખાતે તેઓના દાગીના ગીરવે મુકાવ્યા હતા. તેમજ તે દાગીના ઉપર તેના નામથી રૂા.૪,૭૦,૦૦૦ ની લોન મેળવી હતી. ત્યારબાદ લોન ના નાણા કે હંસાબહેનના સોનાના દાગીના તેઓને પરત ન આપી વિશ્વાસઘાત-છેતરપીંડી કરી હતી. તે બાબતે આ મહિલાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### અમરાઈવાડી વિસ્તારની ઘટના

# કુમકુમ મંદિર ખાતે રવિવારે સત્સંગ સભા યોજાઈ

અમદાવાદ તા.૫

શ્રી સ્વામિનારાયણ મંદિર-કુમકુમ-મણિનગર ખાતે સદ્‌ગુરુ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધૂન ધ્યાન કરવામાં આવ્યા હતા અને શ્રાવણ માસમાં શ્રી હરિકૃષ્ણ સ્વરુપ દાસજી સ્વામી દ્વારા



ચાલતી કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાધુ પ્રેમવત્સલદાસજીએ જણાવ્યું હતું કે, શિક્ષક અને સંત વિદ્યાર્થીઓનું અને સમાજનું જીવન ઘડતર કરે છે. ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન હોવાથી આજના દિવસે આપણે શિક્ષકોને અવશ્ય યાદ કરવા જોઈએ.

નાના બાળકોથી માંડીને યુવાનોને શિક્ષણ અને સંસ્કાર શિક્ષકો આપે છે. નવ કરોડ વિદ્યાર્થીઓનું ભાવિ શિક્ષકોના હાથમાં છે. તે સારા સમાજની રચના કરી શકે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓને જેમ શિક્ષણ આપે છે. તેમ સાચા સંતો બાળકો અને યુવાનોને સારા સંસ્કાર આપે છે. એક સંત અનેક યુવાનોને સાચા માર્ગે લઈ જઈને જનસમાજમાં ક્રાંતિ આણી શકે છે. જે યુવાનો સાચા શિક્ષક અને સંતની સાથે જોડાયેલા રહે છે. તેમનું જીવન વ્યસન મુક્ત હોય છે અને સદાચારી હોય છે. સાચા શિક્ષક અને સંતની સાથે જોડવા જોઈએ. તેમાં જ આપણા સૌ કોઈનું હિત સમાયેલું છે.

### શિક્ષક અને સંત યુવાનોનું ભવિષ્ય ઘડે છે- સાધુ પ્રેમ વત્સલદાસજી

### અસારવા નિલકંઠ મહાદેવ, માતર ભવાની વાવનો શ્રાવણી અમાસનો મેળો મોકૂફ

અમદાવાદ તા.૫

અસારવા વિસ્તારમાં આવેલ સુપ્રસિધ્ધ નિલકંઠ મહાદેવ, માતર ભવાની વાવ અસારવા ખાતે વર્ષોથી પરંપરાગત 'શ્રાવણી અમાસ'શ્રાવણ માસના છેલ્લા દિવસનો મેળો ભરાય છે. પરંતુ આ વખતે કોરોના મહામારીના ના કારણે સમગ્ર ગુજરાતમાં મેળાઓ બંધ રાખવામાં આવેલ છે. આ અંગે પ્રવિણસિંહ આર.દરબાર, ચંન્દ્રકાન્ત જયસ્વાલ જણાવે છે કે આ વખતે પણ નિલકંઠ મહાદેવ , માતર ભવાની વાવનો અમાસનો મેળો મંદિરના મહંત શ્રી, પોલીસ અને સામાજીક કાર્યકરો દ્વારા મેળો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ફક્ત નિલકંઠ મહાદેવમાં પરંપરાગત સવા લાખ બિલીપત્રો નિલકંઠ મહાદેવના ભોળાનાથને ચઢશે. બપોરે ૧૨ વાગે મંગળા આરતી થશે. ભાવિક ભક્તો માટે સોશીયલ ડીસ્ટન્સ જાળવીને દર્શનનો લાભ મળી રહેશે. આ દિવસે રમકડાની દુકાનો, ચકડોરો, પાણીની પરબો તમામ વ્યવસ્થાઓ બંધ રાખવામાં આવેલ છે. ફક્ત મંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લા રહેશે.



પાકિસ્તાનના ક્વેટા શહેરની બહારના વિસ્તારમાં સેરેના હોટેલ પાસે મોટર સાયકલમાં પ્લાન્ટ કરીને કરાયેલા બોંબ બ્લાસ્ટ હુમલામાં બે પોલીસ કર્મી માર્યા ગયા હતા. અને ૧૩ લોકો ઘાયલ થયા હતા. ઘટના સ્થળે આવી પહોંચેલા સુરક્ષા અધિકારીઓ સ્થળનું નિરીક્ષણ કરી રહ્યા છે.

# પાકિસ્તાનમાં આત્મઘાતી હુમલો : ઈમરાન ખાને આ આતંકી હુમલાની નિંદા કરી

પાકિસ્તાન , તા.૦૫

ઈમરાન ખાને આ આતંકી હુમલાની નિંદા કરી છે. ઈમરાન ખાને ટ્વિટ કર્યું, અમે ક્વેટામાં ચેકપોસ્ટ પર ટીટીપી આત્મઘાતી હુમલાની નિંદા કરીએ છીએ. મારી સંવેદના શહીદોના પરિવારજનો સાથે છે અને અમે ઘાયલોની સ્વસ્થતા માટે પ્રાર્થના કરીએ છીએ. અમે અમારા સુરક્ષા દળો અને તેમના બલિદાનને સલામ કરીએ છીએ, જેઓ આતંકવાદીઓથી આપણું રક્ષણ કરે છે.નોંધનીય છે કે પાકિસ્તાનમાં છેલ્લા બે મહિનામાં આત્મઘાતી હુમલાઓ થતાં રહ્યા છે આ પહેલા ચીનના નાગરિકોને લઇ જતી બસમાં વિસ્ફોટ થતાં નવ ચીની લોકો મોત થઇ ગયા હતા અને બીજા એક આત્મઘાતી હુમલામાં બે બાળકોના મોત નિપજયા હતા , પાકિસ્તાને આતંકવાદીઓને જે રીતે પનાહ આપી છે હવે તે પરિણામ હાલ ભોગવી રહ્યું છે. આવનાર સમયમાં આતંકવાદી હુમલા ત્યાં વધી શકે છે. પાકિસ્તાનના ક્વેટા આજે સવારે આત્મઘાતી બોમ્બ બ્લાસ્ટથી હચમચી ગયું હતું. તહેરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) એ પાકિસ્તાનના ક્વેટામાં આત્મઘાતી હુમલાની જવાબદારી સ્વીકારી છે, જેમાં ત્રણના મોત અને ૨૦ ઘાયલ થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે મોટરસાઇકલ પર આવેલા હુમલાખોરે પોતાને ઉડાવી દીધો હતો. વિસ્ફોટ ક્વેટામાં એક ચેક પોસ્ટ પર થયો હતો. ઉલ્લેખનીય છે કે તે માત્ર બલુચિસ્તાન પ્રાંતમાં આવે છે. પોલીસે જણાવ્યું હતું કે આત્મઘાતી બોમ્બરે તેની બાઇક ચેકપોસ્ટ પર કાયદા અમલીકરણ એજન્સીના વાહનમાં ઘુસાડી દીધી હતી, ત્યારબાદ બ્લાસ્ટ થયો હતો. જેમાં અર્ધલશ્કરી દળના ત્રણ રક્ષકોના મોત થયા છે.

# ઉત્તર કોરિયામાં ભૂખમરો : અમીરોના બાળકોના થઈ રહ્યા છે અપહરણ

ઉત્તર કોરિયા , તા.૦૫

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉનની એક તસવીર પણ સામે આવી છે જેમાં તે ખૂબ જ પાતળી દેખાય છે. તેમનો નવો અવતાર ઉત્તર કોરિયાના લોકોને પરેશાન કરી રહ્યો છે. ખરેખર, ભૂતકાળમાં, કિમ જોંગના કપાળ પાછળ એક પાટો જોવા મળ્યો હતો અને કેટલાક ફોલ્લીઓ પણ જોવા મળી હતી. ત્યારથી તેમના સ્વાસ્થ્યને લઈને અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. હવે તેનો આ નવો લુક જોઈને ફરી અનેક અટકળો શરૂ થઈ છે. ભૂતકાળમાં, કિમ જોંગ ઉન તેના નવા દેખાવમાં લોકોની સામે દેખાયા હતા અને એક બેઠક પણ યોજી હતી.ઉત્તર કોરિયામાં ખોરાકની કટોકટીના અભાવે ભૂખમરાને કારણે આવી ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં, ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને પણ ખાદ્ય સંકટ અંગે ચેતવણી આપી હતી. ઉત્તર કોરિયા, જે તેના દેશની મોટાભાગની બાબતોને ગુપ્ત રાખે છે, તે આ દિવસોમાં તીવ્ર ભૂખમરાનો સામનો કરી રહ્યો છે. શ્રીમંત પરિવારોના બાળકો ઉત્તર કોરિયામાં ભૂખમરા અને તેમના માતાપિતા પાસેથી પૈસાની માંગને કારણે અપહરણ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં આવા ઓછામાં ઓછા ચાર કેસ સામે આવ્યા છે જ્યાં અપહરણકારોએ બાળકોના પરિવારજનો પાસેથી ખંડણી માંગી છે જેથી તેઓ પોતાનું ઘર ચલાવી શકે. ગયા મહિને ઉત્તર કોરિયાની રાજધાની અને સૌથી મોટા શહેર પ્યોંગયાંગમાંથી એક બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હતું, રેડિયો ફ્રી એશિયાએ અહેવાલ આપ્યો હતો. અપહરણકારે જાણીજોઈને આ ઘટનાને અંજામ આપ્યો હતો અને તે જાણતો હતો કે છોકરીના માતા -પિતા ખૂબ જ ધનિક છે. અપહરણકારે છોકરીના માતા -પિતાને બોલાવ્યા અને આશરે ૫,૦૦,૦૦૦ વોનની માંગણી કરી. બાદમાં પોલીસે અપહરણકર્તાની ધરપકડ કર્યા બાદ બાળકનું લોકેશન શોધી કાઢ્યું હતું. અન્ય એક સમાન કેસ અન્ય શહેરમાં નોંધાયો હતો જ્યાં ૧૦ વર્ષના છોકરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. ઉત્તર કોરિયામાં ખોરાકની કટોકટીના અભાવે ભૂખમરાને કારણે આવી



ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં, ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને પણ ખાદ્ય સંકટ અંગે ચેતવણી આપી હતી. આ પછી, ઘણા અહેવાલો પણ બહાર આવ્યા જેમાં કહેવામાં આવ્યું હતું કે ઉત્તર કોરિયાના મોટાભાગના નાગરિકોને બે વખતનું ભોજન પણ યોગ્ય રીતે મળતું નથી. એટલું જ નહીં, ઘણા અહેવાલોમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે ભૂખમરાને કારણે ઉત્તર કોરિયામાં લાખો લોકોના મોત પણ થઈ શકે છે. હકીકતમાં, ઉત્તર કોરિયામાં ગંભીર સંકટ પાછળનું કારણ કોરોના મહામારીને કારણે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને સરહદી પ્રતિબંધો છે. ઉત્તર કોરિયાને ચીન તરફથી સૌથી વધુ મદદ મળે છે, જેમાં ખાદ્ય સહાયનો સમાવેશ થાય છે. પરંતુ કોરોના મહામારીને જોતા ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને ગયા વર્ષે ચીન સાથેની સરહદ બંધ કરી દીધી હતી. જેના કારણે મદદ પણ બંધ કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં, ઉત્તર કોરિયામાં મોટા પાયે ઉદ્યોગો પણ બંધ હતા. વળી, ગયા વર્ષે તોફાન અને ખરાબ હવામાનને કારણે ઉત્તર કોરિયામાં પાકની ઉપજ પણ ઘટી હતી. જેના કારણે ઉત્તર કોરિયામાં ભૂખનું સંકટ છે.

# સિંગલ મધરને સંતાનના પિતાનું નામ ગુપ્ત રાખવાનો અધિકાર : હાઈકોર્ટ

થીરૂવંતપુરમ તા.૫

કેરળ હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં સીંગલ મધરના સંતાન મુદ્દે તેની ગુપ્તતા જાળવી રાખવા આદેશ આપતાં આ પ્રકારના મહિલા માતા બને તેના સંતાનની નોંધણી માટે અલગથી એક ફોર્મ અને પ્રક્રિયા અમલમાં મુકવા તથા તેમાં બાળકના પિતાનું નામની કલમ ખાલી રાખવાનો આદેશ આપ્યો હતો. એક કૃત્રિમ ગર્ભધાનથી માતા બનેલી વિધવા મહિલાની અરજી પરથી અદાલતે આદેશ આપ્યો હતો અને સિંગલ મધર કે તે પ્રકારે જે મહિલા લગ્ન ન કર્યા હોય અને તેના સંતાનના પિતાનું નામ જાહેર કરવા ન માંગતી હોય તો તેણે રાઈટ ટુ

## કૃત્રિમ ગર્ભધાનથી માતા બનેલા વિધવા મહિલાના તરફેણમાં ચૂકાદો

પ્રાઈવસી એટલે કે ગુપ્તતાનો અધિકાર હોવાનું માન્ય હતું અને આ પ્રકારની મહિલાને તેના સંતાનના જન્મ અથવા તો મૃત્યુના સર્ટીફીકેટ સમયે તેના પિતાનું નામ જાહેર કરવાની ફરજ ન પાડવા આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે નોંધ્યુ હતું કે હવે બદલાતા સમય સાથે અનેક મહિલાઓ લગ્ન કરવા ઈચ્છતી ન હોવા છતાં સંતાન ઈચ્છતી હોય છે અને તે માટે તેને પોતાની પસંદગીનો અધિકાર છે. આ સંદર્ભમાં તેના સંતાનના જન્મ અથવા તો મૃત્યુની નોંધણીમાં પિતાના નામની કોલમ તે ખાલી રાખી શકે છે.

હાઈકોર્ટે એ સંદર્ભમાં જણાવ્યુ કે વહિવટી તંત્ર ઈચ્છે તો આ મહિલાઓ પાસેથી સોગંદનામુ લઈને તે સિંગલ મધર છે અને પરિણીત નથી તે નિશ્ચિત કરાવી શકે છે.



અલ્બેનિયાથી ભારતમાં આવી મિશનરીઝ ઓફ ચેરિટીની સેવા સંસ્થા સ્થાપી ગરીબ અને અનાથ બાળકોની જીવનભર સેવા કરનાર નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મધર ટેરેસાની પૂણ્યતિથી નિમિત્તે આસામના ગુવાહાટી શહેરમાં મિશનરીઝ ઓફ ચેરિટી ખાતે એક નન ખ્રિસ્તી સાધ્વી મધર ટેરેસાને પુષ્પહાર પહેરાવી શ્રધ્ધાસુમન અર્પણ કરી રહી છે.

## ઈરાનના રાષ્ટ્રપતિએ મોટું નિવેદન આપ્યું

# અફઘાનના ભવિષ્યને નિર્ધારિત કરવા ચૂંટણી કરાવવાનું આહ્વાન

નવી દિલ્હી, તા.૫

અફઘાનિસ્તાન પર કબજા બાદ તાલિબાન હવે આગામી સરકાર બનાવવાની તૈયારીમાં લાગ્યું છે. આવતા સપ્તાહે તાલિબાન પોતાની સરકાર બનાવી લેશે તેવી આશા સેવાઈ રહી છે. તમામ વચનો આપવા છતાં દુનિયાભરના મોટાભાગના દેશો સંપૂર્ણ રીતે તાલિબાન પર ભરોસો વ્યક્ત કરી શકતા નથી.

આ બધા વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે અફઘાનિસ્તાનના ભવિષ્યને નિર્ધારિત કરવા માટે ત્યાં ચૂંટણી કરાવવાનું આહ્વાન કર્યું છે. આ સાથે જ આશા વ્યક્ત કરી છે કે પશ્ચિમી દેશોના સૈનિકોની વાપસી બાદ ત્યાં શાંતિ પાછી ફરશે. સ્ટેટ ટીવી પર બોલતા ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીએ કહ્યું કે અફઘાનિસ્તાનના લોકોએ પોતાની સરકાર નિર્ધારિત કરવા માટે જેટલું જલદી બની શકે તેટલું

## લોકોએ સરકાર નિર્ધારિત કરવા માટે જલદી બની શકે તેટલું જલદી મતદાન કરવું જોઈએ : ઈબ્રાહિમ રાયસી

જલદી મતદાન કરવું જોઈએ. તેમણે કહ્યું કે ત્યાં એક એવી સરકાર બનવી જોઈએ જે મતો અને લોકોની ઈચ્છાથી ચૂંટાય.

તેમણે વધુમાં કહ્યું કે ઈસ્લામિક રિપબ્લિકે હંમેશાથી અફઘાનિસ્તાનમાં શાંતિની આશા સેવી છે. 'રક્તપાત સમાપ્ત કરવા અને લોકોની ઈચ્છાની સંપ્રભુતાની માગણી કરી છે. અમે અફઘાનિસ્તાનના લોકો દ્વારા ચૂંટાયેલી સરકારનું સમર્થન કરીએ છીએ. નોંધનીય છે કે અફઘાનસ્તિાનના કુલ ૩૪ પ્રાંતમાંથી ૩૩ પ્રાંત પર તાલિબાનનો કબજો છે. જ્યારે એકમાત્ર પંજશીર અહેમદ મસૂદ અને પૂર્વ રાષ્ટ્રપતિ અમરુલ્લા સાલેહના કબજામાં છે. શરૂઆતના સમયમાં વાતચીત થયા બાદ છેલ્લા કેટલાક દિવસથી પંજશીરમાં ભીષણ ઘર્ષણ ચાલુ છે. તાલિબાન અને રેઝિસ્ટન્સ ફોર્સ બંનેના ફાઈટર્સના મોત થયા છે. મસૂદ અને સાલેહ કોઈ પણ કિંમતે પીછેહટ કરવા તૈયાર નથી.

# ઈરાકમાં આતંકી હુમલો ૧૩ પોલીસ જવાનનાં મોત

ઈરાક, તા.૦૫

વિશ્વમાં દિવસેને દિવસે આતંકવાદી વધુ મજબૂત થઈ રહ્યા છે ત્યારે ISIS દ્વારા ઈરાકનાં ઉત્તરી ભાગમાં સ્થિત કિરકૂકની એક ચેક પોઈન્ટ કર હુમલો કરવામાં આવ્યો છે જેમાં ઓછામાં ઓછા ૧૩ પોલીસકર્મીઓના મોત થયા હોવાનું સામે આવી રહ્યું છે. નોંધનીય છે કે ISISના આતંકવાદીઓ સતત ઈરાકની પોલીસ અને સેનાને નિશાને લઈ રહ્યા છે પરંતુ આ હુમલાને અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો માનવામાં આવી રહ્યો છે. ઘટના અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ હુમલો કિરકુક શહેરની દક્ષિણે અલ-રશાદ વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. અધિકારીએ વધુમાં કહ્યું કે ISIS ના સભ્યોએ ફેડરલ પોલીસ ચોકીને નિશાન બનાવી છે. જેમાં ૧૩ લોકોના મોત થયા છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે.'' જો કે, ખુદISIS એ હુમલાની જવાબદારી હજુ સુધી સ્વીકારી નથી. નોંધનીય છે કે તાજેતરમાં, જૈંજી ના હુમલામાં અચાનક વધારો થયો છે.

# ઉત્પાદન પર પડેલી અસરને કારણે વાહનોની ડિલિવરી પણ ઢીલમાં પડી

મુંબઇ , તા.૦૫

ચીપ મેળવવા માટે ઉત્પાદકો સંઘર્ષ કરી રહ્યા છે. ઉત્પાદન પર પડેલી અસરને કારણે વાહનોની ડિલિવરી પણ ઢીલમાં પડી રહી છે. વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં ઊતારૂ વાહનોનો ઉત્પાદન આંક ૧.૭૫ લાખથી ૨.૧૦ લાખની વચ્ચે રહેવા વકી હોવાનું સિઅમના સુત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૦ના કોરોનાના કાળને બાદ કરતા આ ઉત્પાદન આંક છેલ્લા એક દાયકાનો સૌથી નીચો હશે. છેલ્લા ચાર વર્ષમાં વાહન ઉત્પાદકોએ દર વર્ષે સપ્ટેમ્બરમાં ૨.૮૦ લાખથી ૩.૪૦ લાખ જેટલા ઊતારૂ વાહનોનું ઉત્પાદન કર્યું છે. હાલમાં વ્યાજ દર નીચા છે ત્યારે વાહનોની માગમાં વધારો થવાની તક રહેલી છે, પરંતુ ચીપની અછતને કારણે તેનો લાભ કાર ઉત્પાદકોને ખાસ જોવા નહી મળે એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું. ચીપની અછતને કારણે વાહનોના ઉત્પાદનમાં કાપ મૂકવાની કાર ઉત્પાદક કંપનીઓ દ્વારા આ અગાઉ જ જાહેરાત કરી દેવાઈ છે.ચીપની અછતને પરિણામે વર્તમાન મહિનામાં દેશમાં ઊતારૂ વાહનોનું ઉત્પાદન ૧ લાખથી ૧.૧૫ લાખ વાહન ઓછું થવાની ધારણાં છે. ઉત્પાદનમાં આ ઘટને કારણે ઓટો ઉદ્યોગની આવકમાં વર્તમાન મહિને એક અબજ ડોલરથી વધુનો ફટકો પડી શકે છે એમ સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઅમ)ના સુત્રોએ જણાવ્યું હતું. સામાન્ય રીતે સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં ભારતમાં ગણપતિ તથા દશેરા-દિવાળી જેવા તહેવારો આવતા હોય છે અને માટે આ સમયગાળામાં વાહનોની માગ પણ ઊંચી રહે છે.

# ઈન્ડિયા બૂલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે પબ્લિક ઈશ્યૂની જાહેરાત કરી

અમદાવાદ તા.૫

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા નિયમન થતી હાઉસિંગ ફાઇનાન્સ કંપની ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ કંપનીએ સીકયોર્ડ અને અથવા અનસીકયોર્ડ, રીડિમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સનો પબ્લિક ઈશ્યૂ

## ટ્રેન્ચ ૧ ઈશ્યૂ આજે ખુલશે

જાહેર કર્યો છે, જે દરેકની ફેસ વેલ્યુ રૂા. ૧,૦૦૦ છે. ટ્રેન્ચ ૧ ઈશ્યૂ આજરોજ ખુલશે અને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ બંધ થશે.

ટ્રેન્ચ ૧ ઈશ્યૂની બેઝ ઈશ્યૂ સાઈઝ રૂા.૨૦૦ કરોડ છે. જેમાં ગ્રીન શૂ ઓપ્શન રૂા. ૮૦૦ કરોડનો છે. જેથી ફુલ સાઈઝ રૂા.૧,૦૦૦ કરોડ થાય છે. (ટ્રેન્ચ ૧ ઈશ્યૂ) ટ્રેન્ચ ૧ ઈશ્યૂ વાર્ષિક ૮.૦૫ ટકાથી ૯.૭૫ ટકાના કૂપન રેટની રેન્જ સાથે સબસ્ક્રિપ્શન માટે વિવિધ વિકલ્પો ઓફર કરશે. એનસીડીની આ ૧૦ સીરિઝ ફિક્સ્ડ કૂપન ધરાવે છે.અને વાર્ષિક, માસિક અને સંચિત વિકલ્પ સાથે ૨૪ મહિના, ૩૬ મહિના, ૬૦ મહિના અને ૮૭ મહિનાની મુદત ધરાવે છે.

એનસીડી બીએસઇ અને એનએસઇ (સંયુક્તપણે સ્ટોક એક્સચેન્જીસ) પર લિસ્ટેડ થશે, જેમાં બીએસઇ ઈશ્યૂ માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.

# તાલિબાનને ચીન આર્થિક મદદ કરશે તેનાથી ભારતની ચિંતા વધી

અફઘાનિસ્તાન, તા.૦૫

અમેરિકા સહિતના દેશોએ અફઘાનિસ્તાનને હાલમાં આર્થિક મદદ આપવાનું બંધ કરી દીધુ છે. જેથી આવા સમયે તાલિબાનને માત્ર ચીન મદદ કરી શકે છે. જબીઉલ્લાહે કહ્યું

## જબીઉલ્લાહે કહ્યું કે ચીન તેનો સૌથી મહત્વનો ભાગીદાર છે તે અફઘાનિસ્તામાં રોકાણ કરીને દેશનું પુનર્નિર્માણ પણ કરી શકે છે

કે ચીન તેનો સૌથી મહત્વનો ભાગીદાર છે તે અફઘાનિસ્તામાં રોકાણ કરીને દેશનું પુનર્નિર્માણ પણ કરી શકે છે. જો કે એક્સપર્ટોનું કહેવું છે કે ચીનની ભાગીદારી દેશની રાજનૈતિક સ્થિરતા પર આધાર રાખશે. કારણે ચીન મોટા પ્રમાણમાં મદદ નથી કરતું તે શરતો રાખીને સહાયતા આપતું હોય છે.

ચીન માનવીય સહાયતા આપી શકશે. પરંતુ નવી સરકારને તે આર્થિક સંકટથી નહી બચાવી શકે. નાનું સરખુ રોકાણ ચીન કરી શકે પરંતુ મોટા રોકાણ માટે દેશની સ્થિરતા તેમજ દેશની સુરક્ષા ઘણી મહત્વની રહેશે. ઉલ્લેખનીય છે કે તાલિબાનને હાલ દેશ ચલાવા માટે રૂપિયાની જરૂર છે. પરંતુ અફઘાનિસ્તાનના ૧૦ હજાર ડૉલર તે સરળતાથી નહી લઈ શકે. કારણકે તે રૂપિયા અફઘાનિસ્તાનની બહાર છે.ચીનની મદદ લઈને તાલિબાન અફઘાનિસ્તાનનું આર્થિક સંકટ દૂર કરશે. આ વાત તાલિબાનના પ્રવક્તા જબીઉલ્લા મુજાહિદે કહી છે. મીડિયા સાથે વાતચીત કરતા તેણે કહ્યું કે અફઘાનિસ્તાનમાંથી અમેરિકાની સેના ગયા બાદ તેમણે કબ્જો તો મેળવી લીધો પરંતુ તાલિબાન હવે ચીન પર નિર્ભર રહેશે તે વાતનો તેણે સ્પષ્ટ પણે ઉલ્લેખ કર્યો છે. વધુમાં તેણે એવું પણ કહ્યું કે તાલિબન ચીનની મદદ લઈને અફઘાનિસ્તાનનું આર્થિક સંકટ ઓછું કરશે. આપને જણાવી દઈએ કે તાલિબાને ૧૫ ઓગસ્ટે કાબુલ પર કબ્જો મેળવ્યો હતો. ત્યારબાદથી દેશની આર્થિક સ્થિતી ઘણી ખરાબ છે.

# યુજીસી નેટ ૨૦૨૧ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો

મુંબઇ , તા.૦૫

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા લેવામાં આવતી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (યુજીસી નેટ) ૨૦૨૧ની પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો છે. નવા ટાઈમટેબલ અનુસાર આ પરીક્ષા હવે છઠ્ઠીથી આઠમી ઑક્ટોબર અને ૧૭ થી ૧૯ ઑક્ટોબર દરમ્યાન બે તબક્કે લેવાશે. આ પહેલાં આ પરીક્ષા છઠ્ઠીથી ૧૧ ઑક્ટોબર દરમ્યાન લેવામાં આવવાની હતી. પરંતુ આ જ સમયગાળામાં અન્ય પ્રમુખ પરીક્ષાઓ પણ લેવામાં આવવાની છે અને વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને ધ્યાનમાં લેતાં આ પરીક્ષા હવે નવા ટાઈમટેબલ અનુસાર લેવાશે. નવા ટાઈમટેબલની નોટીસ યુજીસીની અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

## ભવાનીપુર સીટ પર મમતા બેનર્જી ચૂંટણી લડશે

# પેટાચૂંટણી માટે ટીએમસીએ ઉમેદવારોની કરી જાહેરાત

કલકત્તા, તા.૫

પશ્ચિમ બંગાળમાં ૩ વિધાનસભા સીટો પર યોજાવવાની છે. તેના માટે તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. ભવાનીપુર સીટ પર પોતે મુખ્યમંત્રી મમતા બેનર્જી ચૂંટણી લડશે. જંગીપુરથી જાકિર હુસૈન તો સમસેરગંજથી અમિરૂલ ઈસ્લામના નામ નક્કી કરવામાં આવ્યા છે. મતદાન ૩૦ સપ્ટેમ્બરના રોજ યોજાશે. કોરોનાથી બચવા માટે સાવધાનીના ભાગરૂપે એકદમ કડક માપદંડ બનાવવામાં આવ્યા છે.



પશ્ચિમ બંગાળમાં ૩ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી માટે ચૂંટણી કમિશન દ્વારા નક્કી કાર્યક્રમ હેઠળ ૧૩, સપ્ટેમ્બરના રોજ ઉમેદવારી દાખલ કરવાની અંતિમ તારીખ હશે અને તો બીજી તરફ ઉમેદવારો ૧૬ સપ્ટેમ્બર પહેલાં પોતાનું નામ પરત લઇ શકે છે. ચૂંટણી કમિશન દ્વારા આ વખતે

## ૧૩ સપ્ટેમ્બરના રોજ ઉમેદવારી દાખલ કરવાની અંતિમ તારીખ : ઉમેદવારો ૧૬મી પહેલાં નામ પરત લઈ શકે

તમને જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીને મુખ્યમંત્રી પદ પર બની રહેવા માટે વિધાનસભાની ચૂંટણી જીતવું જરૂરી છે. ચૂંટણી કમિશનના નિયમ અનુસાર કોઈપણ મુખ્યમંત્રીને ૬ મહિનાની અંદર વિધાનસભા અથવા વિધાન પરિષદના સભ્ય હોવું અનિવાર્ય છે. તે દ્રષ્ટિએ મમતા માટે આ ચૂંટણી મહત્વપૂર્ણ છે.





જાપાનમાં યોજાયેલા ટોકિયો-૨૦૨૦ પેરાલિમ્પિક્સની રવિવારે પૂર્ણાહુતિ થઈ હતી. તસવીરમાં ડાબેથી ટોકિયો-૨૦૨૦ પેરાલિમ્પિક્સ ગેમ્સના યોજાયેલા સમાપન સમારંભના પ્રારંભ દરમિયાન ઓકિ આટો દ્વારા ડિઝાઇન કરાયેલા પેરાલિમ્પિક કાઉલ ડ્રોનમાં પેરાલિમ્પિક મશાલ પ્રજ્વલિત કરાયેલી દશ્યમાન થાય છે. પછીની તસવીરમાં પેરાલિમ્પિકની પૂર્ણાહુતિ ટોકિયોના શિબુયા સ્કાય નિરીક્ષણ ડેસ્ક પરથી લીધેલી તસવીરમાં આતશબાજીથી સમગ્ર નેશનલ સ્ટેડિયમ ઝળહળી ઉઠેલું નજરે પડે છે.

# ટોક્યો પેરાલિમ્પિક ક્લોઝિંગ સેરેમની:ગોલ્ડન ગર્લ અવની લેખરા ભારતીય દળની ધ્વજવાહક રહી

ટોક્યો પેરાલિમ્પિકની ક્લોઝિંગ સેરેમનીમાં અવની લેખરા ભારતીય દળની ધ્વજવાહક રહી હતી. ૧૯ વર્ષની શૂટરે ટોક્યોમાં ગોલ્ડ સહિત ૨ મેડલ જીત્યા છે. અવનીએ SH1 કેટેગરીની ૧૦ મીટર એર પિસ્તોલમાં ગોલ્ડ મેડલ અને ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અવની સિવાય સિંહરાજે ટોક્યોમાં બે મેડલ જીત્યા. તેણે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ અને ૫૦ મીટર એર પિસ્તોલમાં સિલ્વર મેડલ જીત્યો છે.



ક્લોઝિંગ સેરેમનીમાં ભારતના ૧૧ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ૨૪ ઓગસ્ટના રોજ ઓપનિંગ સેરેમનીમાં ૫ એથ્લીટ્સે ભાગ લીધો હતો. ત્યારે શોટપુટર ટેકચંદ ધ્વજવાહક હતા. તેમણે હાઈજંપર મરિયપ્પન થંગાવેલુની જગ્યા લીધી. મરીયપ્પન હવાઈ મુસાફરી દરમિયાન કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. જે બાદ તેઓ ક્વોરન્ટીન થઈ ગયા અને તેમની જગ્યાએ ટેકચંદને ધ્વજવાહક બનાવવામાં આવ્યા હતા. બેડમિન્ટનને પહેલીવાર પેરાલિમ્પિકમાં સામેલ કરાયું હતું. તેવામાં ભારતના ૭ ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં ચાર ખેલાડીએ મેડલ જીત્યા છે. પ્રમોદ ભગત અને કૃષ્ણા નાગરે ગોલ્ડ તથા સુહાસ યથિરાજે સિલ્વર અને મનોજ સરકારે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

### ૧૯ મેડલ સાથે ભારતનું ઐતિહાસિક પ્રદર્શન

પેરાલિમ્પિક ગેમ દરમિયાન ૧૬૩ દેશોના લગભગ ૪૫૦૦ ખેલાડી ૨૨ ગેમની ૫૪૦ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તેવામાં ઈન્ડિયન ટીમના ભાગે અત્યારસુધી કુલ ૧૯ મેડલ આવી ચૂક્યા છે.



જાપાનમાં ટોકિયો-૨૦૨૦ પેરાલિમ્પિક્સના રવિવારે યોજાયેલા સમાપન સમારંભ દરમિયાન ભાગ લેનાર જુદા જુદા દેશોના ખેલાડીઓની નેશનલ સ્ટેડિયમ ખાતે યોજાયેલી પરેડ દરમિયાન ગોલ્ડન ગર્લ શુટર અવની લેખારા ભારતીય દળનું ધ્વજવાહક બની નેતૃત્વ કરી રહેલી નજરે પડે છે.



ન્યુયોર્કમાં રમાતી યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ્સના મહિલા સિંગલ્સની એક મેચમાં પ્રતિસ્પર્ધી ઓસ્ટ્રેલિયાની ખેલાડી એરલે ધ બાર્ટીને હરાવીને વિજેતા થયેલી અમેરિકાની શેલ્બી રોજર્સ જીતનો આનંદ વ્યક્ત કરી રહી છે.

## ભારતને પાંચમો ગોલ્ડ મળ્યો

# કૃષ્ણા નાગરે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી,તા.૫

ટોક્યો પેરાલિમ્પિકમાં કૃષ્ણા નાગરે ગોલ્ડ મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે. SH6 ક્લાસ ફાઈનલમાં કૃષ્ણા નાગરે હોંગકોંગના ચુ માન કેઈને ૨૧-૧૭, ૧૬-૨૧, ૨૧-૧૭થી હરાવ્યો. ટોક્યો પેરાલિમ્પિકમાં બેડમિંટનમાં આ ભારતનો ચોથો મેડલ છે.

ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતનો આ પાંચમો ગોલ્ડ મેડલ છે. કૃષ્ણા નાગર પહેલા બેડમિંટનમાં પ્રમોદ ભગત ગોલ્ડ, સુહાસ યતિરાજ સિલ્વર અને મનોજ સરકાર બ્રોન્ઝ મેડલ જીતી ચૂક્યા છે. તેની સાથે જ ટોક્યો ઓલમ્પિકમાં ભારતના મેડલોની સંખ્યા ૧૯ થઈ ગઈ છે. ભારતે અત્યાર સુધી ૫ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ભારત ટોક્યો પેરાલિમ્પિકમાં નિશાનેબાજીમાં ૫ અને બેડમિંટનમાં ૪ મેડલ જીતી ચૂક્યું છે. ટોક્યો પેરાલિમ્પિકમાં આ ભારતનો પાંચમો ગોલ્ડ મેડલ છે. ટોક્યો પેરાલિમ્પિકમાં કૃષ્ણા પહેલા પ્રમોદ ભગત (બેડમિંટન), મનીષ નરવાલ (નિશાનેબાજી), સુમિત અંતિલ (ભાલા ફેંક, અને અવનિ લેખરા (નિશાનેબાજી) ભારતને ગોલ્ડ અપાવી ચૂક્યા છે. કૃષ્ણા નાગર પેરાલિમ્પિક રમતોમાં ગોલ્ડ જીતનારો માત્ર આઠમો ખેલાડી છે. પેરાલિમ્પિક રમતોમાં ભારતને પહેલો ગોલ્ડ મુરલીકાંત પેટકરે વર્ષ ૧૯૭૨માં



અપાવ્યો હતો. ત્યારબાદ દેવેન્દ્ર ઝાઝરિયાએ એથેન્સ ઓલમ્પિક ૨૦૦૪ અને રિયો ઓલમ્પિક ૨૦૧૬માં ભાલા ફેંકમાં ભારતનો ગોલ્ડ અપાવ્યો. બીજી તરફ, રિયોમા; મરિયપ્પન થંગાવેલુએ હાઈ જમ્પમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. રાજસ્થાનના જયપુરના રહેવાસી ૨૧ વર્ષીય કૃષ્ણા નાગરે એપ્રિલમાં દુબઈમાં પેરા બેડમિંટન આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. નાગરે SH6 વર્ગમાં મેડલ જીત્યો છે જેમાં નાના કદના ખેલાડીઓ રમે છે. જ્યારે કૃષ્ણા માત્ર ૨ વર્ષનો હતો ત્યારે ડૉક્ટરોએ કહ્યું હતું કે તેની ઊંચાઈ નહી વધે. ઘરમાં બધા ભાઈ -બહેનો, માતા —પિતાની ઊંચાઈ સામાન્ય છે, પરંતુ કૃષ્ણ નાગરની ઊંચાઈ ૪.૬ ફૂટથી વધી શકી નથી. ટોક્યો પેરાલિમ્પિકમાં સુહાસ યતિરાજે સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે. SL4 ક્લાસ ફાઈનલમાં સુહાસ યતિરાજ ફ્રાન્સના લુકાસ માજૂર સામે હારતાં ગોલ્ડ મેડલ ચૂકી ગયા. માજૂરે સુહાસને ૧૫-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૫ થી હરાવ્યા. ટોક્યો પેરાલિમ્પિકમાં બેડમિંટનમાં આ ભારતનો ત્રીજો મેડલ છે. ગૌતમ બુદ્ધ નગર (નોઈડા)ના ૩૮ વર્ષીય જિલ્લાધિકારી સુહાસ પેરાલિમ્પિક રમતોમાં મેડલ જીતનારા પહેલા આઈએએસ અધિકારી પણ બની ગયા છે.

## બેડમિંટન SH6 ફાઈનલમાં કૃષ્ણા નાગરે હોંગકોંગના ચુ માન કેઈને હરાવી ગોલ્ડ મેડલ પોતાનો નામ કર્યો

# ઓસાકાએ ૧૮ વર્ષીય ખેલાડી સામે હાર્યા બાદ ગુસ્સામાં આવી રેકેટ તોડયું

ન્યુદિલ્હી, તા.૫

ડિફેન્ડિંગ ચેમ્પિયન જાપાનની નાઓમી ઓસાકાએ વર્ષના છેલ્લા ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં કેનેડાની ૧૯ વર્ષીય લીલા ફર્નાન્ડિઝ સામે પરાજય મળ્યા બાદ પોતે ટેનિસમાંથી બ્રેક લઈ રહી છે તેવી જાહેરાત કરી હતી. પરાજય બાદ ઓસાકા પોતાના ગુસ્સા ઉપર કાબૂ રાખી શકી નહોતી અને તેણે રેકેટ તોડી નાખ્યું હતું. પોઈન્ટ વચ્ચે વધારે



પડતો સમય લેવાના કારણે ખીચોખીચ ભરાયેલા સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકોએ તેનું હૂટિંગ પણ કર્યું હતું. કારકિર્દીમાં પ્રથમ વખત કોઈ ગ્રાન્ડસ્લેમના ચોથા રાઉન્ડમાં પહોંચેલી ૭૩ વર્ષીય લીલા ફર્નાન્ડિઝે ઓસાકાને ૫-૭, ૬-૭, ૬-૪થી હરાવી હતી. ઓસાકાએ જણાવ્યું હતું કે હું અનિતૃિ સમય માટે ટેનિસમાંથી બ્રેક લઈ રહી છું.

# નોઈડાના કલેક્ટર સુહાસ એલ યથીરાજે દેશને અપાવ્યો સિલ્વર

નવી દિલ્હી, તા.૫

Tokyo Paralympics માં ઉત્તર પ્રદેશના નોઈડા જિલ્લાના કલેક્ટરે ઈતિહાસ રચી દીધો છે. નોઈડામાં ડિસ્ટ્રીક મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા સુહાસ એલ યથીરાજે Badminton માં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો છે. ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગરમાં રહેતા નોઈડાના સુહાસ એલ યથીરાજે રવિવારે ટોક્યો પેરાલિમ્પિક્સમાં બેડમિન્ટનની રમતમાં શાનદાર પ્રદર્શન કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે.

બેડમિન્ટન મેન્સ સિંગલ્સ SL4 ની ફાઈનલ મેચમાં સુહાસ એલ યથિરાજે પ્રથમ ગેમ ૨૧-૧૫થી જીતી હતી, પરંતુ બીજી ગેમમાં ફ્રાન્સના લુકાસ મઝુરે ૨૧-૧૭થી જીત મેળવી હતી,



પછી ત્રીજી અને છેલ્લી ગેમમાં યથિરાજ ૧૫-૨૧થી હારી ગયા હતા. જેમાં તે ગોલ્ડ મેડલ જીતવાનું ચૂકી ગયો.

સુહાસ એલ.વાય.એ બેડમિન્ટનની રમતમાં શાનદાર પ્રદર્શન કરીને દેશ માટે સિલ્વર મેડલ હાંસલ કર્યો છે. તેમણે મેળવેલી આ સિદ્ધિ બદલ પ્રધાનમંત્રી મોદીએ પણ ટ્વીટ કરીને તેમને જીત બદલ શુભેચ્છા પાઠવી છે. પીએમ મોદીએ નોઈડાના કલેક્ટર સુહાસ એલ. યથીરાજ સાથેની પોતાની તસવીર ટ્વીટર પર શેયર કરીને અભિનંદન પાઠવ્યાં છે.

ટોક્યો પેરાલિમ્પિક્સમાં સુહાસ એલ યથિરાજની સફળતાને લઈને ભારતમાં ખુશીનું વાતાવરણ છે.તેની સાથે જ ખાસ કરીને તેમના જિલ્લા ગૌતમ બુદ્ધ નગર (નોઈડા) માં લોકો ઉજવણીમાં ડૂબી ગયા છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ, ઢસ સુહાસ ન્રૂ એ પોતાના નામે ઘણા મેડલ જીત્યા છે. બેઈજિંગમાં ૨૦૧૬ એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં વ્યાવસાયિક આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનાર તેઓ પ્રથમ ભારતીય અમલદાર બન્યા. તે સમયે તેઓ આઝમગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે કામ કરતા હતા. તેણે આ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ભારત અને સમગ્ર વિશ્વમાં તેનું નામ રોશન કર્યું. ૪ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે કુલ ૧૮ મેડલ હવે ભારતના ખાતામાં આવી ગયા છે.

## ત્રીજી અને છેલ્લી ગેમમાં યથિરાજ ૧૫-૨૧થી હારી ગયા હતા, જેમાં તેઓ ગોલ્ડ મેડલ જીતવાનું ચૂકી ગયા

### પેરાલમ્પિકમાં સિલ્વર જીતનાર સુહાસને વડાપ્રધાનની શુભેચ્છાઓ

નવી દિલ્હી , તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુહાસને શુભેચ્છા આપી છે. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, સેવા અને રમતનો અદ્ભૂત સંગમ! સુહાસ યથિરાજે પોતાના અસાધારણ પ્રદર્શનના કારણે આપણા સમગ્ર દેશની કલ્પના પર કબજો જમાવી લીધો છે. બેડમિન્ટનમાં સિલ્વર મેડલ જીતાડવા પર તેમને શુભેચ્છા. ભવિષ્યના પ્રયત્નો માટે શુભેચ્છાઓ.ભારતીય બેડમિન્ટન ખેલાડી અને ગૌતમ બુદ્ધ નગરના જિલ્લાધિકારી સુહાસ એલ યથિરાજે ટોક્યો પેરાલમ્પિકમાં સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે. રવિવારે તેમને બેડમિન્ટનની પુરૂષ સિંગલ્સ એસએલ૪ ફાઈનલમાં ફ્રાંસના વર્લ્ડ નંબર-૧ લુકાસ મજૂરે ૬૩ મિનિટમાં ૧૫-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૫થી હરાવ્યા હતા.



૪૭ વર્ષની ઉંમરે પણ ૨૧ વર્ષની યુવતિને શરમાવે તેવી ફિટનેસ ધરાવતી કામણગારી કાયાની માલિકન એક્ટ્રેસ મલાઈકા અરોરા પરિધાનની પસંદગીમાં પણ બોલીવુડમાં બોનાફાઈડ ફેશન દિવા તરીકે જાણીતી છે. તસવીરમાં ટીવી શો સુપરમોડેલ ઓફ ધ યર સીઝન-૨ના શુટિંગ દરમિયાન મલાઈકા અરોરા મેરમેઈડ મેકસી ગાઉનના કેજ્યુઅલ ડ્રેસમાં માદક અદામાં દશ્યમાન થાય છે.

### મૌની રોય માલદીવ રજાઓ માણવા ગઈ છે

# મૌની રોય નવા ફોટાથી ઈન્ટરનેટમાં છવાઈ ગઈ



એક્ટ્રેસ મોની રોયની ફિગરના વખાણ કરતા લોકો થાકતા નથી. તેના હાવભાવ પણ આ ફોટામાં કિલર લાગતા હતા. રૈંહૈ ઈંઅ ને દેખ્યા પછ લોકો પોતાની નજર હટાવી નથી શકતા. એક્ટ્રેસ મોની રોયની ફિગરના વખાણ કરતા લોકો થાકતા નથી. તેના હાવભાવ પણ આ ફોટામાં કિલર લાગતા હતા. મોની રોયને દેખ્યા પછી લોકો પોતાની નજર હટાવી નથી શકતા. એક્ટ્રેસ મોની રોયે પહેલા પણ રેજ બિકીનીમાં આ પ્રકારે ફોટો શૂટ કરાવ્યું છે. જેમાં તે વૃક્ષ પાસે ઉભી રહીને પોઝ આપતી જોવા મળી હતી, આ ફોટાઓએ સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી દીધી હતી. એક્ટ્રેસ મોની રોયના વાળ વિખરાયાલા જોવા મળે છે. આ સાથે તે પોતાની કાતિલ નજરોથી લોકોને ઘાયલ કરી રહી છે. એક્ટ્રેસ મોની રોયના ફેન્સ તેની ફિટનેસ અને ફિગરના ખૂબ વખાણ કરે છે. આમ તો મોની એ આ ફોટા પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યા છે. તેના ફોટા સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહ્યા છે. એક્ટ્રેસ મોની રોય વાંસના વૃક્ષના જંગલ વચ્ચે ઉભી રહીને પોઝ આપી રહી છે. કોઈ ફોટોમાં વૃક્ષનો સહારો લઈ રહી છે તો કોઈ ફોટોમાં તેની પાસે ઉભી રહીને પોઝ આપી રહી છે. એક્ટ્રેસ મોની રોય અત્યારના ફોટોશૂટના ફોટા સોશિયલ મીડિયા પર છવાયેલી છે. એક્ટ્રોસ માલદીવ રજાઓ મનાવા ગઈ છે. આ ફોટા ત્યાંના જ છે.

**મૌની રોયના વાળ વિખરાયાલા જોવા મળે છે, આ સાથે તે પોતાની કાતિલ નજરોથી લોકોને ઘાયલ કરી રહી છે**

# શમિતા શેટ્ટી પરિવારને યાદ કરીને રડી



સન્ડે કા વાર એપિસોડમાં રાકેશ બાપટ અને શમિતા શેટ્ટી એકબીજાથી જાણે દૂર હટી જ નહોતા શકતા. આજકાલ 'બિગ બોસ ઓટીટીના ઘરમાં શમિતા અને રાકેશની વધી રહેલી નિકટતા ખાસ્સી ચર્ચામાં છે. એવામાં બિગ બોસ તરફથી ટાસ્ક પણ મજેદાર આપવામાં આવ્યો હતો. ઘરના પુરુષ સભ્યોને પોતાની કનેક્શનની વિશેષ કાળજી રાખવાનો ટાસ્ક આપ્યો હતો. ત્યારે શમિતાને ખુશ કરવામાં રાકેશે કશું જ બાકી ના રાખ્યું. સૌથી પહેલા રાકેશ બાપટે શમિતા શેટ્ટીના નખ સાફ કર્યા અને પછી તેના ફૂટ અને પગમાં મસાજ આપવાનું ચાલુ રાખ્યું. 'સંચાલક' દિવ્યા અગ્રવાલ આ જોડીને જોઈને ખુશ થઈ હતી અને તેણે કહ્યું કે, તે આ બંનેને એકલા રહેવા દેવા માગે છે. રાકેશ દ્વારા આપવામાં આવી રહેલા મસાજ દ્વારા શમિતાને ખૂબ રાહત મળી અને તે બોલી ઉઠી, 'સ્વર્ગમાં હોઉં એવી અનુભૂતિ થાય છે. બાદમાં રાકેશે શમિતા માટે સ્વાદિષ્ટ ડિનર તૈયાર કર્યું હતું, જે તેણીને ખૂબ પસંદ આવ્યું. રાકેશ અને શમિતાએ રોમેન્ટિક સોન્ગ પર ડાન્સ કરતાં દિવ્યાએ તેમને ગળાડૂબ પ્રેમમાં હોવાનો ટેગ આપી દીધો. રવિવારના એપિસોડમાં શોના હોસ્ટ કરણ જોહરે પણ શમિતા અને રાકેશને ચીડવ્યા હતા. બંનેને કેમેસ્ટ્રી જોઈને કરણ ટિપ્પણી કરતાં પોતાની જાતને રોકી ના શક્યો. કરણે રાકેશને પૂછ્યું કે, શમિતા હોટ છે? ત્યારે તેણે કહ્યું, "સર, બહુ હોટ છે. તે ખૂબસૂરત છે, હોટ છે, કાળજી રાખનારી અને ઉત્તમ વ્યક્તિ છે." આ સાંભળીને શમિતા શેટ્ટી શરમાઈ ગઈ અને તેણે કહ્યું, 'કરણ આ શરમમાં મૂકનારું છે. કરણ આટલેથી ના અટક્યો. શમિતાએ રાકેશને કહ્યું હતું કે, વ્હાઈટ કુર્તામાં તે ક્યૂટ લાગે છે. જે બાદ શમિતાએ તેની પાસેથી કિસ માગી હતી. કરણે આ વાતનો ઉલ્લેખ કરતાં શમિતાને રાકેશ વિશે પૂછ્યું ત્યારે એક્ટ્રેસે કહ્યું, "હવે મને લાગે છે કે જમીનમાં ખાડો ખોદીને તેમાં છુપાઈ જવું જોઈએ." શમિતાએ આગળ વિસ્તારથી જવાબ આપતા કહ્યું, "તેણે કેટલીક મતલબી વાતો કરી હતી અને માટે મેં તેની પાસે કિસ માગી હતી." જોકે, કરણે શમિતાની વાત કાપી નાખતા કહ્યું, 'સ્કૂલના પ્રિન્સિપાલને ન શીખવીશ કે એ વાક્યનો અર્થ શું થાય છે.'

શમિતા અને રાકેશની જોડી સૌને પસંદ આવી રહી છે ત્યારે કરણે પણ તેમની મજા લીધી હતી.

**રાકેશ દ્વારા આપવામાં આવી રહેલા મસાજ દ્વારા શમિતાને રાહત મળી અને તે બોલી સ્વર્ગમાં હોઉ એવુ લાગે છે**

# કરીનાએ જેહનો ફોટો શેર કરતાં આલિયાએ પ્રેમ વરસાવ્યો

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર ખાને જેહ સાથે પોતાનો એક સુંદર ફોટો શેર કર્યા બાદ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જે જોત જોતામાં જ વાયરલ થઇ ગયો છે. બેબોએ તસવીર શેર કરી કારણ કે જેહ હવે છ મહિનાનો છે અને આ નાનકડાં બાળક માટે પ્રેમ, આનંદ અને હિંમત માંગે છે. આ તસવીર જોત જોતામાં જ વાયરલ થઇ ગઇ છે. ફેન્સ જેહ અને કરીનાની આ તસવીર પર ફિદા થઇ ગયા છે. અને તેનાં પર ખુબ બધી ઈમોજીસ અને કમેન્ટ્સ કરીને પોતાનાં દિલની વાત કરી રહ્યાં છે. આ બધામાં બોલિવૂડ સેલિબ્રિટીઝ પણ જેહ પર પ્રેમ વરસાવી રહ્યાં છે ત્યારે આલિયા ભટ્ટે પણ કરીના અને જેહની તસવીર પર કમેન્ટ કરી રિએક્શન આપ્યું છે. આલિયા ભટ્ટે કમેન્ટ સેક્શનમાં લખ્યું છે, OMG અને સાથે હાર્ટ ઈમોજીસ પણ શેર કર્યા છે. આલિયા ભટ્ટની આ કમેન્ટ જોત જોતામાં જ વાયરલ થઇ ગઇ. અને ફેન્સ આલિયાની આ કમેન્ટ પર જાત ભાતની કમેન્ટ્સ કરવાં લાગ્યા. સોશિયલ મીડિયા પર આલિયા ભટ્ટને યુઝર્સ 'જેહ કી મામી' કહીને સંબોધવા લાગ્યા.. વેલ આ વાત તો જગજાહેર છે કે, આલિયા અને રણબીર એકબીજાને ડેટ કરે છે અને રણબીર અને કરીના પિતરાઇ ભાઇ બહેન છે. બીજી તરફ, રણવીર સિંહે પણ કરીના અને જેહની આ તસવીર પર કમેન્ટ સેક્શનમાં હાર્ટ ઈમોજી શેર કરી છે.

# રિનોવેશનના અઢી વર્ષે સ્વરા ભાસ્કર ઘરમાં રહેવા ગઈ



બોલીવૂડ અભિનેત્રી સ્વરા ભાસ્કર હાલમાં ઘણી જ ખુશ છે અને તેની ખુશીનું કારણ છે તેનું ઘર. સ્વરા ભાસ્કરે તાજેતરમાં જ તેના 'નવા-જૂના ઘર'માં પ્રવેશ કર્યો છે. આ માટે તેણે ગૃહ પ્રવેશ પૂજા કરાવી હતી. સ્વરાએ ગત મહિને ૨.૫ વર્ષ બાદ પોતાના રિનોવેશન કરાવેલા ઘરમાં રહેવા આવી હતી. ગૃહ પ્રવેશની પૂજા સામાન્ય રીતે નવા ઘરમાં સુખ-સમૃદ્ધિ અને સુરક્ષા માટે કરવામાં આવે છે. જેમાં ભગવાન ગણેશની પૂજા કરવામાં આવે છે. સ્વરા ભાસ્કરે પોતાના ગૃહ પ્રવેશ પૂજાની તસ્વીરો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરી છે. સાડીમાં સજ્જ સ્વરા પૂજા કરતી જોવા મળે છે. બ્રાહ્મણ ગૃહ પ્રવેશની વિધી કરાવતા જોવા મળે છે. સ્વરા ભાસ્કરે તસ્વીરો સાથે કેપ્શન લખ્યું હતું કે, ભગવાને મંજૂરી આપી દીધી. બાદમાં તેણે હેશટેગ સાથે 'ગૃહ પ્રવેશ' લખ્યું હતું. અન્ય તસ્વીરોમાં સ્વરા એકદમ હળવા અંદાજમાં જોવા મળે છે. જેમાં તેણે પોતાના માથા પર કળશ લીધો છે. તેના કેપ્શનમાં સ્વરાએ લખ્યું હતું કે, પવિત્રતા અનુભવી રહી છું. સ્વરા ભાસ્કરના મિત્રોએ તેને આ માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વરા ભાસ્કરે ગત મહિને એક પોસ્ટ કરી હતી. જેમાં તે પોતાના ભાઈ ઈશાન ભાસ્કર સાથે પોતાના રિનોવેટેડ ઘરમાં જોવા મળે છે. તેણે લખ્યું હતું કે, અઢી વર્ષ બાદ મારા નવા 'જૂના' ઘરમાં પાછી ફરી. ફેબ્રુઆરી ૨૦૧૯ બાદ મારા ઘરમાં પ્રથમ રાત્રિ. સ્વરા ભાસ્કરને વાંચનનો ઘણો શોખ છે. તેણે પોતાના ઘરમાં એક ખાસ બૂકશેલ્ફ પણ બનાવડાવ્યું છે. જેમાં ઘણા પુસ્તકો જોવા મળે છે. તેણે તેની તસ્વીર પણ ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. સ્વરા ભાસ્કર તનુ વેડ્સ મનુ, રાંઝણા, વીર દી વેડિંગ અને શીર કોરમા જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે.

હવે તે જહાં ચાર યારમાં જોવા મળશે. સ્વરા ભાસ્કર પોતાની ફિલ્મો ઉપરાંત પોતાના નિવેદનોને કારણે પણ સમાચારોમાં રહેતી હોય છે. સરકારની નીતિઓ અંગે પોતાનો મત રજૂ કરીને તે ઘણી વખત ટ્રોલર્સનો શિકાર પણ બની છે.

**અભિનેત્રી સ્વરા ભાસ્કરે ગત મહિને જ પોતાના ભાઈ સાથે તેના નવા રિનોવેટેડ ઘરની તસ્વીર શેર કરી હતી**

# સામંથા-નાગાનાં ચાર વર્ષ જૂના લગ્ન તૂટવાની તૈયારીમાં?



સાઉથ સિનેમાની એક્ટ્રેસ અને નાગાર્જુનની વહૂ સમંથા અક્કિનેનીને વેબ સીરીઝ ધ ફેમિલી મેન ૨માં તેનાં દમદાર પરફોર્મન્સ માટે ઓળખવામાં આવે છે. ફિલ્મોની સાથે સાથે તે તેની પર્સનલ લાઈફ માટે પણ ઘણી ચર્ચામાં છે. ખરેખરમાં, ગત કેટલાંક દિવસો પહેલાં તેણે તેનાં નામની પાછળથી અક્કિનેની હટાવી દીધુ હતું. જે બાદથી એવી ચર્ચાઓ શરૂ થઇ ગઇ છે કે, તેણે તેનાં પતિ નાગા ચૈતન્ય સાથેનાં સંબંધો તુટવાની કગાર પર છે. આ મામલે એક્ટ્રેસે રિએક્શન પણ આપ્યું છે. ઘણાં મીડિયા રિપોર્ટ્સ મુજબ, સમંથા અક્કિનેની અને નાગા ચૈતન્યાનાં સંબંધો લગ્નનાં ચાર વર્ષ બાદ તુટવા પહોચ્યાં છે. તેમનાં સંબંધોમાં ખટાશ આવી ગઇ છે. બંને એક્ટર્સ અંગે આ સમાચાર પણ છે કે, તેઓ હવે સાથે નથી. જોકે, મીડિયામાં બંને તરફથી કોઇ જ ઓફિશિયલ સ્ટેટમેન્ટ જાહેર કરવામાં આવ્યું નથી. સામંથાએ એક ઈન્ટરવ્યૂમાં તેનાં અને નાગા ચૈતન્યનાં સંબંધ અંગે વાત કરી છે. તેણે તેનાં સંબંધનાં તુટવાં પર સવાલ કર્યા તો તેણે ફાલતૂ સવાલોનાં જવાબ નથી આપતી. તેમ કહ્યું હતું. એક્ટ્રેસે એમ પણ કહ્યું કે, જો સૌ કોઇ પોતાનો મત રાખવાનો અધિકાર ધરાવે છે. તો તેને પણ પોતાની રાય મુકવાનો અધિકાર છે. સામંથાએ તેની વાત આગળ વધારતાં કહ્યું કે, તે કોન્ટ્રોવર્સી સામે તેનું મગજ ખરાબ નથી કરતી. અને તેને કહ્યું કે, ગોસિપ્સ સેલિબ્રિટી લાઈફનો નાનકડો હિસ્સો છે. તો ખબરમાં, નાગ ચૈતન્ય અંગે કહેવામાં આવે છે કે, તે કથિત રીતે પ્રોડ્યુસર અને મીડિયાને તેનાં સવાલો અને ફોન કોલ્સથી બચી રહ્યાં છે. જે તે અને તેની પત્નીનાં સંબંધ અંગે સવાલ કરે છે. આપને જણાવી દઈએ કે, નાગા ચૈતન્ય અને સામંથા અક્કિનેની તરફથી લગ્નમાં આવેલી ખટાશ અંગે કોઇ જ અધિકૃત નિવેદન જાહે કરવામાં આવ્યું નથી. નાગા ચૈતન્ય અને સામંથા અક્કિનેનીએ ૬ ઓક્ટોબર ૨૦૧૭માં થયા હતાં. કપલએ પહેલાં દક્ષિણ ભારતીય અને પછી ક્રિશ્ચન બંને રીતિ રિવાજથી લગ્ન કર્યા હતાં.



જ્હોન અબ્રાહમ સાથે ફિલ્મ ફોર્સથી બોલીવુડમાં ડેબ્યુ કરનાર એકટર વિદ્યુત જામવાલે ફેશન ડિઝાઈનર નંદિતા મહતાની સાથે ત્રણ દિવસ પહેલા જ સગાઈ કરી બંને આગ્રા સ્થિત ઐતિહાસિક સ્મારક તાજમહેલની મુલાકાતે ગયા છે. આગ્રામાં તાજમહેલ પરિસરમાં બંનેની તસવીરો વાયરલ થઈ છે.

# મિતાલી નાગ શો 'ગુમ હૈ કિસી કે પ્યાર મેં' માં પાછી ફરશે



ગત માસમાં ગુમ હૈ કિસી કે પ્યાર હૈના ફેન્સને જ્યારે જાણવા મળ્યું કે એક્ટ્રેસ મિતાલી નાગે શૉ છોડવાનો નિર્ણય લીધો છે તો તેઓ ચોંકી ગયા હતા. મિતાલી નાગે એકાએક શૉ છોડવાનો નિર્ણય લીધો હતો. આ સીરિયલમાં તે નીલ ભટ્ટની બહેન દેવયાની દેશપાંડેના રોલમાં જોવા મળતી હતી. મિતાલીએ નિર્માતા સાથે ક્રિએટીવ મતભેદો થવાને કારણે શો છોડવાનો નિર્ણય લીધો હતો. તે સીરિલયના ટ્રેકથી ખુશ નહોતી. જો કે, તેના અને મેકર્સ વચ્ચેના મતભેદોનું નિરાકરણ આવી ગયું છે અને તેણે શોમાં પાછા ફરવાનો નિર્ણય લીધો છે. મિતાલી નાગે જણાવ્યું કે, જ્યારે મેં શૉ છોડવાનો નિર્ણય લીધો તો મારા માટે તે સરળ નિર્ણય નહોતો. મને લાગ્યું કે દેવયાનીના કેરેક્ટર અને ટ્રેકના તમામ પાસાઓને દર્શાવવામાં આવી ચૂક્યા છે, અને આગળ સ્કોપ ઘણો ઓછો હતો. આ જ કારણે મેં દેવયાનીનું પાત્ર અને શૉ છોડવાનો નિર્ણય લીધો. અત્યાર સુધી કરવામાં આવેલા તમામ નિર્ણયોમાં તે સૌથી મુશ્કેલ નિર્ણય હતો. શૂટિંગનો અંતિમ દિવસ ૧૨ જુલાઈના રોજ હતો. મિતાલી નાગર જણાવે છે કે, શોના ફેન્સ દ્વારા તેને સતત મેસેજ કરવામાં આવ્યા, જેના કારણે તેણે પોતાના નિર્ણય પર ફરીથી વિચાર કર્યો. મેકર્સે પણ મારું રાજીનામું સ્વીકાર નહોતું કર્યું. આ જ કારણે હું મીડિયા સાથે આ બાબતે કોઈ વાત નહોતી કરતી. દર્શકોના પ્રેમને કારણે હું મારા નિર્ણય પર વિચાર કરવા માટે મજબૂર થઈ ગઈ. મિતાલી જણાવે છે કે, હું ગુમ હૈ કિસી કે પ્યાર હૈના દર્શકોને પ્રાથમિકતા આપીશ કારણકે તે સકારાત્મકતાના નિરંતર સ્રોત હતા. સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર તેમણે મને ઘણો પ્રેમ આપ્યો છે, અને મારા નિર્ણય પર ફરીથી વિચાર કરવા માટે પ્રેરિત કરી છે. તેમણે મને જણાવ્યું કે, દેવયાની શૉમાં ટકી રહે તે તેમના માટે ઘણું જરૂરી છે. નિર્માતાઓએ પણ મને આશ્વાસન આપ્યું કે એક્ટર તરીકે શૉને મારી જરુર છે. માટે મેં શૉ સાથે જોડાયેલા રહેવાનો નિર્ણય લીધો.

**શોમાં મિતાલી દેવયાની દેશપાંડેનો રોલ કરે છે**

## વિદ્યાર્થીને જ્ઞાનવાન અને ઈન્સાન બનાવે એ જ સાચી વિદ્યા:રાજ્યપાલ

# શિક્ષકો માત્ર સરકારી કર્મચારી નથી, રાષ્ટ્રના ઘડવૈયા છે:મુખ્યમંત્રી

**અમદાવાદ તા.૫**

**આજે પાંચમી સપ્ટેમ્બર-શિક્ષકદિને શહેરના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહને સંબોધતા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, વિદ્યાર્થીને જ્ઞાનવાન અને ઈન્સાન બનાવે એ જ સાચી વિદ્યા છે. તેઓએ કહ્યું કે, બાળકના શારીરિક જન્મમાં માતા-પિતાની ભૂમિકા હોય છે. પણ તેના માનસ ઘડતરમાં તો શિક્ષકની જ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે.**

## શિક્ષણની ગુણવત્તામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર:ચુડાસમા

આ અવસરે ભારતીય શિક્ષણ પરંપરાનો મહિમા વર્ણવતા રાજ્યપાલએ જણાવ્યું હતું કે, ભારતીય વિચાર પરંપરા સમૃધ્ધ હતી. તેથી જ અનેક વિદેશી આક્રમણો છતાં ભારતીય સંસ્કૃતિ પર તેની અસર થઇ ન હતી. પણ અંગ્રેજોએ ભારતમાં સ્થાયી શાસન માટે સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન કર્યું. જેના પગલે ભારતીય માનસિકતા દિન-હિન બની. અંગ્રેજ જાણતા હતા કે ભારતમાં શાસન કરવા માટે શિક્ષણ વ્યવસ્થાને બદલવી પડશે. અન્યથા તે શાસન કરી શકશે નહિ.

આ અંગ્રેજ શાસનકાળની જુની-પુરાણી શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન આણાવ માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ અમલી બનાવેલી નવી શિક્ષણ નીતિની પણ તેમણે પ્રસંશા કરી હતી. તેમણે ઉમેર્યું કે, ભારતમાંથી અંગ્રેજો તો ગયા છે, પણ અંગ્રેજીયત ગઇ નથી.

આ અવસરે રાજ્યપાલએ ગુજરાતના વિકાસનો શ્રેય રાજ્યની સભ્યતા અને સંસ્કૃતિને આપ્યો હતો અને ગુજરાતને દારુબંધીના કાનૂન માટે અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, શિક્ષક એ માત્ર સરકારી કર્મચારી નથી. પણ એ રાષ્ટ્રનો ઘડવૈયો છે. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે, જયારે આપણે શાળામાં બાળકને પૂછીએ છીએ કે તે મોટો થઇને શું બનવાં માગે છે ? ત્યારે બાળક તરત જ



શિક્ષકના વ્યવસાય પર પસંદગી ઉતારે છે. કારણ કે તેનો આદર્શ શિક્ષક જ હોય છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે વાલીઓ અને શિક્ષકોને શિક્ષણ પ્રત્યેનો અભિગમ બદલવા માટે અનુરોધ કરતાં કહ્યું કે, કોઇ પણ રાષ્ટ્રના વિકાસનો પાયો શિક્ષણ છે અને આ પાયારૂપ શિક્ષણની જવાબદારી શિક્ષકના શીરે છે. તેમણે રાષ્ટ્રની ઉન્નતિના પાયામાં નવા ચાર (ઈનોવેશન) રહેલો છે. અને આ નવાચાર માટે આપણે પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત કરવો રહ્યો. તેમણે વધુમાં ઉમર્યું હતું કે, શિક્ષકમાં નિર્માણ અને પ્રલય બંનેની તાકાત રહેલી છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શિક્ષકોને અભિનંદન પાઠવતા કહ્યું કે, કોરોનાકાળમાં શિક્ષકોએ ઉત્તમ કામગીરી કરી તેમજ શાળા બંધ હોવા છતા શિક્ષણ ચાલુ રાખ્યું. તેમણે ગુજરાતમાં શિક્ષણની ઉત્તમ કામગીરી કરી તેમજ શાળા બંધ હોવા છતા શિક્ષણ ચાલુ રાખ્યું. તેમણે ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તામાં થયેલા સુધારાનો ઉલ્લેખ ખરતાં કહ્યું કે,ગુજરાત ભારતમાં શિક્ષણક્ષેત્રના પર્ફોમિન્સ ઈન્ડેક્સ ગ્રેડિંગમાં ‘એ પ્લસ’ લાવ્યું છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. પણ આપણે ‘એ ડબલ પ્લસ’ ગ્રેડિંગ માટે સંકલ્બ બદ્ધ બનીએ.

## ગીરગઢડા તાલુકાના થોરડી ગામની ઘટના

# શિક્ષકદિને શિક્ષકનો શાળામાં ફાંસો

ઉના તા.૫

આજે શિક્ષક દિને જ ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના થોરડી ગામ ખાતેની શાળામાં જ એક શિક્ષકએ ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધાની કરૂણ ઘટના બની હોવાનું સામે આવતા શિક્ષકગણોમાં શોકની લાગણી પ્રસરી ગઇ છે.

આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી જઇ તપાસ હાથ ધરતા એક સુસાઇડ નોટ મળી આવી છે. જેમાં મૃતક શિક્ષકએ બે ટીપીઓ (તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી) અને એક આચાર્યના ત્રાસથી જીવન ટૂંકાવ્યાનું પગલું ભર્યું હોવાનો સનસનીખેજ વિગતો લખી છે. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતકની દીકરીએ જણાવ્યું છે કે, આત્મહત્યા કરતાં પહેલા સ્યૂસાઇડ નોટ વોટ્સએપ કરી હતી જેમાં આ લોકોએ માનસિક રીતે ટોર્ચર કર્યા એટલે આ પગલું ભરે છે તેમ લખ્યું હતું.

વિશ્વમાં આજે શિક્ષક દિનની ઠેર-ઠેર ઉજવણી થઇ રહી છે. તેવા સમયે ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના થોરડી ગામએ શિક્ષકએ શાળામાં જ ફાંસો ખાધાની કરૂણ ઘટના સામે આવી છે. જેની



**આપઘાત અગાઉ પુત્રીને વોટ્સએપ કરી હતી સ્યુસાઇડ નોટ**

પ્રાપ્ત વિગત મુજબ આજે બપોરના સમયે ગીરગઢડા તાલુકાના થોરડી ગામની શાળામાં ફરજ બજાવતા શિક્ષક ઘનશ્યામભાઈ અમરેલીયાએ શાળાના જ ઓરડામાં પંખા પર દોરડા વડે લટકી ગળે ફાંસો ખાઇ લીધો હતો.

દરમ્યાન શાળાના સ્ટાફનું ધ્યાન પડતા તુરંત જ પોલીસને જાણ કરી હતી. જેના પગલે પોલીસ અધિકારી સ્ટાફ સાથે દોડી આવી તપાસ હાથ ધરેલ હતી. જયારે શિક્ષકના મૃતદેહ પીએમ અર્થે ખસેડવામાં આવેલ હતો. જેમાં શિક્ષક ઘનશ્યામભાઈએ ગળાફાંસો ખાતા પહેલા લખેલ એક સુસાઇડ નોટ પોલીસને મળી આવી હતી.

પોલીસને મળી આવેલ સ્યૂસાઇડ નોટમાં મૃતક શિક્ષક ઘનશ્યામભાઈએ બે ટીપીઓ અને એક આચાર્ય દ્વારા તેમની પાસેથી મોટી રકમની માંગણી કરી ત્રાસ આપતા હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. જયારે મળી આવેલ સ્યૂસાઇડ નોટમાં શિક્ષકની કોઇ સહી ન હોવાથી મૃતક શિક્ષકે જ સુસાઇડ નોટ લખી છે કે કેમ તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**બે ટીપીઓ અને આચાર્યના ત્રાસથી જીવન ટૂંકાવ્યું હોવાની અંતિમ ચિઠ્ઠી મળી**

# શહેરમાં બે આપઘાત

અમદાવાદ તા.૫

શહેરના રિવરફ્રન્ટ અને શાહપુર ખાતે આપઘાતના બે બનાવ બન્યા હતા. જાણવા મળતી માહિતી અનુસાર શહેરના વાસણા ખાતેના યોગેશ્વરનગર વિ-ર માં રહેતા ૨૫ વર્ષના કિરણ સોલંકીએ સવારના ૮-૫૦ વાગ્યા પહેલા એનઆઇડી પાછળ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આપઘાત કરતા રિવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**રિવરફ્રન્ટ, શાહપુરની ઘટના**

જયારે શાહપુરના નાગોરીવાડ ખાતેના બળીયાદેવ ચોકમાં રહેતા ૩૮ વર્ષના જયેન્દ્રભાઇ દાતણીયાએ સવારના ૧૧-૩૦ વાગ્યા પહેલા તેઓના ઘેર લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ લેતા શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજ્યમાં કોરોનાના ૧૪ કેસ

અમદાવાદ તા.૫

રાજ્યમાં આજે કોરોના (કોવિડ-૧૯)ના ૧૪ કેસ નોંધાયા હતા. જોકે, આજે કોઈપણ દર્દીનું મોત નીપજયું ન હતું. જાણવા મળતી માહિતી અનુસાર રાજ્યમાં હાલ કોરોના (કોવિડ-૧૯)ના ૫ દર્દી વેન્ટીલેટર ઉપર છે. જયારે ૧૪૧ દર્દી સ્ટેબલ છે. આજે વડોદરા કોર્પોરેશન વિસ્તારમાં ૪, ગ્રામ્યમાં નવો કેસ નોંધાયો હતો. સુરત કોર્પોરેશન વિસ્તારમાં ૩ અને ગ્રામ્યમાં ૨ કેસ નોંધાયા હતા. અમદાવાદ કોર્પોરેશન, ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં ૧-૧ કેસ નોંધાયો હતો. આ

**એક પણ દર્દીનું મોત ન થયું**

ઉપરાંત નવસારીમાં ૧ નવો કેસ નોંધાયો હતો.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૬ દર્દી સાજા થતા ડીસ્ચાર્જ કરાવ્યા હતા. દાહોદમાં ૭ દર્દીને ડિસ્ચાર્જ કરાયા હતા. વડોદરા કોર્પોરેશન, સુરત કોર્પોરેશન, વિસ્તારમાં, ગ્રામ્યમાં ૧-૧ દર્દીને ડિસ્ચાર્જ કરાયા હતા. અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ૩ દર્દીને ડિસ્ચાર્જ કરાયા હતા. ગઈકાલ સાંજના ૫ થી આજે ૪ વાગ્યા દરમ્યાન કુલ ૪,૮૦,૪૧૦ વ્યક્તિઓનું રસીકરણ થયું હતું. રાજ્યમાં રીકવરી રેટ હાલ ૯૮.૭૬ નોંધાયો હતો. હાલ સુધીમાં રાજ્યમાં કુલ ૪,૯૧,૦૩,૪૫૩ વ્યક્તિઓએ કોરોનાની રસી લીધી હતી.

# અમરેલી, અબડાસા અને રાપર પંથકમાં વરસાદી માહોલ સર્જાયો

અમદાવાદ તા.૫

હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં



વાતાવરણમાં પલટો આવ્યો હતો. કચ્છના અબડાસા રાપર પંથકમાં, અમરેલી પંથકમાં તેમજ કપડવંજ ખાતે આજે વરસાદી માહોલ સર્જાયો હતો. અમરેલીના રાજુલા સહિતના વિસ્તારોમાં આજે હળવોથી ભારે વરસાદ પડયો હતો. ત્યાંની નદીમાં પણ પાણીની આવક થઇ હતી. પૂર્વ કચ્છના રાપર અને અબડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘમહેર થઇ હોવાનું જાણવા મળ્યું હતું. અબડાસાના ભવાનીપર, બારા, નલીયા, લાખણીયા, ગાડથરા વિસ્તારમાં વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. બારા પાસેની નદી બે કાંઠે થઇ જતા પાણીના વહેણના કારણે તે તરફનો માર્ગ બંધ થઇ જતા જનજીવન ખોરવાયું હતું. રાપર અને તેની આજુબાજુના ગામોમાં બપોરે વરસાદ પડયો હતો.

મધ્ય ગુજરાતના કપડવંજ ખાતે પણ આજે વરસાદ પડયો હતો. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. પરંતુ અસહ્ય ઉકળાટના લીધે શહેરીજનો મુશ્કેલીમાં મુકાયા હતા. આગામી બે દિવસમં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે આપી હતી.

**દ.ગુજરાત સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી : કપડવંજમાં પણ વરસાદ**

## શહેરમાં સૌથી વધુ પ્રદુષણ ફેલાવતા

# પીરાણા ડમ્પિંગ સાઈટ ખાતે વૃક્ષો વાવી ઓક્સિજન પાર્ક બનાવાયો

અમદાવાદ તા.૫

શહેરમાં સૌથી મોટી સમસ્યા અને જયાંથી સૌથી વધુ પ્રદુષણ શહેરમાં ફેલાય છે. એવી પીરાણા ડમ્પિંગ સાઇટ પરથી શહેરને શુદ્ધ ઓક્સિજન- હવા મળે તેવું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે.

પીરાણા ડમ્પિંગ સાઇટમાં ખુલ્લી કરેલી ૨૪ એકર જગ્યામાં હાલ અલગ-અલગ વૃક્ષોના ૧ હજાર છોડ વાવી અને ઓક્સિજન પાર્ક બનાવવામાં આવી રહ્યો છે. જેમ જેમ જગ્યા ખુલ્લી થશે તેમ છોડ વાવવામાં આવશે. પીરાણા સાઇટ પર આશરે દોઢ કરોડ મેટ્રિક ટન જેટલો કચરો ભેગો થયેલો છે. જેમાંથી અત્યાર સુધીમાં ૪૫



લાખ મેટ્રિક ટન જેટલો કચરો દૂર કરવામાં આવ્યો છે.

જાણવા મળતી માહિતી અનુસાર પીરાણા ડમ્પિંગ સાઇટની ખુલ્લી જગ્યાને ઓક્સિજન પાર્ક બનાવવાનો મ્યુનિસિપલ કમિશ્નરે નિર્ણય લીધો હતો. જેથી આજે ખુલ્લી થયેલી જગ્યામાં પીપળો, વડ, લીમડો જેવા વૃક્ષોના ૧ હજાર જેટલા છોડ વાવવામાં આવ્યા છે.

આ સાઇટ પર અસંખ્ય વૃક્ષો વાવી અને ઓક્સિજન પાર્ક ઉભો કરાશે અને શહેરને શુદ્ધ ઓક્સિજન આપી પ્રદૂષણમુક્ત કરવામાં આવશે.

આજે પીરાણા ડમ્પિંગ સાઇટ પર રોજ ૫૦ ટ્રોમિલ મશીનથી ૩૦૦ મેટ્રિક ટન અને ૮ ટ્રોમિલ મશીન ૧૦૦૦ મેટ્રિક ટન કચરો સાફ કરે તેવા છે. રોજનો ૫૮ ટ્રોમિલ મશીનથી ૧૩૦૦ મેટ્રિક ટન જેટલો કચરો રોજ દૂર કરવામાં આવે છે. ચોમાસાની ઋતુમાં પણ ૧૫ થી ૨૦ હજાર મેટ્રિક ટન કચરો દૂર કરવામાં આવે છે. ૮૫ એકર જમીનમાં ફેલાયેલા કચરાના ડુંગરમાંથી ૨૪ એકર જમીનમાં કચરો દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

પીરાણા સાઇટ પર આશરે દોઢ કરોડ મેટ્રિક ટન જેટલો કચરો ભેગો થયેલો છે. જેમાંથી અત્યાર સુધીમાં ૪૫ લાખ મેટ્રિક ટન જેટલો કચરો દૂર કરવામાં આવ્યો છે. ૨૪ એકર જમીન ખુલ્લી કરતા જે કચરો નીકળ્યો છે. તેને પૂરાણ કરવામાં વાપરવામાં આવે છે. પ્લાસ્ટિક પણ અલગ તારવવામાં આવ્યું છે જેનો વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટમાં વાપરવામાં આવશે.

**ખુલ્લી કરાયેલી જગ્યામાં હજાર જેટલા પીપળો, વડ, લીમડો વાવવામાં આવ્યા; ૪૫ લાખથી વધુ મેટ્રીક ટન કચરો હટાવાયો : અસંખ્ય વૃક્ષો વાવવામાં આવશે**

# ઉસ્માનપુરાના વેપારીને ત્યાંથી રૂા.૬૯ લાખની ચોરી કરનારા ઝડપાયા

અમદાવાદ તા.૫

શહેરના ઉસ્માનપુરા ખાતે વેપારીના ત્યાંથી તસ્કરો રૂા.૬૯,૪૨,૦૦૦ ની મત્તાની ચોરી કરી ફરાર થઇ ગયા હતા તે બાબતે પોલીસે કુખ્યાત ત્રિપુટીને ઝડપી લાખોનો ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો.




જાણવા મળતી માહિતી અનુસાર શહેરના ઉસ્માનપુરા ખાતેની પંચશીલ સોસાયટીના બંગલા નં.૪૦ માં રહેતો વેપારીનો પરિવાર રક્ષાબંધન હોવાથી દિલ્હી ગયો હતો. દરમ્યાનમાં ગત તા. ૨૭ ઓગસ્ટના રોજ તેમના મકાનની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશી કોઇએ રૂા. ૨૦ લાખ અને દાગીના મળી કુલ રૂા. ૬૯,૪૨,૦૦૦ ની મત્તાની ચોરી કરી હતી. તે અંગે વાડજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી.

ડીસીબીના એડી.પોલીસ કમિશ્નર પ્રેમવીરસીંગ, ડીસીપી ચૈતન્ય મંડલીકની સુચના અને એસીપી ડી.પી.ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પીઆઇ સી.બી.ટંડેલ, પીએસઆઇ ગુર્જરની ટીમે બાતમીના આદારે પાલડીના મહાલક્ષ્મી પાંચ રસ્તા ખાતેથી ઓટોરીક્ષા સાથે કિરણ ઉર્ફે હોઠાળો કરસનભાઇ વાઘેલા (ઉ.વ.૨૪) વિજય કિશનભાઇ દંતાણી (ઉ.વ.૨૫ બન્ને રહે. ન્યુ ગણેશનગર, ભાઠાગામ, વાસણા ) અને જયેશ ઉર્ફે બડીયો રૂપસિંહ દાતણીયા (ઉ.વ.૩૧ રહે. જયુપીટર મીલના ઔડાના મકાનમાં દુધેશ્વરને) ઝડપી પાડયા હતા. તેમજ તેઓની પાસેથી રૂા. ૭,૮૦,૦૦૦ સોનાની ૧૦ ચેઇન, ૨૯ વીંટીઓ, ૨૧ જોડ બુટ્ટી, સોના-ચાંદીના સિક્કા, સોનાના ૮ પાટલા, ૨ મંગળસૂત્ર, ૬ પેન્ડન્ટ, ઓટોરીક્ષા મળી કુલ રૂા. ૬૯,૦૦,૩૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલ વિજય અને જયેશ અગાઉ ઘરફોડના ગુનામાં પકડાયા હતા.



અમદાવાદમાં મેટ્રો રેલનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.★★★

# નારોલમાં સ્કૂટર ચાલકને ધમકી આપી લૂંટ ચલાવી

અમદાવાદ તા.૫

શહેરના શાહવાડીમાં રહેતા આધેડ સ્કૂટર ચાલકને નારોલ ખાતે ધમકી આપી રૂા. ૯૮ હજારની લૂંટ ચલાવી રીક્ષાચાલક સહિત બે ફરાર થઇ ગયા હતા.

જાણવા મળતી માહિતી અનુસાર શહેરના શાહવાડી ગામના આંબેડકરવાસ ખાતે રહેતા ૫૫ વર્ષના દિનેશભાઇ પરમાર રાત્રે ૧૦-૩૦ વાગ્યે નારોલ-વટવા ટર્નીંગ બ્રિજ નીચેથી સ્કૂટર લઇ ઝઇ રહ્યા હતા. ત્યારે એક ઓટોરિક્ષાના ચાલક તેમજ રિક્ષામાં બેઠેલા પુરુષે તેઓને આંતરી ધમકી આપી હાથમાં પહેરેલી સોનાની લકી, સોનાની ૩ વીંટી અને મોબાઇલ ફોન મળઈ કુલ રૂા. ૯૮ હજારની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. તે અંગે નારોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ હતી.

# ગાંધીનગર અને રાજકોટમાં વધુ બે ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજુર કરતા રૂપાણી

ગાંધીનગર તા.૫

**મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સુઆયોજિત નગર આયોજનની દિશામાં આગળ વધતા વધુ બે ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી આપી છે. તદ્દનુસાર, મુખ્યમંત્રીએ ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ગુડા) ની ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી આપી છે.**

## શહેરી વિકાસ વિભાગના અધિકારીઓને શકય તે ઝડપથી ટીપી સ્કીમો પૂર્ણ કરવા આપી સૂચના

તદ્દનુસાર, મુખ્યમંત્રીએ ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ગુડા) ની ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૨૬ (વાસણા-હડમતિયા-ઉવારસદ-વાવોલ)ની આશરે ૧૦૦ હેકટર્સ વિસ્તારની ટી.પી.ને મંજુરી આપી છે.

ગુડાની આ ટી.પી.થી જાહેર સુવિધા માટે આશરે ૩૨,૧૮૭ ચો.મી. જમીન, બાગ બગીચા અને ખુલ્લી જગ્યા માટે ૩૪,૭૩૮ ચો.મી. તથા સ્કુલ માટે ૧૨૯૬૫ ચો.મી. જમીન ઉપરાંત સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાણ માટે ૧૨,૭૪૬ ચો.મી. જમીન પ્રાપ્ત થશે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજકોટ શહેરની સ્માર્ટ સીટીની પ્રિલીમીનરી ટી.પી.સ્કીમ નં.૩૨ (રૈયા)ને પણ મંજુરી આપી છે.

સપ્ટેમ્બર-૨૦૧૮ માં જ મંજુર કરાયેલ આશરે ૩૬૭.૦૦ હેકટર્સનું વિશાળ ક્ષેત્રફળ ધરાવતી આ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમની પ્રારંભિક યોજનાને પણ તેમણે મંજુરી આપતા રાજકોટમાં નવા રેસકોર્સ વિસ્તાર તરીકે પ્રસિધ્ધ સ્માર્ટ સીટીની આ સ્કીમમાં વિકાસની વિપુલ તકો ઉભી થયેલ છે.

સ્માર્ટ સીટીની સદર સ્કીમમાં ઘણાં પહોળા રસ્તાઓનું આયોજન કરાયેલ છે. જેમાં ૨૪.૦૦ મીટર, ૩૬.૦૦ મીટર, ૪૫.૦૦ મીટરથી ૬૦.૦૦ મીટર સુધીનું રસ્તાકીય માળખુ સુચિત છે. વધુમાં આ ટી.પી.માં સામાજિક માળખાગત સુવિધાઓ માટે આશરે ૪,૦૮,૫૫૧ ચો.મી. પ્લોટ, સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના રહેણાંક માટે ૧,૨૬,૫૬૫ ચો.મી.ના પ્લોટ તથા ખુલ્લી જગ્યા, બગીચા માટેના આશરે ૧,૭૬,૨૨૧ ચો.મી.ના પ્લોટ તથા વેચાણના હેતુ માટે ૧,૩૯,૬૦૪ ચો.મી. જમીન સંપ્રાપ્ત થશે.

JAIHIND - AHMEDABAD, REGD. No. GAMC-127/2021-2023, Valid upto 31-12-2023. R.N.I. Regn. No. 6301/62 • Daily Posted at Ahmedabad RMS/3